દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 114 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ- ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 May 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
ગુરુવાર, ૧૫ મે ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પાકિસ્તાનના ‘મિત્ર’ ચીન અને તુર્કી સામે ભારતના આકરાં પગલાં

## તુર્કી સાથેના વેપાર પર પણ પ્રતિબંધનો નિર્ણય

નવી દિલ્હીઃ ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી ફેલાવવા બદલ ભારતે ચીન અને તુર્કીના સોશિયલ અકાઉન્ટ બ્લૉક કરી દીધા છે.

બ્લૉક કરવામાં આવેલા સોશિયલ અકાઉન્ટમાં ગ્લોબલ ટાઈમ્સ, શિનહુઆ અને ટીઆરટી વર્લ્ડનો પણ સમાવેશ થાય છે.

જોકે ઈન્સ્ટાગ્રામ અને વૅબસાઈટ અકાઉન્ટ બંધ કરવામાં નથી આવ્યા.

પુણેના વેપારીઓએ તુર્કી સફરજનનો તો એશિયાના સૌથી મોટા માર્બલ કેન્દ્ર તરીકે ઓળખાતા ઉદયપુરના વેપારીઓએ તુર્કીથી માર્બલ આયાત ન કરવાનો નિર્ણય લીધો છે.

પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારતે પાકિસ્તાનના વિવિધ સ્થળે કરેલા હવાઈહુમલાના જવાબમાં પાકિસ્તાને ભારતીય યુદ્ધવિમાન તોડી પાડ્યું હોવાનાં પ્રકાશિત કરેલા અહેવાલની ચીનસ્થિત ભારતીય એલચી કચેરીએ ફૅક્ટ-ચૅક પર ચકાસણી કરતાં આ અહેવાલ ખોટા હોવાનું જણાઈ આવ્યા બાદ ચીનની સોશિયલ મીડિયા સાઈટ ગ્લોબલ ટાઈમ્સ, શિનહુઆ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગેરમાર્ગે દોરનારાં આ અહેવાલમાં પાકિસ્તાને ભારતનું ત્રીજું યુદ્ધવિમાન તોડી પાડ્યું હોવાનું જણાવવામાં આવ્યું હતું. આ અહેવાલ અંગે પ્રતિક્રિયા આપતાં ચીનસ્થિત ભારતીય એલચી કચેરીએ ચીનને જણાવ્યું હતું કે આ પ્રકારના ખોટા

(જુઓ પાનું ૨) ▶▶

## આતંકીઓ પર મહેરબાન પાકિસ્તાન સરકાર, જૈશના વડા મસૂદ અઝહરને આપશે ₹ ૧૪ કરોડ

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનની શાહબાજ શરીફની સરકાર આતંકવાદીઓ પર મહેરબાન જોવા મળી હતી. પાકિસ્તાનની સરકાર વૈશ્વિક આતંકવાદી મસૂદ અઝહરને ૧૪ કરોડ રૂપિયાનું વળતર આપી શકે છે. પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓ સામે ભારતીય સેના દ્વારા કરવામાં આવેલા ઓપરેશન સિંદૂરમાં મસૂદનો આખો પરિવાર માર્યો ગયો હતો. મસૂદ અઝહરના પરિવારના ૧૦ સભ્યો અને ૪ નજીકના સાથીઓ માર્યા ગયા હતા. હવે શાહબાઝ શરીફની સરકારે તેમને ૧૪ કરોડ રૂપિયાનું વળતર આપવાનો નિર્ણય લીધો છે, જે દર્શાવે છે કે પાકિસ્તાનની સરકાર આતંકવાદીઓને કેવી રીતે મદદ કરી રહી છે.

નોંધનીય છે કે ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ

(જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનથી છૂટું પડ્યું બલૂચિસ્તાન

### પોતાને આઝાદ દેશ જાહેર કરી ભારત સહિત વિશ્વના દેશો પાસે ટેકો માગ્યો

ક્વેટાઃ બલોચ નેતા મીર યાર બલોચએ બુધવારે જાહેરાત કરી હતી કે બલૂચિસ્તાન હવે આઝાદ છે અને તે પાકિસ્તાનનો હિસ્સો નથી. બલૂચિસ્તાનની આઝાદીની ઔપચારિક જાહેરાત તેમણે કરી હતી.

દાયકાઓથી ચાલતી હિંસા, બળજબરીપૂર્વક લોકોને ગાયબ કરી દેવા અને માનવઅધિકારનો ભંગ જેવી બાબતોને તેમણે આ માટે કારણરૂપ લેખાવ્યું હતું. સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં તેમણે લખ્યું હતું કે બલૂચિસ્તાનના લોકોએ તેમનો રાષ્ટ્રીય નિર્ણય લઈ લીધો છે અને વિશ્વએ આ મામલે હવે ચૂપ ન રહેવું જોઈએ એમ જણાવી તેમણે ભારત સહિત વિશ્વભરના દેશોને આ નિર્ણયને સમર્થન આપવાની અપીલ કરી છે.

સોશિયલ મીડિયા પર કરેલી ભાવુક અપીલમાં તેમણે લખ્યું હતું કે તમે મારશો, પરંતુ અમે અલગ થઈ જશું કેમ કે અમે અમારી ભાવિ પેઢીને બચાવવા નીકળ્યા છીએ. આવો અને અમારો સાથ આપો.

પાકિસ્તાનના કબજા હેઠળના બલૂચિસ્તાનમાં લોકો રસ્તા પર ઉતર્યા છે અને તેમણે નિર્ણય લીધો છે કે બલૂચિસ્તાન હવે પાકિસ્તાનનો હિસ્સો નથી.

વિશ્વ હવે મૂક પ્રેક્ષક બનીને ન રહી શકે, એમ તેમણે કહ્યું હતું.

(જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાને ૨૧ દિવસ બાદ બીએસએફના જવાનની ભારતને સોંપણી કરી

અમૃતસરઃ બંને દેશ વચ્ચેની પંજાબસ્થિત આંતરરાષ્ટ્રીય સરહદ પાસે પાકિસ્તાની રેન્જર્સ દ્વારા ધરપકડ કરવામાં આવ્યાના ૨૧ દિવસ બાદ પાકિસ્તાને બીએસએફના જવાન પૂર્ણમકુમાર શૉને બુધવારે ભારતને સોંપ્યો હતો.

બીએસએફના પ્રવક્તાના જણાવ્યાનુસાર પાકિસ્તાની રેન્જર્સે શાંતિપૂર્ણ રીતે અને તમામ શિષ્ટાચારનું પાલન કરી બુધવારે સવારે ૧૦:૩૦ વાગે અમૃતસર જિલ્લાસ્થિત અટારી ચેક પૉસ્ટ ખાતે પૂર્ણમકુમારની ભારતને સોંપણી કરી હતી.

જાહેર કરવામાં આવેલી તસવીરમાં પૂર્ણમકુમાર વધેલી દાઢી, વિખેરાયેલા વાળ અને રાઉન્ડ નૅકવાળા ગ્રીન ટી-શર્ટમાં જોવા મળ્યો હતો.

ફિરોઝપુર સેક્ટરમાં ૨૩ એપ્રિલે ફરજ બજાવતી વખતે અજાણતા જ પાકિસ્તાનની સરહદમાં પ્રવેશેલા પૂર્ણમકુમારને પાકિસ્તાની રેન્જર્સે પકડી લીધો હતો.

અધિકારીઓના જણાવ્યાનુસાર પૂર્ણમકુમારનું સંપૂર્ણ શારીરિક ચૅકઅપ અને મૅડિકલ ટૅસ્ટ કરવામાં આવશે.

પૂર્ણમકુમારનું કાઉન્સેલિંગ પણ કરવામાં આવશે અને એ દરમિયાન તેને ૨૧ દિવસ અટકાયતમાં રાખવામાં આવ્યો હોવા સંબંધિત અમુક પ્રશ્નો પણ પુછવામાં આવશે.

પૂર્ણમકુમારને તાત્કાલિક અસરથી ફરજ પર લેવામાં નહીં આવે.

પૂર્ણમકુમાર પ. બંગાળના હુગલી જિલ્લાના રિશરાનો વતની છે. (એજન્સી)

## પહલગામ હુમલાની આફ્ટર ઈફેક્ટ: હજારો લોકોની આજીવિકા છીનવાઈ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ તાજેતરમાં જ કરવામાં આવેલા પહલગામ આતંકવાદી હુમલાએ પર્યટન ક્ષેત્રને આઘાતજનક આંચકો આપ્યો છે. પહલગામ હુમલાની અસરના ભાગરૂપ હજારો લોકોની આજીવિકા છીનવાઈ ગઈ છે અને લોકો બેરોજગારીને સામનો કરી રહ્યા છે.


એક સમયે પર્યટકોની ચહલપહલથી ગૂંજતો આ પ્રદેશ હવે વિરાન બની ગયો છે. પર્યટન ઉદ્યોગ પર આધાર રાખતા ૫,૦૦૦ જેટલા ઘોડાચાલક અને ૬૦૦ વાહન માલિક બેકાર અને બેરોજગાર બની ગયા છે.

એક સમયે પર્યટન ગતિવિધિઓને કારણે જીવંત કેન્દ્ર રહેલો અનંતનાગનો પહલગામ વિસ્તાર હવે વિરાન જણાઈ રહ્યો છે. ૨૬ નિર્દોષ લોકોનો ભોગ લેનાર પહલગામ આતંકવાદી હુમલાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે.

સિઝનના આરંભમાં જ આ હુમલો થયો હતો. હૉટલ, પરિવહન, હસ્તશિલ્પ, ફોટોગ્રાફી અને સ્થાનિક બજાર સાથે જોડાયેલા વ્યવસાયો માટે આ સિઝન મહત્ત્વનો સમયગાળો

(જુઓ પાનું ૨) ▶▶

## જો કોઈ આપણને છંછેડશે તો તેને છોડીશું નહીં: તિરંગા યાત્રામાં યોગીનો પાકિસ્તાન પર પ્રહાર



**તિરંગા યાત્રાઃ**
ભારતીય સેના સાથે એકતા દર્શાવવા લખનઊમાં બુધવારે યોજાયેલી ‘તિરંગા યાત્રા’માં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. (એજન્સી)

લખનઊઃ જમ્મુ-કાશ્મીરના પહલગામ ખાતે પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાનો ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂરથી બદલો લીધો હતો. સેનાએ તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા દેશભરમાં ૨૩ મે સુધી રાષ્ટ્રવ્યાપી તિરંગા યાત્રા યોજાશે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે લખનઊમાં તિરંગા યાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. જે બાદ તેમણે સંબોધનમાં કહ્યું, સમગ્ર ભારત દેશની સેનાના બહાદુર જવાનોને અભિનંદન આપવા આતુર છે. ભારતીય સેનાએ પાકિસ્તાનના ઈરાદા પર પાણી ફેરવ્યું હતું. ઓપરેશન સિંદૂરની સફળતા માટે પીએમ નરેન્દ્ર મોદીને અભિનંદન આપીએ છીએ.

આ ઘટના અંગે પાકિસ્તાન મૌન રહ્યું હતું. આતંકી હુમલા અંગે તમામ પુરાવા આપવા છતાં પાકિસ્તાને તેની ભૂમિકાથી ઈનકાર કર્યો હતો. ઓપરેશન સિંદૂરના પહેલા જ દિવસે ૧૦૦થી વધારે આતંકીને મારવામાં આવ્યા હતા. ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપીને સાબિત કર્યું કે, જો કોઈ આપણને છંછેડશે તો તેને છોડીશું નહીં.

એક સમય એવો આવશે કે પાકિસ્તાનને આતંકવાદ જ ભરડો લઈ ચુક્યું હશે. આજે પાકિસ્તાન પાયમાલ થઈ ગયું છે. પાકિસ્તાનના પ્રધાન તથા સૈન્ય અધિકારી કેવી રીતે આતંકીઓના જનાજામાં સામેલ થયા તે સમગ્ર વિશ્વએ જોયું હતું. તિરંગા યાત્રા ભારતના શૌર્ય તથા પરાક્રમનું પ્રતીક છે.

**સુરક્ષાનાં પગલાંઃ**
બર્ડ ફ્લૂ ફેલાય તેવી સંભાવનાને ધ્યાનમાં રાખીને સુરક્ષાનાં પગલાં લેતાં ઉત્તર પ્રદેશના ઈટાવાહસ્થિત લાયન સફારીને ૧૪થી ૨૦ મે સુધી એટલે કે સાત દિવસ મુલાકાતીઓ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. (એજન્સી)



## જસ્ટિસ બી.આર. ગવઈએ આગામી સીજેઆઈ તરીકે શપથ લીધા

નવી દિલ્હી : જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ની જોગવાઈઓને રદ કરવાના કેન્દ્રના નિર્ણયને સમર્થન આપતી ખંડપીઠ સહિત અનેક ઐતિહાસિક ચુકાદા આપનાર ખંડપીઠના સભ્ય રહી ચૂકેલા જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ બુધવારે ભારતના બાવનમા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા હતા.

રાષ્ટ્રપતિ ભવનના ગણતંત્ર મંડપમાં એક સંક્ષિપ્ત સમારોહમાં ૬૪ વર્ષીય જસ્ટિસને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શપથ લેવડાવ્યા હતા.

તેઓ જસ્ટિસ સંજીવ ખન્નાનું સ્થાન લેશે, જેમણે મંગળવારે ૬૫ વર્ષની વયે પદ છોડ્યું હતું.

૨૪ મે, ૨૦૧૯ના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે બઢતી પામેલા જસ્ટિસ ગવઈનો કાર્યકાળ છ મહિનાથી વધુ રહેશે અને તેઓ ૨૩ નવેમ્બરના રોજ પદ છોડશે.

જસ્ટિસ ગવઈએ હિન્દીમાં શપથ લીધા હતા.

શપથ લીધા પછી તરત જ, જસ્ટિસ ગવઈએ તેમની માતા કમલ તાઈ ગવઈના પગ સ્પર્શ કરીને તેમના આશીર્વાદ લીધા હતા.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય પ્રધાનો અને ભૂતપૂર્વ ન્યાયાધીશોએ તેમનું સ્વાગત કર્યું હતું.

શપથ ગ્રહણ સમારોહમાં કેન્દ્રીય પ્રધાનો - રાજનાથ સિંહ, અમિત શાહ, જે પી નડ્ડા અને અર્જુન રામ મેઘવાલ તથા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



**શપથગ્રહણઃ**
દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે બુધવારે યોજાયેલા સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈને દેશના બાવનમા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથગ્રહણ કરાવ્યાં હતાં. (એજન્સી)

## જમ્મુ કાશ્મીરમાં આતંકીઓ વિરુદ્ધ પોલીસની મોટી કાર્યવાહીઃ ૧૧ સ્થળોએ છાપેમારી, ૧૫૦ લોકો રડારમાં

શ્રીનગર : જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ પોલીસ અને સુરક્ષા દળોએ આતંકવાદીઓની શોધખોળ તેજ કરી છે. જેમાં છેલ્લા બે દિવસમાં પોલીસ અને સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન તેજ કર્યું છે. જેમાં પહલગામ હુમલાના આતંકીઓને શોધવા પોસ્ટર જાહેર કર્યા છે. તેની બાદ પોલીસે શ્રીનગરમાં ૧૧ સ્થળોએ છાપેમારી કરી છે.

જમ્મુ-કાશ્મીર પોલીસે આતંકવાદીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી શરૂ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર ૨૨ એપ્રિલના હુમલા બાદ ૧૫૦ આતંકી અને તેમના મદદગારના ઘરો પર છાપેમારી કરવામાં આવી છે. પોલીસ આ કાર્યવાહી આતંકવાદીઓને સમર્થન કરનારા માળખાને તોડી પાડવા માટે કરી રહી છે. જેના પગલે સતત સર્ચ ઓપરેશન અને એક્શન લેવામાં આવી રહ્યા છે. જેમાં અનેક આતંકીઓના ઘર અને છુપાવાના સ્થાનને પણ તોડી પાડવામાં આવ્યા છે.

જમ્મુ-કાશ્મીર પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત પ્રતિબંધિત આતંકી સંગઠનોના સાથે સબંધ ધરાવતા લોકોને ટ્રેક કરવામાં આવી રહ્યા છે. તેમની પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસ તેમની પર યુએપીએ કાયદા હેઠળ કેસ નોંધીને તેની તપાસ કરી રહી છે. જે સંદર્ભે ૧૧ સ્થળોએ છાપેમારી કરવામાં આવી હતી.

આ ઉપરાંત ભારતીય સેનાએ પોતાની સોશિયલ મીડિયા પ્રોફાઈલ એક્સ પર પોસ્ટ કરીને તેની સત્તાવાર જાહેરાત કરી છે. જેમાં મંગળવારે ઓપરેશન કેલર હેઠળ ત્રણ આતંકવાદીને ઠાર કરવામાં આવ્યાં હોવાની પણ ભારતીય સેના દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે.



**ઍન્કાઉન્ટરઃ**
જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં બુધવારે સેના અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં લશ્કરે તૈયબાના ત્રણ આતંકવાદી ઠાર મરાયા હતા. ઠાર મરાયેલા આતંકવાદીઓ પાસેથી કબજે કરવામાં આવેલી જીવંત કારતૂસ દર્શાવી રહેલા સુરક્ષા અધિકારીઓ. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચીન સાથે વ્યાપાર કરાર, ટ્રમ્પ મહિનામાં હાંફી ગયા

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીન પર આકરા ટૅરિફ લાદવાની જાહેરાત કરી ત્યારે બહુ ફડાકા માર્યા હતા. ટ્રમ્પે ઉપરાછાપરી ટૅરિફ લાદીને ચીન હવે પછી અમેરિકાની ભલમનસાઈનો દુરૂપયોગ નહીં કરી શકે એવા દાવા કરેલા. ટ્રમ્પે ચીનને દબાવવા માટે ધડાધડ ટૅરિફ લાદીને ટૅરિફનો દર ૧૫૦ ટકાને પાર કરાવી દીધો હતો, પણ એક મહિનામાં તો ટ્રમ્પ હાંફી ગયા અને ચીન સાથે પાછી દોસ્તી કરી લીધી. મજાની વાત એ છે કે, ચીનને પતાવી દેવાની વાતો કરનારા ટ્રમ્પે સામેથી ચીન સાથેનો વ્યાપાર પૂર્વવત્ કરવા દોસ્તીનો હાથ લંબાવ્યો અને તેના પગલે સ્વિટ્ઝર્લૅન્ડના જીનિવામાં અમેરિકા અને ચીન વચ્ચે ચાલેલી મંત્રણાના અંતે સોદાબાજી થઈ ગઈ છે.

જીનિવામાં બે દિવસની વાતચીત બાદ બંને દેશો વચ્ચે થયેલા કરાર પ્રમાણે બંને દેશો એકબીજા પર આકરા ટૅરિફ હમણાં સ્થગિત કરશે અને ભવિષ્યમાં કઈ રીતે વ્યાપાર કરવો તેનું નવું મિકેનિઝમ તૈયાર કરશે. ગયા મહિને ટ્રમ્પે ચીની માલ પર ૧૪૫ ટકા ટૅરિફ લાદ્યો હતો, ચીને પણ અમેરિકન માલ પર ૧૨૫ ટકા સુધીનો ટૅરિફ લાદ્યો હતો. વિશ્વની બે સૌથી મોટી આર્થિક મહાસત્તા વચ્ચેનો વાર્ષિક ૬૦૦ અબજ ડૉલરનો વેપાર લગભગ બંધ થઈ ગયો હતો અને બંનેની આર્થિક હાલત ખરાબ થવા માંડી હતી. છેવટે ટ્રમ્પે નમતું જોખતાં બંને વચ્ચે પાછી દોસ્તી થઈ ગઈ.

ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકાનું પ્રમુખપદ સંભાળતા જ આખી દુનિયામાં ટૅરિફ વૉર છેડી દીધી હતી અને ચીન સહિતના દેશો સૌથી પહેલાં અમેરિકાના ટૅરિફનો વાર લાગ્યો હતો. ટ્રમ્પે ચીનમાંથી ફેન્ટાનિલ ઠાલવવામાં આવે છે અને તેના કારણે અમેરિકાનું યુવાધન બરબાદ થઈ ગયું છે એવો દાવો કરીને યુનાઇટેડ સ્ટેટ્સમાં ફેન્ટાનિલ સંકટને નેશનલ ઈમરજન્સી જાહેર કરી હતી.

ચીન પર દોષારોપણ કરીને ફેબ્રુઆરીમાં ચીનના માલ પર ૨૦ ટકા ટૅરિફ લાદ્યો હતો. એ પછી એપ્રિલમાં ટ્રમ્પે ચીની ઈમ્પોર્ટ પર ૩૪ ટકા રેસિપ્રોકલ ટૅરિફ લાદ્યો કેમ કે ચીનમાં અમેરિકાના માલ પર ૩૪ ટકા ટેક્સ લગાવાયો છે. ચીને અમેરિકા સામે ઝૂકીને ડ્યૂટી ઘટાડવાનો ઈનકાર કરતાં ટ્રમ્પ એ પછી ટૅરિફ પર ટૅરિફ લાદતા ગયા અને ટૅરિફ દર ૧૫૦ ટકાની આસપાસ પહોંચી ગયો.

ડોનલ્ડ ટ્રમ્પે વટને ખાતર ચીનના માલ પર જંગી ટૅરિફ તો લાદી દીધો પણ એક પખવાડિયામાં જ ટ્રમ્પે પારોઠનાં પગલાં ભરવા માંડ્યાં હતાં અને અમેરિકા હાંફવા માંડ્યું હતું. ટ્રમ્પના ટૅરિફ વારના જવાબમાં ચીને વળતો હુમલો કરીને જેવા સાથે તેવાનું વલણ અપનાવેલું. ચીને પણ સામે અમેરિકાના માલ પર ૧૨૫ ટકા ટૅરિફ ઠોકી દેતાં બઘવાઈ ગયેલા ટ્રમ્પે પારોઠનાં પગલાં ભરવાની શરૂઆત કરીને ચીનની ઈલેક્ટ્રોનિક્સ આઈટમ્સ પરનો ટૅરિફ મોકૂફ રાખવાની જાહેરાત કરાઈ હતી.

યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન દ્વારા એક ડઝનથી વધુ ચીનની પ્રોડક્ટ્સને ટ્રમ્પ દ્વારા ૨ એપ્રિલથી ચીન પર લાદવામાં આવેલા ટૅરિફમાંથી મુક્તિ આપવામાં આવી હતી. ટ્રમ્પે પહેલાં ચીનનાં કમ્પ્યુટર્સ, લેપટોપ, ડિસ્ક ડ્રાઇવ્સ અને ઓટોમેટિક ડેટા પ્રોસેસિંગ સાધનો પર તોતિંગ ટૅરિફ લાદેલો, પણ પછી ગુલાંટ લગાવીને કહી દીધેલું કે, અમેરિકા ચીનના આ માલ પર હવે કોઈ ટૅરિફ નહીં લાદે. આ ઉપરાંત સ્માર્ટફોન, મેમરી કાર્ડ્સ, સેમિકન્ડક્ટર ડિવાઇસ, સોલર સેલ, મૉડેમ, રાઉટર્સ અને ફ્લેટ પેનલ ડિસ્પ્લે પર પણ અમેરિકામાં કોઈ ટૅરિફ નહીં લાગે એવી જાહેરાત કરાઈ હતી.

ટ્રમ્પે ગુલાંટ લગાવીને આ નિર્ણય લેવો પડ્યો કેમ કે ચીનના માલ પર લાદવામાં આવેલા ટૅરિફના કારણે અમેરિકાની એપલ, માઈક્રોસોફ્ટ, એચપી, ઈન્ટેલ, એનવીડિયા સહિતની મોટી કંપનીઓની હાલત બગડી ગઈ હતી. ચીનના માલ વિના આ કંપનીઓ પ્રોડક્ટ ના બનાવી શકે એવું નહોતું પણ એ રીતે પ્રોડક્ટ બનાવવા જાય તો બહુ મોંઘી પડે તેથી તેમણે કકળાટ કરી દીધેલો. અમેરિકાની કંપનીઓ ભારત સહિતના દેશોમાં પ્રોડક્ટ તૈયાર કરાવડાવે તો પણ પાર્ટ્સ તો ચીનમાંથી જ આવવાના છે તેથી ચીન પરની નિર્ભરતા ઘટવાની નહોતી.

ચીને ગરજનો લાભ ઉઠાવીને આ ચીજોના ભાવ વધારી દીધેલા તેથી ચીનની પ્રોડક્ટ મોંઘા ભાવે મળે તેથી બીજે બનાવડાવો તો પણ પ્રોડક્ટ મોંઘી જ પડે ને સરવાળે બધો ભાર કન્યાની કેડ પર એટલે કે સામાન્ય ગ્રાહક પર આવે. ભાવ વધે એટલે વેચાણ ઘટે ને અંતે કંપનીઓની આવક ઘટે તેથી ટ્રમ્પે ઝૂકવું પડ્યું હતું. ટ્રમ્પને એમ હતું કે, અમેરિકા ઝૂક્યું એટલે ચીન પણ નરમ પડશે તેથી અમેરિકા અને ચીન વચ્ચેનો વ્યાપાર ધીરે ધીરે પહેલાં જેવો થવા માંડશે.

ચીનના શી જિનપિંગે ટ્રમ્પની બધી ગણતરીઓ ઊંધી વાળી દીધી અને નમવાના બદલે અમેરિકાના માલ પર ટૅરિફની જાહેરાતોમાં કોઈ રાહત ના આપી. તેના કારણે લગભગ ૬૦૦ અબજ ડૉલરનો અમેરિકા અને ચીન વચ્ચેનો વેપાર લગભગ ઠપ્પ થઈ ગયો છે અને તેમાં વધારે નુકસાન અમેરિકાને થઈ રહ્યું છે. ચીનના માલ વિના અમેરિકાની મોટી મોટી કંપનીઓનું પ્રોડક્શન અટકી ગયું છે અને અમેરિકાની નિકાસ ખોરવાઈ ગઈ છે. અમેરિકાને જોરદાર આર્થિક ફટકો પડી રહ્યો છે તેથી ટ્રમ્પે જખ મારીને ચીન સાથે સમાધાન કરવું પડ્યું છે.

ચીન અને અમેરિકા વચ્ચેના વ્યાપાર કરારને પશ્ચિમનું મીડિયા ટ્રમ્પની મોટી જીત ગણાવે છે, પણ વાસ્તવમાં આ ચીનની જીત છે. ચીને અમેરિકાને મહિનામાં જ હંફાવી દઈને સાબિત કર્યું છે કે, હવે અમેરિકા દુનિયાનો દાદો નથી અને ચીનને દબાવવાની તાકાત અમેરિકા પાસે પણ નથી. એક અઠવાડિયા પહેલાં ટ્રમ્પે ચીન સાથે વ્યાપાર કરારના સંકેત આપ્યા હતા અને કહ્યું હતું કે, ચીન પર લાદવામાં આવેલા ટૅરિફ ઘટાડી શકે છે. ટ્રમ્પે સ્વીકારેલું કે વર્તમાન ટૅરિફ દર એટલા બધા છે કે બંને દેશોએ એકબીજા સાથે વેપાર કરવાનું બંધ કરી દીધું છે. ચીન પરનો ટેક્સ ઘટાડવામાં નહીં આવે તો તેમની સાથે વેપાર કરવાનું શક્ય બનશે નહીં.

ટ્રમ્પે પડ્યા પછીય ટંગડી ઉંચી રાખતાં કહેલું કે, ચીનનું અર્થતંત્ર હાલમાં મુશ્કેલીમાં છે અને ચીનમાં ફેક્ટરીઓ ૨૦૨૩ પછી સૌથી ખરાબ સ્થિતિમાં છે. એક્સપોર્ટના ઓર્ડરમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે અમેરિકા અને ચીનના વ્યાપાર કરારને જોતાં તો ચીન કરતાં વધારે ખરાબ હાલત અમેરિકાની હોય એવું લાગી રહ્યું છે અને ચીન કરતાં વધારે ગરજ અમેરિકાને હોય એવું લાગી રહ્યું છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, ગુરુવાર, તા. ૧૫–૫–૨૦૨૫,
વિંછુડો સમાપ્તિ, ભદ્રા

- ભારતીય દિનાંક ૨૫, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ વદ –૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ–૩
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૮મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર જયેષ્ઠા બપોરે ક. ૧૪–૦૭ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં બપોરે ક. ૧૪–૦૭ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૧, સ્ટા. ટા.
- –: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ બપોરે ક. ૧૩–૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૧૫ (તા. ૧૬)
- ઓટઃ સવારે ક. ૦૬–૪૮, રાત્રે ક. ૧૯–૩૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,

'વિશ્વાવસુ' નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – તૃતીયા. અગસ્ત્ય અસ્ત, વિંછુડો સમાપ્તિ બપોરે ક. ૧૪–૦૮, ભદ્રા બપોરે ક. ૧૫–૨૦ થી મધ્યરાત્રિ પછી ક. ૨૮–૦૪ (તા. ૧૬).

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ. જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ગુરુ–બુધ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, વાહન, ચંત્રારંભ, પશુ લે–વેંચ, ખેતીવાડી, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ હિસાબમાં પારંગત, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ નાણાવ્યવહારમાં સાવધાની જરૂરી, ગુરુ–રાહુ ચતુષ્કોણ વિચારો દર્શાવવામાં બેધ્યાનપણું, ચંદ્ર–શનિ ચતુષ્કોણ સંઘર્ષનો માર્ગ પસંદ કરે, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ શેરબજારમાં રુચિ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ, ગુરુ–રાહુ ચતુષ્કોણ, ચંદ્ર–શનિ ચતુષ્કોણ, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ (તા. ૧૬), બુધ ભરણી નક્ષત્ર પ્રવેશ, ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૫ અંશ ૨ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ/વૃષભ, મંગળ–કર્ક, બુધ–મેષ, ગુરુ–વૃષભ /મિથુન, શુક્ર–મીન, શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# પીડિતની બદ્દુઆ અને કંજૂસે આ આફતો ભોગવ્યે છૂટકો

**અરબસ્તાનની** માતૃભાષા અરબી છે અને ઇલાહી કિતાબ- ઈશ્વરીય ગ્રંથ કુરાન કરીમની ભાષા પણ અરબી હોઈ તે અરબી પયગંબર હઝરત મુહંમ્મદ સાહેબ પર ઉતરી છે, આ અરબી ભાષાનો એક પ્રચલિત શબ્દ છે 'બખીલ' જેનો ગુજરાતી ભાષામાં સરળ અર્થ થાય છે 'કંજૂસ.'

– હઝરત ઈમામ અબુબક્ર સિદ્દિક તેમના એક ખુત્બા (ધાર્મિક પ્રવચન)માં કહે છે કે,

* 'બખીલ- કંજૂસ શખસ આ સાત આફતો માંની એકેય આફતમાંથી બચી શકતો નથી....!'

– એ પછી ઉપસ્થિત સહાબી- ઈમાન- આસ્થા લાવનારાઓએ એ સાત આફતો આ મુજબ કહી સંભળાવીઃ

* બખીલ મૃત્યુ પામશે ત્યારે તેના વારસો કાંતો તેનો જમા કરેલો માલ નાજાઈઝ- હરામના કામમાં ઉડાવી દેશે અથવા- અને ગુનાહના માર્ગમાં ખર્ચી નાખશે અથવા અલ્લાહ કોઈ ઝાલિમ (દયા વગરનો) હુકુમતકર્તાને તેના પર સ્થાપિત કરી દેશે, તે ઝાલિમ (હુકુમતકર્તા- બાદશાહ) તેને ઝલીલ- અપમાનીત કરીને તેનો માલ છીનવી લેશે!

– યા તો તે કંજૂસમાં અલ્લાહ એવી કોઈ મનોકામના પેદા કરી દેશે, જેથી તે તેનો માલ બરબાદ કરી દેશે.

* અથવા તેને કોઈ મકાન બાંધવાનો અથવા કોઈ વિરાન જમીન આબાદ કરવાનો તેને વિચાર આવશે અને એ રીતે માટી અને પથ્થરોમાં તેનો માલ ચાલ્યો જશે.

* અથવા કોઈ દુન્યવી આફતથી દાખલા તરીકે ડૂબીને, સળગીને અથવા ચોરી થઈને તેનો માલ જતો રહેશે.

* અથવા તેને કોઈ કાયમની બીમારી લાગુ પડી જશે અને પછી તેના ઈલાજમાં જ તેનો માલ ખર્ચાઈ જશે.

* અથવા તે માલને કોઈ જગાએ દાટી દઈને પછી તે ભૂલી જશે. પછી તે માલ તેને મળશે નહીં...!

સુજ્ઞ વાચકો! બખીલ (કંજૂસ)ની શી વલે થશે તે આપણે જોયું.

સૃષ્ટિના સર્જનહારે માલ આપ્યો છે તે રાહે ખુદા (ઈશ્વરના બતાવેલા માર્ગ)માં ખર્ચ કરવા માટે આપ્યો છે, નહીં કે ભેગો કરીને તેને દરરોજ જોવા માટે!

અલ્લાહે આપેલી નેઅમતો (ઈશ્વરની દેણગી)ની સહી ઉપયોગ શુક્રાને નેઅમત (અલ્લાહનો આભારી) વિરુદ્ધની નાસ્તિકતા) છે.

ઉપર કહેલી આફતો કંજૂસે ભોગવ્યા સિવાય છૂટકો નથી, અને આવો જ હાલ પીડિતની બદ્દુઆનો છે. મઝલુમની બદ્દુઆ ત્વરિત દરબારે ઈલાહીમાં કબૂલ થઈ જવાના કિસ્સા આ કટારના સંપાદકે જોયા છે. જે પથ્થરની લકીર છે. પથ્થર પર દોરેલી લીટી કદી ભૂંસાતી હોતી નથી એ જ પ્રમાણે મઝલુમ- પીડિતે આપેલી દુઆ રબ તઆલા ત્વરીત કબૂલ કરે છે.

– અગાઉના વખતમાં લોકો પર તરત જ પ્રકોપ આવી પડતો હતો. ઉમ્મત (અનુયાયી, પ્રજા) પર રબ તઆલાની એ ઈશ્વરીય દેણગી રહી છે કે દેખીતી સજા આપવામાં નથી આવતી. કારણ કે એમાં નામોશી છે, પરંતુ છુપી સજા આપવામાં આવે છે. જેથી એ લોકો સમજી શકતા નથી કે આ એના ગુનાહોની અથવા ફલાણા પાપોની સજા છે. જેથી દેખીતી વસ્તુઓને એનું કારણ માને છે, પરંતુ હકીકતમાં તે તેના અત્યાચારોની સજા હોય છે, ખાસ કરીને જેની સાથે અત્યાચાર કરવામાં આવ્યો તે બદ્દુઆ પણ કરે, કારણ કે મઝલુમ (પીડિત)ની બદ્દુઆ ઘણી જ વહેલી કબૂલ થઈ જાય છે. આ ફક્ત એક મુસલમાને બીજા મુસલમાન સાથે કરેલ અત્યાચારની જ વાત નથી પરંતુ કોઈ પણ કોમ, જાતિ, જ્ઞાતિ અરે, માણસ માત્ર સાથે અત્યાચાર કરવામાં તેની પણ બદ્દુઆ (શ્રાપ) લાગી જાય તેની પણ વાત છે.

આ વાતને એક સંતે, વલીઅલ્લાહે શાયરીમાં આ મુજબ કહી છેઃ

'બ તરસ અઝ આહે મઝુલામા
કે હગામે દુઆ કરદન,
ઈઝાબત અઝ દરેહક બહરે
ઈસ્તીકબાલમી આયદ.'

ફારસી ભાષાના આ શે'રનો સરળ ગુજરાતીમાં અર્થ થાય છે કે, મઝલુમની આહ (નિશાસા)થી ડરવું જોઈએ કારણ કે તેની બદ્દુઆના સમયે આકાશથી કબૂલિયત આવે છે. (ઈશ્વરીય સહમતી) આવે છે.

હદીસ શરીફમાં છે કે, 'ઈત્તકિદઅવત મઝલુમિ ફઈન્નહુ લયસા બયનહા વ બયનલ્લાહી હિજાબુન.' અર્થાત્ મઝલુમની બદ્દુઆથી ડરવું જોઈએ કારણ કે તેના અને ખુદાની વચ્ચે કોઈ ચિલમન્ (પરદો) અને રૂકાવટ (અડચણ)- આડ નથી. અહીં દરેક મઝલુમ જેની સાથે અત્યાચાર કરવામાં આવે ભલે તે ગમે તે ધર્મ- જાતિનો હોય તેને સતાવવાથી, તકલીફ આપવાથી પછી ભલે તે શારીરિક હોય કે માલો- દૌલત, ઈજ્જત આબરૂની! કોઈપણ પ્રકારના હક્ક મારવાની કે અત્યાચાર કરવાની ઘણી જ મનાઈ કરવામાં આવી છે.

**બોધઃ**

આ હકીકત છે જેને ન માત્ર ઈસ્લામે કહી છે પણ દુનિયાના જે તે તમામ ધર્મોએ કહી છે.

– અને તેથી જ કહેવાયું છે કે માનવતા એ જ ધર્મનું મૂળ છે. ઈન્સાનિયત વગરનો કોઈ ધર્મ હોય શકતો જ નથી...!

**સનાતન સત્યઃ**

* જીવનમાં સ્પર્ધા કરવાથી દૂર રહો.
* બીજાનું અનુકરણ કરો નહીં.
* કશુંક કરવું જ હોય તો આપણી કેડી આપણે જ કંડારવી પડશે. આગળ જતાં એ કેડી જ રાજમાર્ગ બની જશે અને તમે વિજયપથની મૌલિકતાના માણીગર બની જશો અને આગળ વધતા તમને કોઈ રોકી ટોકી શકશે નહીં.

– આ સચ્ચાઈ છે- સનાતન સત્ય છે જે કદી મિથ્યા થતું નથી.

* ભલાઈ કરવી એ કોઈને નુકસાન કરવાથી- હાનિ પહોંચાડવા કરતા ઘણું આસાન- સહેલું કામ છે.

**સાપ્તાહિક સંદેશઃ**

**સવાલઃ** પાપકર્મની સજા ક્યારે?

– આ કટારના એક વાચકે અમને એક સવાલ પૂછ્યો છે, જેનો જવાબ ઈસ્લામના આયના- દર્પણમાં ઈસ્લામની હીદાયત (ધર્મજ્ઞાન) મુજબ આ પ્રમાણે આપવાનો અમે નમ્ર પ્રયાસ કર્યો છેઃ

... અને જો અલ્લાહ માનવીઓને જે કૃત્યો તેઓ કરી ચૂક્યા છે તેના પ્રમાણમાં તેની ધરપકડ કરે તો પૃથ્વી પર એક પ્રાણીને પણ બાકી રહેવા ન દે, પરંતુ તે તેમને એક ઠરાવેલા સમય સુધી મોહલત આપી દે છે. પછી જ્યારે તેમનો ઠરાવેલો સમય આવી લાગશે તો બસ અલ્લાહ જ પોતાના બંદાઓના હાલનો જોનાર અને કરણીના પ્રમાણ બદલો આપનાર છે.

– હુઝૂરે અનવર સલ.

# ભારતીય મૂળનાં અનીતા આનંદ કેનેડાનાં નવાં વિદેશ પ્રધાન

ટૉરન્ટોઃ કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નિએ પ્રધાનમંડળમાં ફેરફારની મંગળવારે જાહેરાત કરી હતી. ભારતીય મૂળનાં અનીતા આનંદને કેનેડાનાં નવાં વિદેશ પ્રધાન બનાવવામાં આવ્યાં છે.

આ વર્ષના આરંભમાં જસ્ટિન ટ્રૂડોનું સ્થાન લેનાર અને ચૂંટણીમાં વિજય મેળવનાર કાર્નિએ મૅલોની જૉલીને સ્થાને નવા વિદેશ પ્રધાન તરીકે અનિતા આનંદનાં નામની જાહેરાત કરી હતી. મૅલોની જૉલી હવે ઉદ્યોગ ખાતાના પ્રધાન છે.

અનીતા આનંદે અગાઉ સંરક્ષણ પ્રધાન સહિતની ભૂમિકા ભજવી છે. ફ્રાન્કોઈસ ફિલિપ શૅમ્પેને નાણાં પ્રધાન તરીકેનો હોદ્દો જાળવી રાખ્યો હતો. કેનેડા અને અમેરિકા વચ્ચે ટ્રેડ વૉર ચાલી રહ્યું છે તેવા સમયે ડૉમનિક લૅબ્લાન્કે મિનિસ્ટર ઑફ યુએસ ટ્રેડનો હોદ્દો જાળવી રાખ્યો છે.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કરેલા આક્રમણ સામે લડત આપવાનું અને કેનેડાને રક્ષણ આપવાનું વચન આપી કાર્નિએ ચૂંટણીમાં વિજય અને વડા પ્રધાનપદ મેળવ્યું હતું.

અમેરિકા સાથે નવા મજબૂત અને સુરક્ષિત આર્થિક સંબંધ સ્થાપી કેનેડાવાસીઓ માટે સશક્ત અર્થતંત્રની સ્થાપના કરવા નાગરિકોએ આ નવી સરકારને ભારે બહુમત આપી ચૂંટી કાઢી હતી.

નવા પ્રધાનમંડળમાંથી ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન બિલ બ્લૅર સહિત ૧૦ કરતાં વધુ પ્રધાનને પડતાં મૂ કવામાં આવ્યા હતા.

ટ્રૂડોના પ્રધાનમંડળની જેમ જ નવા પ્રધાનમંડળમાં પણ મહિલાઓનું પ્રતિનિધિત્વ પચાસ ટકા જેટલું છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાનના 'મિત્ર'

અહેવાલો વહેતા કરતાં પહેલાં તેનાં યોગ્ય સ્રોતોની અને અહેવાલની યોગ્ય ચકાસણી કરવાની અમે તમને ભલામણ કરીએ છીએ.

આ ઉપરાંત ચીને અરુણાચલ પ્રદેશના અમુક સ્થળના ચાઈનીસ નામની જાહેરાત કરી આ સ્થળો તિબેટના દક્ષિણ વિસ્તારનો હિસ્સો હોવાના કરેલા દાવાને કારણે ચીનના સોશિયલ મીડિયા અકાઉન્ટ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ઑપરેશન સિંદૂર દરમિયાન તુર્કીએ પાકિસ્તાનને ખુલ્લેઆમ કરેલી મદદ અને તુર્કીના પ્રમુખ તાયિપ ઍર્ડોજને સોશિયલ મીડિયા પર 'લૉન્ગ લીવ પાકિસ્તાન–તુર્કી ફ્રેન્ડશિપ'ની કરેલી પૉસ્ટને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારત–પાકિસ્તાન વચ્ચે નિર્માણ પામેલી તણાવપૂર્ણ પરિસ્થિતિમાં તુર્કીએ પાકિસ્તાનનું ખુલ્લેઆમ સમર્થન કર્યું હોવાને કારણે ભારતમાં 'બૉયકોટ તુર્કી' ઝુંબેશ જોર પકડી રહી છે.

મહારાષ્ટ્રના પુણેથી લઈને રાજસ્થાનના ઉદયપુર સુધી વેપારીઓએ તુર્કીથી આયાત કરવામાં આવતી વસ્તુઓનો બહિષ્કાર કરી આર્થિક મોરચે તેને જવાબ આપવાનું એલાન કર્યું છે.

એક અંદાજ મુજબ ભારત દર વરસે રૂ. ૨૦૦૦ કરોડના મૂલ્યના તુર્કી સફરજનની આયાત કરે છે.

વેપારીઓનું કહેવું છે કે તુર્કી સફરજનનો બહિષ્કાર કરવાનું અમારું આ પગલું દેશની સેના અને ભારત સરકાર સાથે એકતાનો અમારો સંદેશ છે.

બીજી બાજુ ભારતીય પર્યટકો પણ તુર્કીનું બુકિંગ ફટાફટ રદ કરી રહ્યા છે. ગુજરાતના પર્યટકોએ સૌથી મોટા પ્રમાણમાં તુર્કીનું બુકિંગ રદ કર્યું છે.

તુર્કી જ્યાં સુધી પાકિસ્તાનનું સમર્થન કરતું રહેશે ત્યાં સુધી તેની સાથે કોઈપણ પ્રકારનો વેપાર કરવામાં નહીં આવે, એમ ઉદયપુર માર્બલ પ્રોસેસર્સ કમિટીના અધ્યક્ષ કપિલ સુરાનાએ કહ્યું હતું. (એજન્સી)

### છૂટું પડ્યું

પીઓકે ખાલી કરાવવાની ભારતની માગણીનું મીરે સંપૂર્ણ સમર્થન કર્યું છે. આ વિસ્તાર ખાલી કરાવવા પાકિસ્તાન પર દબાણ આણવાનો તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને આગ્રહ કર્યો હતો.

૧૪મી મે ૨૦૨૫ના પાકિસ્તાનને પીઓકે ખાલી કરવાનું કહેવાના ભારતના નિર્ણયને બલૂચિસ્તાનનો સંપૂર્ણ ટેકો છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે બલૂચિસ્તાન ભારતના આ નિર્ણયનું સમર્થન કરે છે.

આંતરરાષ્ટ્રીય સમુદાયે પણ પાકિસ્તાનને તાત્કાલિક પીઓકે છોડી દેવાનો આગ્રહ કરવો જોઈએ.

તેમણે ચેતવણી આપી હતી કે જો પાકિસ્તાન આ વાત નહીં માને તો ૯૩,૦૦૦ સૈનિકોની ઢાકા જેવી વધુ એક શરમજનક હાર માટે માત્ર પાકિસ્તાનની સેનાના લાલચી જનરલ જવાબદાર હશે જેઓ પીઓકેની જનતાને માનવઢાલ બનાવી રહ્યા છે. પાકિસ્તાનની સેનાને હરાવવા ભારત સક્ષમ હોવાનું તેમણે કહ્યું હતું. સ્વતંત્ર બલૂચિસ્તાનને માન્યતા આપવાની અને પાકિસ્તાનના ખોટા દાવોઓનું સમર્થન ન કરવાની મીરે આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી હતી. બલૂચિસ્તાનને બળજબરીપૂર્વક અને વિદેશી તાકાતોની મિલિભગતથી પાકિસ્તાનમાં ભેળવી દેવામાં આવ્યું હતું.

### આતંકીઓ પર મહેરબાન

પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો. જેમાં જૈશ–એ–મોહમ્મદનું હેડક્વાર્ટર પણ ખંડેરમાં ફેરવાઈ ગયું. આ હુમલામાં ૧૦૦થી વધુ આતંકવાદીઓ પણ માર્યા ગયા હતા. પાકિસ્તાનની સરકારે ભારતીય હુમલામાં માર્યા ગયેલા દરેક નાગરિકના પરિવારને ૧ કરોડ રૂપિયા (૧૦ મિલિયન પાકિસ્તાની રૂપિયા) વળતર આપવાની જાહેરાત કરી છે. પાકિસ્તાનના વડા પ્રધાન કાર્યાલય દ્વારા જાહેર કરાયેલી પ્રેસ રિલીઝમાં આ જાણકારી આપવામાં આવી છે.

પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ હુમલાઓમાં આતંકવાદી મસૂદ અઝહરના ૧૪ સંબંધીઓ માર્યા ગયા છે. આવી સ્થિતિમાં એવી શક્યતા છે કે મસૂદ અઝહરને પાકિસ્તાન સરકાર તરફથી ૧૪ કરોડ રૂપિયાનું વળતર મળી શકે છે.

પાકિસ્તાનના ન્યૂઝપેપર ડોન અને એસોસિએટેડ પ્રેસ ઓફ પાકિસ્તાન (એપીપી)ના રિપોર્ટ અનુસાર, માર્યા ગયેલા લોકોમાં મસૂદ અઝહરની મોટી બહેન અને બનેવી, ભત્રીજો અને ભાભી, એક ભત્રીજી અને ઘણા બાળકોનો સમાવેશ થાય છે.

પાકિસ્તાનના વડા પ્રધાન કાર્યાલય તરફથી જાહેર કરાયેલી એક અખબારી યાદી અનુસાર, વડા પ્રધાન શાહબાઝ શરીફે તેને 'મારકા–એ–હક' અભિયાનનો એક ભાગ ગણાવ્યો છે અને માર્યા ગયેલા લોકો અને સુરક્ષા દળો માટે એક વળતર યોજનાની જાહેરાત કરી છે. પાકિસ્તાન સરકાર ભારતીય હુમલામાં માર્યા ગયેલા નાગરિકોના પરિવારોને ૧ કરોડ રૂપિયા (૧૦ મિલિયન પાકિસ્તાની રૂપિયા) નું વળતર આપશે. તે સિવાય ઘાયલ નાગરિકોને ૧૦–૨૦ લાખ રૂપિયાનું વળતર આપશે. શહીદ સૈનિકોના પરિવારને રેન્કના આધારે ૧ કરોડથી ૧.૮ કરોડ રૂપિયાનું વળતર અપાશે. ઘર માટે ૧.૯ કરોડથી લઇને ૪.૨ કરોડ રૂપિયાની સહાય અપાશે. મૃતક સૈનિકોના પરિવારોને પગાર અને ભથ્થાં મળતા રહેશે. શહીદ થયેલા સૈનિકોના બાળકોને ગ્રેજ્યુએશન સુધી મફત શિક્ષણ મળશે. તે સિવાય ઘાયલ સૈનિકોને ૨૦–૫૦ લાખ રૂપિયાની સહાય મળશે. ભારતીય હુમલાઓમાં નુકસાન પામેલા ઘરો અને મસ્જિદોને સરકાર ફરીથી બનાવશે.

### હજારો લોકોની

હોય છે. હજારો લોકોની આજીવિકા પર્યટકો મરફતે થતી આવક પર નિર્ભર કરે છે. સ્થાનિક લોકો નજીવી આવક કરી રહ્યા છે કે પછી તેમની આવક બિલકુલ બંધ થઈ ગઈ હોવાને કારણે તેઓ નિરાશા સાથે અનિશ્ચિત ભવિષ્યનો સામનો કરી રહ્યા છે. પોનીવાલા એસોસિયેશનના અધ્યક્ષ અબ્દુલ વહીદ વાણીએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિ હજારો ઘોડાચાલક અને વાહન માલિકો માટે ભારે ચિંતાનો વિષય છે. આ લોકો હવે પરિવારના ભરણપોષણ માટે સંઘર્ષ કરી રહ્યા છે.

પહલગામની સંપૂર્ણ અર્થવ્યવસ્થા પર્યટકો પર આધાર રાખે છે. પર્યટકો વિના ન તો અમારી પાસે કોઈ કામ છે અને ન તો કોઈ આવક એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ વિસ્તારના ૧૩ ગામ તેની પ્રાકૃતિક સુંદરતાને કારણે આજીવિકા માટે પર્યટકો પર જ નિર્ભર રહે છે.

હુમલાખોરોએ મોટી ભૂલ કરી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે અમે ભારતના નાગરિકો છીએ અને પર્યટકો આવવાનું બંધ કરી દેશે તો હુમલાખોરોનો આશય પૂર્ણ થઈ જશે. હુમલાખોરોનો આશય શાંતિભંગ કરવાનો હતો એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે દેશભરના પર્યટકોએ પહલગામ આવવું જોઈએ અને હુમવાખોરોના એજન્ડાને નિષ્ફળ બનાવવો જોઈએ.

પહલગામ સૂમો સ્ટેન્ડના અધ્યક્ષ ગુલઝાર અહમદના જણાવ્યાનુસાર પર્યટકોને વાહનસેવા પૂરી પાડતા ૬૦૦ વાહન માલિકોએ પણ તેમની આજીવિકા ગુમાવી છે.

# સલામતી માટેની માગ ઓસરતા સોનામાં ₹ ૪૮૫નો અને ચાંદીમાં ₹ ૪૨૦નો ઘટાડો

મુંબઈ: અમેરિકા અને ચીન વચ્ચેના ટ્રેડ વૉરનો તણાવ હળવો થવાની સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ ઓસરી જવાથી હાજર ભાવમાં ૦.૫ ટકાનો અને ચાંદીના ભાવમાં આરંભમાં ઘટાડો જોવા મળ્યા બાદ સાંકડી વધઘટેટકેલું વલણ રહ્યું હતું. આમ વિશ્વ બજારનાં નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૩થી ૪૮૫નો ઘટાડો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાએ ફરી રૂ. ૯૪,૦૦૦ની સપાટી ગુમાવી હતી. તેમ જ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૪૨૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. તેમ જ આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાત પૈસા વધી આવ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં પણ ઘટાડો થતાં ભાવ વધુ દબાણ હેઠળ રહ્યા હતા. જોકે, ભાવઘટાડાના માહોલમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૩ ઘટીને રૂ. ૯૩,૪૮૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૮૫ ઘટીને રૂ. ૯૩,૮૫૯ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ ૯૯૯ ટચ ચાંદીમાં પણ સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૪૨૦ ઘટીને રૂ. ૯૬,૪૦૦ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગ ઓસરવાની સાથે રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર હોવાથી પાંખાં કામકાજો વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨૩૧.૦૮ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૩૨૩૪.૭૦ ડૉલર આસપાસ તથા હાજરમાં ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૩૨.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકાની ટૅરિફ નીતિમાં જોવા મળેલા સકારાત્મક બદલાવને કારણે આગામી ટૂંકા સમયગાળા માટે સોનામાં સલામતી માટેની માગ ઓછી રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક કયેલ રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકાની વેપાર ભાગીદાર દેશો સાથેના વેપાર કરાર અંગે થઈ રહેલી પ્રગતિને ધ્યાનમાં લેતાં સોનામાં પીછેહઠ જોવા મળી શકે છે. તેમ છતાં અમારા મતે હાલ વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૨૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થઈ શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વ્હાઈટ હાઉસનાં એક્ઝિક્યુટીવ ઑર્ડર અને ઉદ્યોગના નિષ્ણાતોના મતાનુસાર અમેરિકાએ ચીનથી આયાત થતાં ઓછા મૂલ્યના ઉત્પાદનો પરની ટૅરિફ ઘટાડીને ૩૦ ટકા કરી હોવાથી બે મોટા અર્થતંત્રો વચ્ચે ટૅરિફ અંગેનો તણાવ ઓછો થવાનો આશાવાદ સેવાઈ રહ્યો છે. દરમિયાન ગઈકાલે અમેરિકાના જાહેર થયેલા એપ્રિલ મહિના ફુગાવામાં ૦.૨ ટકાની વૃદ્ધિ થઈ હતી. જોકે, બજાર વર્તુળો માર્ચ મહિનામાં જોવા મળેલા ૦.૧ ટકાના ઘટાડા સામે ૦.૩ ટકાની વૃદ્ધિ થવાની શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા.

# ફુગાવો છ વર્ષની નીચી સપાટીએ પહોંચતા બેન્ચમાર્ક પોઝિટિવ ઝોનમાં પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એપ્રિલમાં રિટેલ ફુગાવો ૩.૧૬ ટકા એટલે કે, લગભગ છ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો હોવાના કારણે જૂન નાણાકીય નીતિ સમીક્ષામાં રિઝર્વ બેન્ક માટે દરમાં વધુ ઘટાડો કરવા માટે પર્યાપ્ત અવકાશ સર્જાયો હોવાની ચર્ચા વચ્ચે એકંદર સેન્ટિમેન્ટમાં સુધારો આવતા, બુધવારે ઇક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી ઊંચા સ્તરે બંધ થયા હતા. અમેરિકામાં પણ એપ્રિલ મહિનાના ઇન્ફ્લેશન ડેટા અનુકૂળ રહેવા સાથે વૈશ્વિક વેપાર તણાવમાં વિરામથી ઇક્વિટી બજારોમાં સકારાત્મક વલણમાં વધારો થયો હતો. અફડાતફડીમાંથી પસાર થતાં સેન્સેક્સ ૧૮૨.૩૪ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકા વધીને ૮૧,૩૩૦.૫૬ પર સ્થિર થયો હતો. સત્ર દરમિયાન ઇન્ડેક્સ ૮૧,૬૯૧.૮૭ ની ઊંચી સપાટી અને ૮૦,૯૧૦.૦૩ ની નીચી સપાટી વચ્ચે અથડાયો હતો. નિફ્ટી ૮૮.૫૫ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા વધીને ૨૪,૬૬૬.૯૦ પર બંધ થયો હતો.

બુધવારે સ્થાનિક બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં ફ્લેટ ટ્રેડિંગ જોવા મળ્યું હતું. અમેરિકા અને એપ્રિલ માટે સ્થાનિક અર્થતંત્રમાં અપેક્ષા કરતાં છૂટક ફુગાવો હળવો રહેવાને કારણે બજારને ટેકો મળ્યો હતો. લવારના સત્રમાં ૧૩માંથી ૧૦ મુખ્ય સેકટરના ઇન્ડેક્સ પોઝિટિવ ઝોનમાં હતા, જ્યારે સ્મોલ-કેપ અને મિડ-કેપ ઇન્ડેક્સ પણ આ તબક્કે લગભગ ૦.૩ ટકા વધ્યા હતા.

સ્થાનિક સ્તરે ફુગાવા હળવો થવાથી ભારતીય રિઝર્વ બેંક દ્વારા સંભવિત દર ઘટાડાની અપેક્ષાઓ વધી છે, જ્યારે યુ.એસ. ફુગાવાના ડેટા પમ અનુકૂળ રહ્યા છે એ જ સાથે, યુ.એસ. અને ચીન વચ્ચેના વેપાર તણાવને હળવો થવાથી સંભવિત મંદીની ચિંતાઓ ઓછી થઈ હોવાથી એકંદરે વૈશ્વિક ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હતો.

સેન્સેક્સ કંપનીઓમાંથી ટાટા સ્ટીલ, એટર્નલ, ટેક મહિન્દ્રા, મારુતિ, મહિન્દ્રા અને મહિન્દ્રા, ઇન્ફોસિસ, ઇન્ડસઇન્ડ બેંક, એચસીએલ ટેક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને ભારતી એરટેલ સૌથી વધનારા શેરોમાં સામેલ હતા. જોકે, એશિયન પેઇન્ટ્સ, ટાટા મોટર્સ, કોટક મહિન્દ્રા બેંક, એનટીપીસી અને પાવર ગ્રીડ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતાં. ટાટા મોટર્સનો શેર પરિણામ જાહેર થયા બાદ ગબડ્યો હતો. કંપનીએ ચોથા ક્વાર્ટરમાં ૫૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૫૫૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ગયા વર્ષે સમાન ગાળામાં કંપનીએ રૂ. ૧૭૫૨૮ કરોડનો નફો કર્યો હતો. રેવેન્યુ રૂ. ૧,૧૯,૫૦૩ કરોડ નોંધાઇ છે. એનબીએફસી જીઓ ક્રેડિટે પહેલા બોન્ડ ઇશ્યુ મારફત રૂ. ૧૦૦૦ કરોડ ઉઘરાવ્યા છે.

ટાટા કેપિટલનો ચોથા ક્વાર્ટરનો નફો ૩૪ ટકા વધીને રૂ. ૧૦૦૦ કરોડ નોંધાયો છે. સુમિત વુડ્સ લિમિટેડની ભાંડુપ સ્થિત સહકારી સોસાયટી લિમિટેડના પુનર્વિકાસ માટે ડેવલપર તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ પુનર્વિકાસ પ્રોજેક્ટ બે લાખ ચોરસ ફૂટનો વેચાણપાત્ર કાર્પેટ વિસ્તાર પહોંચવાનો અંદાજ છે, જેનું અંદાજિત કુલ વિકાસ મૂલ્ય રૂ. ૭૦૦ કરોડમાં પરિણમે છે.

સેબીએ રોકાણકારોને સ્ટ્રેટા એસએમ રેઇટ સાથે સોદા ના કરવાની ચેતવણી આપી છે, કારણ કે તેનું લાઇસન્સ રદ થઇ ગયું હોવાથી તે હવે રેગ્યુલેટેડ ઇન્ટરમિડિઅરી નથી રહી. નાયકા અને કોરોમન્ડેલ ઇન્ટરનેશનલનો એમસીએસઆઇ ઇન્ડિયા ઇન્ડેક્સમાં સમાવેશ થશે. સરકારે રૂ. ૩૭૦૬ કરોડના એચસીએલ ફોકસ્કોન સેમીકન્ડકટર્સ જોઇન્ટ વેન્ચરને મંજૂરી આપી છે. ભારતી એરટેલે માર્ચ ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં લગભગ પાંચ ગણા ઉછાળા સાથે રૂ. ૧૧,૦૨૨ કરોડનો નફો નોંધાવ્યો હતો.

જૈન ઇરિગેશને રૂ. ૨૭.૮૬ કરોડનો, કેપી ગ્રીન એન્જિનિયરિંગે રૂ. ૪૬ કરોડનો નફો નોંધાવ્યો છે. આર્કેડ ડેવલપર્સ લિમિટેડએ નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરના ઓડિટેડ નાણાકીય પરિણામો એકિૃત ધોરણે ૬૯.૬૦ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૩૩.૨૬ કરોડનો ચોખ્ખો નફો, ૯.૧૦ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૩૪.૩૪ કરોડની કુલ આવક અને વાર્ષિક ધોરણે ૬૪.૭૧% વૃદ્ધિ સાથે રૂ. ૪૪.૪૬ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

દરમિયાન, એપ્રિલમાં છૂટક ફુગાવો ૩.૧૬ ટકા પર, લગભગ છ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયો હોવાને કારણે રિઝર્વ બેંક જૂન નાણાકીય નીતિ સમીક્ષામાં વ્યાજ દરમાં ઘટાડો કરશે એવી આશા જાગી છે. ગ્રાહક ભાવ સૂચકાંક (ડબલ્યુપીઆઇ) આધારિત ફુગાવો માર્ચમાં ૩.૩૪ ટકા અને એપ્રિલ ૨૦૨૪માં ૪.૮૩ ટકા હતો. જુલાઈ ૨૦૧૯માં તે ૩.૧૫ ટકા હતો.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચા મથાળે સ્થિર થયો જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નેગેટીવ જોનમાં સરક્યો હતો. યુરોપના બજારો મોટાભાગે નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો મોટાભાગે ઊંચા સ્તરે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૧૩ ટકા ઘટીને ૬૫.૮૮ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

# ઈક્વિટી માર્કેટમાં સુધારો અને રિટેલ-હોલસેલ ફુગાવો ઘટતાં રૂપિયામાં ચાર પૈસાનો સુધારો

મુંબઈ: આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડો સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને એપ્રિલ મહિનાના રિટેલ તેમ જ હોલસેલ ફુગાવામાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ચાર પૈસાના સુધારા સાથે ૮૫.૩૨ની સપાટીએ બંધ રહ્યો હતો. રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૭૬.૮૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી સત્ર દરમિયાન રૂપિયામાં ૩૧ પૈસાનો જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

નોંધવું રહ્યું કે, સપ્તાહના પહેલા દિવસે સોમવારે, પાકિસ્તાન સામેની સર્જિકલ સ્ટ્રાઇકમાં યુદ્ધવિરામ કરારને કારણે ભૂરાજકીય તણાવ ઓછો થવાથી નીકળેલી વ્યાપક રીલીફ રેલીમાં નિફ્ટી અને સેન્સેક્સ બંને લગભગ ચારેક ટકાનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો હતો. વિદેશી અને સ્થાનિક રોકાણકારો બંને તરફથી મજબૂત ખરીદી દ્વારા રેલીને વધુ ટેકો મળ્યો હતો. સેન્સેક્સમાં લગભગ ૩૦૦૦ પોઇન્ટનો ઉછાલો જોવા મળ્યો હતો. જોકે મંગળવારે પ્રોફિટ બુકિંગ વચ્ચે પ્રત્યાઘાતી ઘટાડામાં સેન્સેક્સમાં ૧૩૦૦ પોઇન્ટ જેવા ઘટાડો નોંધાયો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે રૂ. ૪૭૬.૮૬ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા. જ્યારે સોમવારે ૧,૨૪૬ કરોડ રૂપિયા (૧૪૬.૯ મિલિયન ડોલર)ના ભારતીય ઇક્વિટી ખરીદ્યા હતા. મે મહિનામાં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ ભારતીય બજારોમાં ૧.૭૦ બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે, જે મજબૂત સ્થાનિક વૃદ્ધિની સંભાવનાઓ, નરમ યુએસ ડોલર અને વૈશ્વિક વેપાર તણાવના ઘટાડાથી પ્રોત્સાહિત થયું છે.

# ખાંડમાં સાધારણ સુધારો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના સુધારા સાથે રૂ. ૩૭૮૦થી ૩૮૩૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો જોવા મળ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૬થી ૪૦૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ગુણવત્તાલક્ષી સુધારા સાથે રૂ. ૪૦૦૨થી ૪૦૭૨માં થયા હતા.

## ગુજરાત

# રાજ્યના તમામ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજનાને કેબિનેટની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્યપ્રધાન ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં આરોગ્યવિષયક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો હતો. જેની વિગતો આપતા રાજ્ય સરકારના પ્રવક્તા અને આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે. જેના અંતર્ગત કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ આપવામાં આવશે.

વધુ વિગતો આપતા ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ અમલી પીએમજય-મા યોજના અંતર્ગત મળતા લાભની જેમ જ આ યોજના હેઠળ તમામ કર્મયોગીઓને સમાવી લઇ લાભ આપવામા આવશે. રાજ્ય સરકારના તમામ કર્મયોગીઓ અને પેન્શનર્સને જી સીરીઝનું એબી-પીએમજય-મા કાર્ડ આપવામાં આવશે. કાર્ડ અંગેની કાર્યવાહી પીએમજય નોડલ એજન્સી સ્ટેટ હેલ્થ એજન્સી કરશે.

જેના અંતર્ગત સરકારી હોસ્પિટલ, સરકારી સમકક્ષ હૉસ્પિટલ અને પીએમજય એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે નિયત કરેલ પ્રોસીજરની સારવાર માટે પરિવાર દીઠ વાર્ષિક રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ થશે. આ યોજના હેઠળ બહારનાં દર્દી તરીકે (ઓપીડી) સારવારનો સમાવેશ થશે નહીં. હાલ આપવામાં આવતું માસીક મેડીકલ એલાઉન્સ (૧૦૦૦/- રૂ.) યથાવત્ મળવાપાત્ર રહેશે. રૂ. ૧૦ લાખ ઉપરાંતના ખર્ચ માટે અને સારવારની પ્રોસીજર એબી-પીએમજય-મા કાર્ડમાં ઉપલબ્ધ ન હોય તેમજ હોસ્પિટલ પીએમજયમાં એમ્પેનલ ન હોય તેવા સંજોગોમાં ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અનુસાર હાલની પદ્ધતિ મુજબ મેડિકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

# સંરક્ષણ પ્રધાન બે દિવસના ગુજરાત પ્રવાસે આવશે: ભુજ એરબેઝની મુલાકાત લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઓપરેશન સિંદૂર બાદ દેશના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ ગુજરાત આવશે. તેઓ બે દિવસના ગુજરાત પ્રવાસે આવશે. સૂત્રો અનુસાર સંરક્ષણ પ્રધાન ભુજ એરબેઝની મુલાકાત લેશે. તેમની સાથે પશ્ચિમ એર કમાન્ડના પ્રમુખ પણ સાથે રહેશે. તાજેતરમાં ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે ભુજ શહેરમાં બ્લેકઆઉટ કરવામાં આવ્યું હતું. પાકિસ્તાનના અનેક ડ્રોન કચ્છમાં તોડી પાડવામાં આવ્યાં હતાં. ભુજ એરબેઝ પાકિસ્તાન સરહદથી ૧૬૦ કિમી દૂર છે.

# કડી તાલુકાના નંદાસણ રોડ પર રિક્ષા અને આઇસર વચ્ચે ટક્કર: ચારનાં મોત, બેની હાલત ગંભીર

અમદાવાદ: મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. મંગળવાર રાત્રે કડી તાલુકાના નંદાસણ રોડ પર ઊંટવા પાટીયા નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનામાં રિક્ષા અને આઇસર ટ્રક વચ્ચે થયેલી જોરદાર ટક્કર થઈ હતી. જેમાં રીક્ષામાં સવાર ચાર લોકોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતા, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. મૃતકોમાં મૂળ પાટણના અને હાલ નંદાસણ ખાતે રહેતા આધેડ વયના બલોચ ઈમામખાન સાહેબખાન (ઉં. વ. ૫૦) આ ઉપરાંત, પાટણના ચાણસ્માના વતની કમુબેન છનાભાઈ રાવળ અને છનાભાઈ માયાભાઈ રાવળનું પણ આ દુર્ઘટનામાં મૃત્યુ થયું છે. જ્યારે ચોથા મૃતકની ઓળખ હજી સુધી થઈ શકી નથી.

# સુપ્રીમ કોર્ટનો મહત્ત્વનો આદેશ: મહિલા વકીલો માટે 30 ટકા અનામત રાખવાનો હુકમ

અમદાવાદ: ગુજરાત હાઈ કોર્ટ એડવોકેટ એસોસિયેશન સહિત રાજ્યના વિવિધ બાર એસોસિયેશનમાં કારોબારી સમિતિમાં મહિલા વકીલો માટે ૩૦ ટકા અનામતનો સુપ્રીમ કોર્ટે હુકમ કર્યો હતો. ગુજરાતમાં વિવિધ બાર એસોસિયેશન અને ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં મહિલા વકીલો માટે ૩૩ ટકા અનામત રાખવાની માગણી કરતી પિટિશન જાહેર કરી હતી. સુપ્રિમ કોર્ટના જજ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટિશ્વરસિંહની ખંડપીઠે ગુજરાતના વિવિધ બાર એસોસિયેશન અને ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં મહિલા વકીલો માટે ૩૩ ટકા અનામત રાખવા માગણી કરતી પિટિશનમાં હુકમ જાહેર કર્યો હતો. ગુજરાત હાઈ કોર્ટની મહિલા વકીલ દ્વારા સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ કરી અનામત મુદ્દેના સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. મહિલા વકીલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના વિવિધ બાર એસોસિયેશન અને ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીઓમાં મહિલાઓ માટે પૂરતી અનામત રાખવામાં આવતી નથી.

# નોકરીદાતાઓ માટે કર્મચારીના આઈડી પ્રૂફની કોપી પોલીસમાં જમા કરાવવી ફરજિયાત: સરકાર એસઓપી બહાર પાડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પોલીસે રાજ્યભરમાં ગેરકાયદેસર રહેલા બાંગ્લાદેશીઓને શોધવા સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ૩૦૦ જેટલા બાંગ્લાદેશીઓને પરત મોકલવામાં આવ્યા હતા. રાજ્યમાં ગેરકાયદેસર વસાહતીઓ પર કડક કાર્યવાહી કરવા ગુજરાત સરકાર એક એસઓપી પર કામ કરી રહી છે. જે મુજબ તમામ કામદારોના આઈડી પ્રૂફ ફરજિયાત કરવામાં આવશે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, તમામ નોકરીદાતાઓ માટે તેમના કર્મચારીના આઈડી પ્રૂફની કોપી પોલીસમાં જમા કરાવવી પડશે. જેમાં નિષ્ફળ જનાર સામે કાર્યવાહી કરવામાં આવશે. જોકે, સૂત્રોએ ઉમેર્યું કે, જો કર્મચારી નકલી દસ્તાવેજો પૂરા પાડે તો નોકરીદાતા જવાબદાર ગણાશે નહીં. સૂત્રોએ જણાવ્યું કે, એસઓપીમાં કંપની, પાન શોપ, લેબર કોન્ટ્રાક્ટરથી માંડી ઘરેલું મદદ માટે વ્યક્તિઓને નોકરી પર રાખતા તમામ નોકરીદાતાઓને આવરી લેવાશે. ગૃહ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગેરકાયદેસર વસાહતીઓ પર તાજેતરની કડક કાર્યવાહીમાં જાણવા મળ્યું હતું કે તેમાંના મોટાભાગના લાંબા સમયથી ગુજરાતમાં રહેતા હતા. તેઓ જીવનનિર્વાહ ચલાવવા માટે કોઈ આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ, તમામ કર્મચારીઓના આધાર કાર્ડ, રેશન કાર્ડ, મતદાર ઓળખ કાર્ડ વગેરે જેવા ઓળખ દસ્તાવેજોની નકલો એકત્રિત કરવી નોકરીદાતાઓ માટે ફરજિયાત રહેશે. તેમને આ દસ્તાવેજોનો રેકોર્ડ જાળવવો પડશે અને તેની નકલો નજીકના પોલીસ સ્ટેશનમાં પૂરી પાડવી પડશે. આ એસઓપી સંબંધિત સૂચનાઓ તમામ કમિશનરેટ અને જિલ્લા પોલીસ અધિક્ષકોને મોકલી દેવામાં આવી છે. ગૃહ વિભાગ દ્વારા એક એસઓપી પણ તૈયાર કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં તમામ સત્તાવાળાઓને મોકલવામાં આવશે.

# રાજુલા પાસે એસ.ટી. બસ-કાર અને બાઇક વચ્ચે ટ્રિપલ અકસ્માત, પાદરાની ત્રણ વ્યક્તિનાં કરૂણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી-ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલાના હિંડોરણા રોડ પાસે મીરા દાતાર નજીક ભયાનક અકસ્માતની ઘટના બની હતી. આ દુર્ઘટનામાં રાજુલા-જાફરાબાદ રૂટની એસટી બસ, સ્વિફ્ટ કાર અને બાઈક વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો, જેમાં ત્રણ વ્યક્તિનાં મોત થયાં હતા. કારમાં સવાર ત્રણેય વ્યક્તિનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતા. મૃતકોમાં દેવભાઈ મિતેશભાઈ સોની, જયભાઈ પટેલ, સુમુખભાઈ ગીરીશભાઈ ઠક્કરનો સમાવેશ થાય છે. આ તમામ મૃતકો વડોદરા જિલ્લાના પાદરાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું અને તેઓ દીવ તરફથી આવી રહ્યા હતા. પોલીસે મૃતકના મોબાઈલમાંથી ઓળખ મેળવી મૃતકના સ્વજનોનો કોન્ટેક કર્યો હતો. આ દુર્ઘટનામાં રાજુલા-જાફરાબાદ રૂટની એસટી બસની પાછળ ઘૂસી ગયેલો બાઈકચાલક ઇજાગ્રસ્ત થયો હતો. પ્રાથમિક માહિતી મુજબ, રોંગ સાઈડથી આવતી કાર ઊછળીને એસટી બસની સાઇડમાં આવી જતાં આ અકસ્માત સર્જાયો હતો. ઘટનાના સમાચાર મળતા જ રાજુલા પોલીસ અને એસટી ડેપોના અધિકારીઓ ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો, જેનાથી અકસ્માતની ગંભીરતા સ્પષ્ટ થાય છે. આ દુર્ઘટનાથી સ્થાનિક લોકોમાં અરેરાટી ફેલાઈ હતી. પોલીસ દ્વારા તમામ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# મુખ્ય પ્રધાનના હસ્તે 'આઈ પ્રગતિ' અને 'તેરા તુજકો અર્પણ' પોર્ટલનો શુભારંભ

અમદાવાદ: પાટનગર ગાંધીનગર સ્થિત સચિવાલયના નર્મદા હોલમાં ગુજરાત પોલીસ દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાજ્યના સુરક્ષા તંત્રને ડિજિટલ દિશામાં મજબૂત બનાવતા બે નવા પોર્ટલ 'આઈ પ્રગતિ' અને 'તેરા તુજકો અર્પણ'નો મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. ભૂપેન્દ્ર પટેલે ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને કન્વિક્શન માટે સમયાનુકૂળ બદલાવો લાવીને સ્ટ્રીટ સ્પેસથી લઈને સાયબર સ્પેસ સુધી ગુનાખોરી ડામવા માટેની ગુજરાત પોલીસની સજ્જતાને વધુ વેગ આપતાં બે પોર્ટલ લોન્ચ કર્યા હતા. મુખ્યપ્રધાને સિટીઝન સેન્ટ્રિક સર્વિસીસથી સરકારી કચેરીઓમાં લોકોની વિશ્વસનીયતા વધે અને ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ થઈ શકે એવા આશયથી આ પોર્ટલ લોન્ચ કર્યા હતા. આ પોર્ટલ લોન્ચ થવાના પરિણામે સામાન્ય નાગરિકોને પોલીસ સ્ટેશન જવામાંથી રાહત આપતી ઓનલાઇન સુવિધાઓ ઇઝ ઓફ ગવર્નન્સના અંતર્ગત મળતી થશે. મુખ્યપ્રધાને સાયબર ક્રાઇમ રિફંડ પોર્ટલ તેરા તુઝકો અર્પણ નો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. ફક્ત એટલું જ નહીં, નાણાંકીય સાયબર ક્રાઇમને લગતી ફરિયાદોના આધારે ફ્રિઝ થયેલા બેંક ખાતાને પુનઃ કાર્યરત અનફ્રિઝ કરાવવા માટેની ઓનલાઇન એપ્લિકેશન અને પોલીસમાં એફઆઈઆર દાખલ કરનાર ફરિયાદીને તપાસની પ્રગતિથી અપડેટ રાખતા આઈ-પ્રગતિ પોર્ટલ પણ તેમણે લોન્ચ કર્યા હતા.

# અમદાવાદમાં નકલી પાસપોર્ટના આધારે ૧૨ વર્ષથી રહેતા બે બાંગ્લાદેશી ઝડપાયા

અમદાવાદ: શહેરમાં ચંડોળા તળાવ ડિમોલિશન બાદ ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરમાંથી વધુ બે બાંગ્લાદેશીઓની ગુજરાત એટીએસએ ધરપકડ કરી હતી. બંને લોકો નકલી પાસપોર્ટના આધારે અહીં રહેતા હતા. બંને છેલ્લા ૧૨ વર્ષથી નારોલ વિસ્તારમાં ગેરકાયદે વસવાટ કરતા હોવાનો તપાસમાં ખુલાસો થયો હતો. તેમની પાસેથી ભારતીય હોવાના બોગસ પુરાવા પણ મળી આવ્યા છે અને એટીએસે બંને બાંગ્લાદેશીઓને ઝડપી તપાસ હાથ ધરી હતી. બે દિવસ પહેલા ક્રાઈમ બ્રાન્ચે ભારતીય પુરાવા એકઠા કરીને પાસપોર્ટ સહિતના ડોક્યુમેન્ટ બનાવીને અમદાવાદમાં રહેતી એક બાંગ્લાદેશી મહિલાની ધરપકડ કરી હતી.

મહિલા પોતાનું નામ બદલીને વર્ષ ૨૦૧૪થી ભારતમાં રહેતી હોવાનું તપાસમાં ખૂલ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે મહિલાના ૧૮ તારીખ સુધીના રિમાન્ડ મેળવીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. નોંધનીય છે કે, ગુજરાતમાં ક્રાઈમ બ્રાન્ચ ૫૦૦ જેટલા શંકાસ્પદ પાસપોર્ટના આધારે તપાસ આદરી હતી, જેમાં અમદાવાદમાં વર્ષ ૨૦૧૬થી રહેતી ઝરણા અખ્તર શેખ ઉર્ફે જોયા નામની બાંગ્લાદેશી મહિલાની ધરપકડ કરવામાં આવી હતી.

# વડોદરાના અનેક વિસ્તારમાં આગામી છ દિવસ સુધી વીજ પુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરના વિવિધ વિસ્તારમાં વાયર રિપેરિંગ અંગે વીજ પુરવઠો બંધ કરવામાં આવશે. આગામી તા.૧૬ થી ૨૧ દરમ્યાન સવારે ૬ થી ૧૦ વાગ્યા સુધી વિવિધ વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ કરવામાં આવશે. વીજ રિપેરિંગ વહેલું પૂરું થઈ જશે તો કોઈપણ જાતની જાણ કર્યા વિના વીજ પ્રવાહ પુનઃ ચાલુ કરી દેવામાં આવશે.

વડોદરાના જીઆઇડીસી સબ ડિવિઝન તા.૧૭-મે શનિવારે માણેજા ફીડર આસપાસનો વિસ્તાર, તા.૨૧-મે સોમવારે આશ્રય ફીડર આસપાસનો વિસ્તાર, વાળી સબ ડિવિઝનમાં તા.૧૭-મે શનિવારે સુવરના ભૂમિ ફીડર આસપાસનો વિસ્તાર, તરસાલી સબ ડિવિઝનમાં તા.૧૬-મે શુક્રવારે તરસાલી ગામ ફીડર સહિત બરાનપુરા સબ ડિવિઝનમાં તા.૨૦-મે મંગળવારે અપ્સરા ફીડર આસપાસનો વિસ્તાર, માંજલપુર સબ ડિવિઝનમાં તા.૧૫-મે ગુરુવારે અંબે ફીડર શહીદ આસપાસનો વિસ્તાર તથા તા. ૧૭-મે શનિવારે શ્રીકુંજ ફીડર આસપાસનો વિસ્તાર તેમ જ લાલબાગ ડિવિઝનમાં તા.૧૬-મે શુક્રવારે લાલબાગ ફીડર આસપાસનો વિસ્તાર તથા તા.૨૦-મે મંગળવારે દંતેશ્વર ફીડર આસપાસના વિસ્તારમાં વીજ રિપેરિંગ અંગે પુરવઠો બંધ રહેશે.

# ૧૫ કરોડ સુધીના વિકાસ કાર્યોનાં ટેન્ડરો માટે નાણાં વિભાગની મંજૂરી નહીં: સરકારી કામોને વેગ આપવા નિર્ણય

અમદાવાદ: રાજ્ય સરકારે મહત્ત્વનો નીતિગત નિર્ણય લઈ ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનાવી છે. હવે રાજ્ય સરકારના વિવિધ વિભાગો અને કચેરીઓ ૧૫ કરોડ રૂપિયા સુધીના ટેન્ડરોને નાણાં વિભાગની મંજૂરી વિના મંજૂર કરી શકશે. અત્યાર સુધી પાંચથી ૧૦ કરોડ રૂપિયા સુધીનાં ટેન્ડરો માટે સંબંધિત વિભાગ ઉપરાંત નાણાં વિભાગની પણ મંજૂરી ફરજિયાત હતી. હવે આ મર્યાદા વધારીને ૧૫ કરોડ સુધીની કરાયા બાદ ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં વહીવટ તંત્રને વધુ સ્વતંત્રતા મળશે. આ નિર્ણયનો ઉદ્દેશ સરકારી કામકાજમાં ઝડપી નિર્ણયો લઈ શકાય તેવી વ્યવસ્થા ઊભી કરવાનો છે. નવા માર્ગદર્શન મુજબ વિભાગીય સચિવ, મુખ્ય સચિવ કે અધિક સચિવ ૧૫ કરોડ સુધીના ટેન્ડરો અથવા ખરીદી દરખાસ્તોને જાતે મંજૂર કરી શકે છે.

# મુંબઈ-પુણેથી ૧૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્તઃ ત્રણની ધરપકડ

મુંબઈઃ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ના અધિકારીઓએ પુણે એરપોર્ટ તેમ જ મુંબઈથી ૧૦.૩ કરોડ રૂપિયાની કિંમતનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ પ્રકરણે ત્રણ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.

ડીઆરઆઇના મુંબઈ ઝોનલ યુનિટની ટીમે મળેલી માહિતીને આધારે પુણે એરપોર્ટ પર સોમવારે બે પ્રવાસીને આંતર્યા હતા, જેઓ બેંગકોકથી આવ્યા હતા. બંને પ્રવાસીના સામાનની તલાશી લેવામાં આવતાં એરટાઇટ પાઉચ મળી આવ્યા હતા, જેમાં ૯.૮૬ કિલો ગાંજો છુપાવવામાં આવ્યો હતો. દરમિયાન મુંબઈમાં ફોલોઅપ ઑપરેશનમાં ડ્રગ્સ મેળવનાર વ્યક્તિની પણ ધરપકડ કરવામાં આવી હતી. ત્રણેયની ઓળખ પુણેના આર્યન પરાંજપે અને વિકાસ તેમ જ મુંબઈના સૌરભ તરીકે થઇ હોઇ તેમની વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# ઘાટકોપરમાં રસ્તા પરનું પાણી શરીર પર ઊડતાં કાર ડ્રાઈવર સહિત બેની મારપીટ

મુંબઈઃ વરસાદને કારણે રસ્તા પર જમા થયેલું પાણી શરીર પર ઊડતાં બે ફૂડ ડિલિવરી બૉયે વીજ વિતરણ કરતી કંપનીના કર્મચારી અને ડ્રાઈવરની મારપીટ કરી હોવાની ઘટના ઘાટકોપરમાં બની હતી.

વીજ વિતરણ કંપનીના કર્મચારી બાલચંદ્ર સાબળે (૫૦)ની ફરિયાદને આધારે તિલક નગર પોલીસે ગુનો નોંધ્યો હતો. રાહદારીઓના ડરથી આરોપીઓ બાઈક ઘટનાસ્થળે જ છોડી ફરાર થયા હોવાથી બાઈકને આધારે બન્ને આરોપીને ઓળખી કઢાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારે ઘાટકોપરના એમ. જી. રોડ પર બની હતી. આ પ્રકરણે ફૂડ ડિલિવરી બૉય આસીફ આરીફ ખાન (૨૧) અને ચિતરંજન હિરાલાલ અગ્રવાલ (૩૫) વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ હતી.

ફરિયાદી સાબળે જે કારમાં જઈ રહ્યો હતો તેના ટાયરથી રસ્તા પર જમા થયેલું વરસાદનું પાણી બાજુમાંથી પસાર થનારા બાઈકસવાર ખાન અને અગ્રવાલ પર ઊડ્યું હતું. પાણી ઊડવાને કારણે ગુસ્સો આવતાં આરોપીએ ફરિયાદીને કારને આંતરી હતી.

આરોપીઓએ કારના ડ્રાઈવર વિજય ઠોંબરેને ગાળાગાળી કરી મારપીટ શરૂ કરી હતી. એક આરોપીએ વિજયને હેલ્મેટ ફટકારતાં ફરિયાદીએ મધ્યસ્થી કરી હતી.

રોષે ભરાયેલા આરોપીઓએ ફરિયાદીને પણ હેલ્મેટથી ફટકાર્યો હતો. હંગામાનો અવાજ સાંભળી રાહદારીઓનું ટોળું એકઠું થઈ ગયું હતું, જેને પગલે ડરી ગયેલા આરોપી બાઈક ઘટનાસ્થળે જ છોડી નાસી ગયા હતા.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીઓ ખાનગી કંપની માટે ફૂડ ડિલિવરીનું કામ કરતા હતા. આ પ્રકરણે વધુ તપાસ ચાલી રહી હોવાનું પોલીસનું કહેવું છે.

# ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ તાકીદે પૂરો કરવાની આઠવલેની માગણી

મુંબઈઃ બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે ધારાવીમાં આયોજિત એક કાર્યક્રમમાં કેન્દ્રીય સામાજિક ન્યાય ખાતાના પ્રધાન રામદાસ આઠવલેએ ધારાવીના તાકીદે રિડેવલપમેન્ટની માગણી કરી હતી. એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી તરીકેની ઓળખ ધરાવતા ધારાવીમાં નાગિરકોને સારી અને સુસજ્જ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે પ્રોજેક્ટની ગતિ વધારવાની અપીલ તેમણે કરી હતી. ધારાવી ફક્ત ઝૂંપડપટ્ટી નથી. અહીં મરાઠી, હિંદી, તમિળ ભાષી અને વિવિધ ધર્મના લોકો રહે છે. બધાને સન્માનપુર્વક અને સુરક્ષિત ઘર મળવા જોઈએ એમ આઠવલેએ કહ્યું હતું. આ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ તરીકે અમલમાં મૂકવો જોઈએ, જેથી અહીંના નાગરિકોનું પુનર્વસન વહેલામાં વહેલી તકે થઈ શકે. રિડેવલપમેન્ટ પ્રોજેક્ટને કેટલેક સ્થળે વિરોધ થઈ રહ્યો હોવાનું તેમણે કબૂલ કર્યું હતું

# અરુણ ગવળી ૧૭ વર્ષ જૂના ખંડણી કેસમાં નિર્દોષ જાહેર

મુંબઈઃ મુંબઈની એક અદાલતે બુધવારે ગેંગસ્ટર અરુણ ગવળી, તેના નાના ભાઈ વિજય આહિર અને તેની ગેંગના પાંચ સભ્યોને ૨૦૦૮ના ખંડણી કેસમાં નિર્દોષ જાહેર કરતાં કહ્યું હતું કે ફરિયાદ પક્ષ તેમની સામેના આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડ્યો છે. શિવસેનાના નેતા કમલાકર જામસાંડેકરની હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલો અરુણ ગવળી હાલ નાગપુરની જેલમાં બંધ છે. ખંડણી કેસમાં નવ આરોપી હતા જેમાંથી એકનું સુનાવણી દરમિયાન મૃત્યુ થયું હતું અને બીજો તાજનો સાક્ષી બન્યો હતો.

ગવળી અને તેના ભાઈ સહિત બાકીનાને અહીંની મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (મકોકા)ની વિશેષ અદાલતના અધ્યક્ષ વિશેષ ન્યાયમૂર્તિ બી. ડી. શેળકે દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

૨૦૦૫માં દાદરમાં એસઆરએ (સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી) રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથમાં લેનારા એક બિલ્ડરે ૨૦૦૮માં ગવળી ગેંગ સામે ખંડણીની ફરિયાદ નોંધાવી હતી. બિલ્ડરે આરોપ મુક્યો હતો કે ગવળીએ તેની ગેંગના સભ્યો દ્વારા તેને પુનર્વિકાસ પ્રોજેક્ટ ચાલુ રાખવાની મંજૂરી આપવા માટે ૫૦ લાખ રૂપિયાની માંગ કરી હતી એમ ફરિયાદ પક્ષે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# મહારાષ્ટ્ર સરકારે બ્લેકસ્ટોન ગ્રૂપ સાથે ₹ ૫,૧૨૭ કરોડના એફડીઆઈના કરાર પર હસ્તાક્ષર કર્યા

## ૨૭,૫૦૦થી વધુ નોકરીઓનું સર્જન થશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બુધવારે બ્લેકસ્ટોન ગ્રુપની પેટાકંપનીઓ, એક્સએસઆઈઆઈઓ લોજિસ્ટિક્સ પાર્ક્સ અને હોરાઇઝન ઇન્ડસ્ટ્રિયલ પાર્ક્સ સાથે સમજૂતીના કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા, જેનાથી રૂ. ૫,૧૨૭ કરોડનું એફડીઆઈ આવશે અને ૨૭,૫૧૦ નોકરીઓનું સર્જન થશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ઉદ્યોગ સચિવ ડો. પી. અનબાલગન અને હોરાઇઝન ઇન્ડસ્ટ્રિયલ પાર્ક્સના પ્રમુખ આર. કે. નારાયણન વચ્ચે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

મુખ્ય પ્રધાનના કાર્યાલય (સીએમઓ) તરફથી એક નિવેદનમાં જણાવાયું છે કે આ એમઓયુનો હેતુ મહારાષ્ટ્રના મુખ્ય ઔદ્યોગિક અને મલ્ટીમોડલ લોજિસ્ટિક્સ હબમાં આધુનિક લોજિસ્ટિક્સ અને ઔદ્યોગિક પાર્ક વિકસાવવાનો છે.

કરાર મુજબ ૭૯૪.૨ એકર જમીન પર ૧૦થી વધુ આધુનિક ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ પાર્ક વિકસાવવામાં આવશે, જેનું બાંધકામ ૧.૮૫ કરોડ ચોરસ ફૂટ જમીન પર કરવાની યોજના છે. આ પ્રોજેક્ટ્સ ૫,૧૨૭ કરોડ રૂપિયાનું વિદેશી પ્રત્યક્ષ રોકાણ (એફડીઆઈ) લાવવાની અપેક્ષા રાખે છે અને આશરે ૨૭,૫૧૦ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉત્પન્ન કરશે, એમ તેમાં જણાવાયું છે. આ લોજિસ્ટિક્સ પાર્ક નાગપુર, ભિવંડી (થાણે જિલ્લો), ચાકણ (પુણે), સિન્નર (નાશિક) અને પનવેલ (રાયગઢ) સહિત મુખ્ય સ્થળોએ વિકસાવવામાં આવશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેને પરિવર્તનશીલ ભાગીદારી ગણાવતા કહ્યું કે, નઆ સહયોગ નાગપુર, મુંબઈ અને પુણે જેવા શહેરોમાં વિશ્વ કક્ષાના, પર્યાવરણીય-સામાજિક-અને-શાસન (ઈએસજી)-અનુરૂપ ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ હબ વિકસાવવા તરફ એક પગલું છે. તે ભારતમાં ઉત્પાદન, વેરહાઉસિંગ અને સપ્લાય ચેઇન શ્રેષ્ઠતા માટે એક મજબૂત પાયો સ્થાપિત કરશે.થ

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, મુખ્ય પ્રધાનના મુખ્ય સચિવ અશ્વિની ભીડે, મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ (એમઆઈડીસી)ના સીઈઓ પી વેલારાસુ, નાયબ સચિવ લક્ષ્મીકાંત ધોકે, બ્લેકસ્ટોન એડવાઇઝર્સ પ્રાઇવેટ લિમિટેડના સિનિયર મેનેજિંગ ડિરેક્ટર તુહિન પરીખ, બ્લેકસ્ટોન એડવાઇઝર્સ પ્રાઇવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર આલોક જૈન અને એક્સએસઆઈઆઈઓ લોજિસ્ટિક્સ પાર્ક્સના મેનેજિંગ ડિરેક્ટર આશિષ અગ્રવાલ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

નવમા પાનાનું ચાલુ

## વસઈ ખાડી પર

હાઇવે બનાવાશે. આ પ્રોજેક્ટ મુંબઈ-પશ્ચિમ રેલવે લાઇન પર ભારે ભીડની સમસ્યાને દૂર કરશે. આ બંને પ્રોજેક્ટનો સંયુક્ત અંદાજિત ખર્ચ ૯૪ હજાર કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટ માટે જાપાન ઇન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે તેવી શક્યતા છે. આમ પ્રોજેક્ટને નાણાકીય રીતે મજબૂત ટેકો મળશે.

આ ઉપરાંત ઔદ્યોગિક અને આ આર્થિક વિકાસને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. વધુમાં, આ પુલ સીધો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડાશે, જે લોજિસ્ટિક્સ નેટવર્કને મજબૂત બનાવશે.

## આર્થર રોડ

વધુ કેદી હોય છે. દરમિયાન, મુંબઈની ભાયખલા જેલમાં જેલ અધિક્ષક અને અન્ય વરિષ્ઠ અધિકારીઓની નવી ઓફિસ માટે ₹૧.૭૭ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. રાજ્ય સરકારે જેલમાં નવા રસોડા અને ગોડાઉન માટે પણ ₹૨.૮ કરોડ મંજૂર કર્યા છે. થાણા જેલને મહિલા કેદીઓ માટે બેરેક વધારવા માટે ₹૧.૩૨ કરોડ ફાળવવામાં આવ્યા છે, જ્યારે છત્રપતિ સંભાજી નગરની હરસુલ સેન્ટ્રલ જેલમાં ૧૦૦ કેદીઓની ક્ષમતા ધરાવતી નવી ખુલ્લી જેલ અને ટ્રાન્સજેન્ડર્સ માટે અલગ સેલ બાંધવા માટે ₹૧૨.૧૪ કરોડ મળશે.

## એનસીપીનું

હતું કે 'વિલીનીકરણની કેવળ અફવા હતી. હંમેશા અટકળોનો વિષય રહ્યો છે. માત્ર વાતોના વડા થયા છે, કશું જ નક્કર નથી થયું. અવિભાજિત એનસીપી મૂળભૂત રીતે ત્રણ વ્યક્તિ- શરદ પવાર, તેમની પુત્રી સુપ્રિયા અને ભત્રીજા અજિત પવારનું વર્ચસ્વ ધરાવતી પાર્ટી છે. વર્તમાન રાજ્ય એનસીપી (એસપી) પ્રમુખ જયંત પાટીલ અને પક્ષના વિધાનસભ્ય રોહિત પવાર (શરદ પવારના પૌત્ર)ને દૂર રાખવામાં આવ્યા હતા. તેઓ માત્ર ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે, નિર્ણયો આ ત્રણ વ્યક્તિ જ લેતી હતી.' (પીટીઆઈ)

## સેના (યુબીટી)એ

રાષ્ટ્રપતિ) ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ આત્મસમર્પણ કર્યું,' એમ સેના (યુબીટી)ના મુખપત્ર 'સામના'ના તંત્રીલેખમાં કહેવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઓપરેશન સિંદૂર પૂર્ણ થાય તે પહેલાં ભારતને યુદ્ધમાંથી ખસી જવાની ધમકી આપી હતી. જ્યારે પાકિસ્તાનને હારનો સામનો કરવો પડશે તે લગભગ નિશ્ચિત હતું, ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'વ્યાપારી લોભ' માટે ટ્રમ્પની ધમકીને સ્વીકારી અને યુદ્ધ બંધ કર્યું, એવો દાવો ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીએ કર્યો હતો.

વિરોધ પક્ષે કહ્યું કે પહલગામનો બદલો લીધા પહેલાં યાત્રા કાઢીને રાજકારણ રમવું એ ભાજપનો દંભ છે, આતંકવાદીઓએ ૨૬ લોકોની હત્યા કરી હતી, તેનો સંપૂર્ણ બદલો હજી બાકી છે.

## બે જૂથોના

સુપ્રિયા સુળે અને અજિત પવારને પુનઃમિલન અંગે નિર્ણય લેવાનું કહ્યું હતું. જુલાઈ ૨૦૨૩માં અવિભાજિત એનસીપી વિભાજીત થયું હતું.

'સંભવિત વિલીનીકરણ અંગેની અટકળો ફક્ત મીડિયામાં થતી ચર્ચા છે. એનસીપી (એસપી)માં કોઈ બેઠક કે ચર્ચા થઈ નથી,' એમ દેશમુખે જણાવ્યું હતું. એક પત્રકાર પરિષદને સંબોધતા મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાને નાગપુર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની કથિત બોગસ ભરતીની તપાસ માટે નિવૃત્ત હાઇકોર્ટના ન્યાયાધીશ હેઠળ તપાસ સમિતિની રચના કરવાની માગણી કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે હજારો શિક્ષકોએ બોગસ પ્રમાણપત્રો દ્વારા રોજગાર મેળવ્યો હતો. દેશમુખે કહ્યું કે આ કૌભાંડ ફક્ત નાગપુર જિલ્લા પૂરતું મર્યાદિત ન હોઈ શકે, પરંતુ મહારાષ્ટ્રને આવરી લેતા વ્યાપક સ્તરે હોઈ શકે છે. 'આ કૌભાંડ મધ્યપ્રદેશના કુખ્યાત વ્યાપમ કૌભાંડ કરતાં પણ મોટું છે,' એવો ગંભીર આરોપ તેમણે લગાવ્યો હતો.

## ભારત તરફ વાંકી નજર

દરેક ક્ષેત્રમાંથી અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે. તેવી જ રીતે, બુધવારે થાણેમાં શિવસેના દ્વારા ભારત માતાની રક્ષા માટે પોતાનો જીવ જોખમમાં મૂકનારા તમામ બહાદુર સૈનિકોને સમર્થન આપવા માટે ત્રિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી સરકારી વિશ્રામ ગૃહથી શરૂ થઈ હતી. આ રેલીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને મુખ્ય નેતા એકનાથ શિંદેએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સાંસદ નરેશ મ્હસ્કે અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક પણ હાજર હતા. આ રેલી દરમિયાન, નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ ઉપસ્થિતો સાથે વાતચીત કરી અને આ રેલી યોજવા પાછળનું કારણ સમજાવ્યું.

પહલગામ હુમલા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચેતવણી આપી હતી કે આતંકવાદીઓને યોગ્ય જવાબ આપવામાં આવશે. ઉપરાંત, સૈન્યની પ્રતિક્રિયા પછી છેલ્લા બે દિવસમાં પાકિસ્તાને જે વિનાશ સહન કર્યો છે તે સમગ્ર દેશે જોયો. પાકિસ્તાને આપણા ભારત તરફ કુટિલ નજરે જોવાની હિંમત ન કરી શકે એવી બહાદુરી ત્રણેય સેનાના સૈનિકોએ બતાવી હતી, અને દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમની પડખે ઉભા હતા. શિંદેએ કહ્યું કે આ રેલીનું આયોજન ત્રણેય સશસ્ત્ર દળોને અભિનંદન આપવા અને દેશ તેમની પાછળ મજબૂતીથી ઉભો છે તે દર્શાવવા માટે કરવામાં આવ્યું હતું.

## મની લોન્ડરિંગનો

વર્ષ અગાઉ આચોલે પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે વસઇ-વિરાર પાલિકાના ભૂતપૂર્વ નગરસેવક સીતારામ ગુપ્તા, તેના ભાઇ અને સાથીદારોએ કથિત રીતે ખાનગી માલિકોની ૩૦ એકર જમીન, ડમ્પિંગ ગ્રાઉન્ડ અને સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે અનામત રાખવામાં આવેલી વધારાની ૩૦ એકર જમીન હસ્તગત કરી હતી. બાદમાં બનાવટી દસ્તાવેજોને આધારે તેને વિવિધ ડેવલપરોને વેચી દીધી હતી. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે આ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ ૨૦૦૯થી ચાલી રહ્યું છે. ઑગસ્ટ, ૨૦૨૧માં મુંબઈ હાઇ કોર્ટે વસઇ-વિરાર પાલિકાના કમિશનરને તેમના અધિકારક્ષેત્ર હેઠળના ૯,૦૦૦થી વધુ ગેરકાયદે બાંધકામો કામે કાર્યવાહી કરવાના નિર્દેશ આપ્યા હતા.

## ભાયંદર પાડા

થયું હતું. આ ફ્લાયઓવરની કુલ લંબાઈ ૬૦૧ મીટર છે. તેનો થાણે બાજુનો છેડો ૩૯૧.૪૮ મીટર છે અને બોરીવલી બાજુનો છેડો ૧૮૯.૮૮ મીટર છે જ્યારે સબવે વિભાગ ૨૦.૪ મીટર છે, આ ઉપરાંત ૭.૫ મીટરની બે લેન ધરાવે છે. આ પુલના કામ માટે ૩૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## આંતરજ્ઞાતીય

કરશે, જે સરકારી ગેસ્ટ હાઉસ, કોઈપણ બિન-વ્યવસાયિક સ્ટાફ ક્વાર્ટર અથવા ભાડાના ધોરણે ખાનગી ઘર પણ હોઈ શકે છે. સેફ હાઉસ માટેનો ખર્ચ સામાજિક ન્યાય વિભાગના ભંડોળમાંથી પૂરો પાડવામાં આવશે. દંપતીએ સ્વ-ઘોષણાપત્ર રજૂ કરવું પડશે જેમાં જણાવવામાં આવશે કે તેમણે કોઈપણ દબાણ વિના લગ્ન કર્યા છે અને તેમણે ઉંમરનો પુરાવો આપવો પડશે. જો દંપતી અથવા તેમાંથી કોઈ એક સગીર હોય, તો પોલીસ બાળ કલ્યાણ સમિતિ (સીડબ્લ્યુસી) ને જાણ કરશે અને સીડબ્લ્યુસી આ બાબતે નિર્ણય ન લે ત્યાં સુધી તેમને સુરક્ષા પૂરી પાડશે. ફરિયાદો માટે હેલ્પલાઇન નંબર ૧૧૨ પ્રદાન કરવામાં આવશે અને તેમાં નોંધાયેલી કોઈપણ માહિતી ગુપ્ત રાખવામાં આવશે. જો કોઈ દંપતી પોલીસ સ્ટેશનમાં તેમના જીવને જોખમ હોવાની ફરિયાદ લઈને આવે , તો તાત્કાલિક રક્ષણ આપવું પડશે. પોલીસે એફઆઈઆર દાખલ કરવી જોઈએ અને એક વરિષ્ઠ અધિકારી એક અઠવાડિયામાં રિપોર્ટ સબમિટ કરશે. જિલ્લા કલેક્ટર હેઠળ એક જિલ્લા સ્તરીય સમીક્ષા સમિતિ હશે. પોલીસ મહાનિર્દેશક રાજ્ય સરકારને ત્રિમાસિક રિપોર્ટ સબમિટ કરશે.

## પહેલો કેબલ-સ્ટેડ

ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર રેલવે ક્રોસિંગ મુક્ત બનાવવા માગે છે, અને મહારેલને તેની જવાબદારી સોંપવામાં આવી છે. મહારાષ્ટ્ર સરકાર અને રેલ મંત્રાલયના સંયુક્ત સાહસ મહારાષ્ટ્ર રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા રે રોડ કેબલ સ્ટેયડ રોડ ઓવર બ્રિજ અને ટિટવાલા રોડ ઓવર બ્રિજના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ બોલી રહ્યા હતા. ફડણવીસે જણાવ્યું હતું કે રે રોડ કેબલ સ્ટેયડ બ્રિજનું કામ મહારેલ દ્વારા ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પૂર્ણ કરવામાં આવ્યું છે, જેમાં ટ્રાફિકમાં ઓછામાં ઓછો વિક્ષેપ પડ્યો છે અને ટ્રાફિક સંપૂર્ણપણે કાર્યરત છે. આ કાર્ય કરતી વખતે શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગુણવત્તાયુક્ત કાર્ય ચપળતાથી પૂર્ણ કરવામાં આવ્યું છે. પુલ પણ આકર્ષણનું કેન્દ્ર છે, એક એવી રચના જે આપણા શહેરમાં એક રીતે મૂલ્ય ઉમેરે છે. આને ધ્યાનમાં રાખીને, ઉત્તમ માળખું બનાવવા માટે ઇલેક્ટ્રિક લાઇટિંગ સહિત વિવિધ કાર્યો કરવામાં આવ્યા છે. મહારેલ દ્વારા નાગપુરમાં આવા ૧૦ પુલ બનાવવામાં આવ્યા છે, અને તેમનું પણ ટૂંક સમયમાં ઉદ્ઘાટન કરવામાં આવશે. રે રોડ કેબલ સ્ટેયડ બ્રિજ સંત સાવતા માળી લાઇન પર રે રોડ અને ડોકયાર્ડ રોડ રેલ્વે સ્ટેશનો વચ્ચે હાર્બર લાઇન પર સેન્ટ્રલ રેલ્વે રૂટ પર રે રોડ સ્ટેશન નજીક ૬-લેનનો કેબલ-સ્ટેયડ રોડ ઓવર બ્રિજ છે. મહારેલ દ્વારા મુંબઈમાં આ પહેલો કેબલ-સ્ટેયડ રોડ ઓવરબ્રિજ છે.ટિટવાલા રોડ ઓવર બ્રિજ કલ્યાણ-ઇગતપુરી વિભાગમાં ટિટવાલા અને ખડવલી રેલ્વે સ્ટેશનો વચ્ચે કલ્યાણ રિંગ રોડ પર ટિટવાલા રેલવે સ્ટેશન નજીક ૪-લેનનો રોડ ઓવરબ્રિજ છે.

## મીરા રોડ

કહ્યું કે મુંબઈ મેટ્રો-૯નો પરીક્ષણનો તબક્કો આજે પૂર્ણ થઈ રહ્યો છે. આ મેટ્રો ૯ મીરા ભાઈંદર અને મુંબઈથી આવતા લોકોને ઘણો ફાયદો કરાવશે. આ તબક્કો કાશીગાંવથી દહીસર સુધીનો છે. આ રેડ લાઈન ૯માં આઠ સ્ટેશનો છે. જેમાં દહિસર, પાંડુરંગ વાડી, મીરાગાંવ, કાશીગાંવ, સાઈ બાબા નગર, મજિઠિયા નગર, શહીદ ભગત સિંહ ગાર્ડન અને સુભાષ ચંદ્ર બોઝ સ્ટેડિયમનો સમાવેશ થાય છે. પ્રથમ તબક્કામાં, કાશીગાંવ સુધીના ફક્ત પ્રથમ ચાર સ્ટેશનો જ ખુલશે. ૨૦૨૫ ના અંત સુધીમાં આ રૂટ પર મેટ્રો સેવા શરૂ કરવાની યોજના ધરાવે છે. મેટ્રો-૯ કોરિડોર પણ મેટ્રો-૭અ સાથે જોડાયેલ છે. મુંબઈ મેટ્રો-૯ કોરિડોરના સમગ્ર રૂટનું ૮૫ ટકાથી વધુ સિવિલ વર્ક પૂર્ણ થઈ ગયું છે. આ રૂટ પર કુલ ૮ સ્ટેશન છે. ચાર સ્ટેશન ટ્રાયલ માટે તૈયાર છે, જ્યારે બાકીના ચાર મેટ્રો સ્ટેશન પણ આગામી થોડા અઠવાડિયામાં ટ્રાયલ રન માટે તૈયાર થઈ જશે. મુંબઈ મેટ્રો રેડ લાઈન ૯ એ થાણે જિલ્લામાં પહેલી મેટ્રો રેલ છે જે મીરા રોડ સુધી ચાલશે. આ મેટ્રો લાઇન અંધેરી-દહિસરથી મીરા-ભાયંદર સુધીની રેડ લાઇન ૭ નું વિસ્તરણ છે. આનાથી પ્રથમ તબક્કામાં અંધેરીથી કાશીમીરા સુધી સીધો મેટ્રો લિંક સક્ષમ બનશે.

# હિન્દુ મરણ

**મોઢ ચાતુર્વેદિય ખીજડીયા સમવાય બ્રાહ્મણ**

શેલણા નિવાસી હાલ કાંદીવલી, સ્વ. બાબુલાલ રામજી ભટ્ટના ધર્મપત્ની પ્રભાબેન ભટ્ટ (ઉં.વ. ૮૩) રવિવાર, તા. ૧૧-૫-૨૫ના કૈલાસવાસી થયેલ છે. તે પદ્મિનીબેન, સ્મિતાબેન તથા રાજેન્દ્રભાઈના માતૃશ્રી. જયેન્દ્રકુમાર ઉપાધ્યાય, પ્રદીપકુમાર જોશી, અંજનાબેન ભટ્ટના સાસુ. ગં.સ્વ. તારાબેન લાભશંકર દવે, સ્વ. ભાવનાબેન હરેશભાઇ દવે, ગં.સ્વ. બીનાબેન ભરતભાઈ દવેના નણંદ. સ્વ. મધુબેન કનૈયાલાલ ત્રિવેદી, રેણુકાબેન હિમાંશુભાઈ ઠાકોરના બેન, પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૫-૫-૨૫ના ૫ થી ૭. સમાજમંદિર હોલ, શ્રી દત્તગુરુ સંઘર્ષ ઉદ્યાનની અંદર, પ્લોટ નંબર ૮૨૮, ઓમસાઈ અથર્વ સોસાયટીની સામે, સેકટર -૮, ચારકોપ, કાંદીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

હાલ બોરીવલી, કનકલત્તા ગરીબા (ઉં.વ. ૮૨) તા. ૧૨/૫/૨૫ના શ્રીજીચરણ પામેલ છે, જે સ્વ. મોહનલાલ ભાણજી રાચ્છની સુપુત્રી. સ્વ. નવીનચંદ્ર વીશનજી ગરીબાની પત્ની. દીપક નવીનચંદ્ર, નીતિન નવીનચંદ્ર, હિના હસમુખકુમારની માતા. ભાવના દીપક, સોનલ નીતિનની સાસુ. સૃષ્ટિ અનુજ દમાણી, તીર્થ ગરીબાના દાદી. દીપ, જીતેન્દ્રના નાની. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫/૫/૨૫ ગુરૂવારના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, બીજો માળ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામ રોહા કોટડા, સ્વ. ઠાકરશી જમનાદાસ ઠક્કરના ધર્મપત્ની ગં. સ્વ. દમયંતીબેન (ઉં.વ. ૮૪) તે જીવરામ વલ્લભદાસ કોઠારીની પુત્રી. જયશ્રીબેન અજીતભાઈ, ભાવના પરેશ, મમતા અશોકનાં માતૃશ્રી. ગં.સ્વ. સરલાબેન હરિભાઈ, સ્વ. હંસાબેન અરવિંદભાઈ, સ્વ. વસંતબેન હરિશ્ચંદ્રના ભાભી. લક્ષ્મીકાંત કોઠારી, ગં.સ્વ. નિમાબેન રમેશભાઈ, દક્ષાબેન તરૂણભાઇ, સ્વ. કિશોરભાઈના બહેન. ભરત, રિદ્ધિ, યશ, પાર્થ, આદિત્ય, અંશલ અને પર્ણિકાના નાની-દાદી. તા. ૧૨/૫/૨૫ને સોમવારે શ્રીજીચરણ પામેલ છે. બંન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૫/૫/૨૫ના ૫.૩૦ થી ૭.૦૦. અગ્રસેન હૉલ, સ્વામિનારાયણ મંદિરની ઉપર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

સ્વ. ઉમેશભાઈ રઘુભાઈ મણીઆર (ઉં.વ. ૬૪) તા. ૧૪-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કુમુદબેનના પતિ. અંકિત તથા ઊર્વીબેન નયનીશકુમાર દમણીયાના પિતાશ્રી. મયૂરીના સસરા. પ્રદીપભાઈ તથા સ્વ. વિનોદભાઈના નાના ભાઈ. સ્વ. સરલાબેન તથા લતાબેનના દિયર. નિવીષાના દાદા. તેમની પ્રાર્થનાસભા તા. ૧૫-૫-૨૫ ગુરુવારના ૪.૦૦થી ૬.૦૦. ઉમેશભાઈ રઘુભાઈ મણીઆર, બી-૭૦૫, રાધાક્રિષ્ણા સોસાયટી, સોના ઉદ્યોગની સામે, પારસી પંચાયત રોડ, અંધેરી (પૂર્વ).

**પાટણ દશા પોરવાડ વૈષ્ણવ**

પાટણ નિવાસી, હાલ મુંબઈ, મધૂકર મહેતા (ઉં.વ. ૮૫) તે સ્વ. પુષ્પાબેન સુંદરલાલ મહેતાના પુત્ર. સ્વ. કુસુમબેનના પતિ. સુનિલના પિતા. અમિષાના સસરા. તે સ્વ. કોકિલા, સ્વ. જશોદા, સ્વ. અનિલ, સ્વ. ભગવાન, દેવિકા, સ્વ. જગદીશ, સ્વ. કાશ્મીરાના ભાઈ. તે સ્વ. શાંતાબેન બાલુભાઈ શાહના જમાઈ. તા ૧૪-૫-૨૫ને બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કંઠી ભાટિયા**

મુગણી નિવાસી, હાલ ચેમ્બુર, દિલીપભાઈ ગોન્ડલિયા, (ઉં.વ. ૭૪) તા. ૧૧-૫-૨૫ના રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વિમલબેન પ્રભુદાસ ગોન્ડલિયાના પુત્ર. શીલાબેનના પતિ. સોનલ જતીનના પિતાશ્રી. મીશેલ, મનનના સસરા. સ્વ. મયૂરીબેન, ઉશાબેન, ગીતાબેનના ભાઈ. વિવાન, જીયાના દાદા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૫-૫-૨૫ના ૪.૩૦થી ૬.૦૦ ફાઈન આર્ટસ સોસાયટી હોલ, આર.સી. માર્ગ, ચેમ્બુર (ઈ).

**ઘોઘારી લોહાણા**

સાવરકુંડલા નિવાસી હાલ ફોર્ટ, યશવંતભાઈ સોઢા તા. ૧૨-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કાંતાબેન અને વલ્લભદાસ સોઢાના પુત્ર. શાંતાબેન અને ગોવિંદજી લાખાણીના જમાઈ. તે તારા સોઢાના પતિ. તે કેતન, તેજલના પિતા. તે બિયા કેતન સોઢા, દીપક ગોકાણીના સસરા. દૃષ્ટિ અને હિતાંશુના દાદા પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૫ મે ૨૦૨૫, ૫થી ૭. સ્થળઃ ઋણાનુબંધ હોલ, વાય.બી.ચૌહાણ, ગ્રાઉન્ડ ફ્લોર ઓડિટોરિયમ, મંત્રાલયની સામે, નરીમન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧. લૌકિક વ્યવહાર બંધ છે.

**માંગરોળ દશા સોરઠિયા**

માંગરોળ નિવાસી હાલ ઘાટકોપર, જયાબેન પારેખ (ઉં.વ. ૮૪) તા. ૧૩-૫-૨૫, મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. તે પ્રભાસ પાટણ નિવાસી સ્વ. મણિબેન લક્ષ્મીદાસ લીલાધર શાહ (મહાત્મા)ના સુપુત્રી. સ્વ. લલિતકુમાર મોહનલાલ પારેખના ધર્મપત્ની. સોનલ મેહુલ અને સીમા ભાવેશ મેઘાણીના મમ્મી. નિકી, નિયા, અનમોલના દાદી. કરણ, મહેકના નાની. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નવગામ ભાટિયા**

મહેન્દ્રભાઈ (ઉં.વ. ૭૨) ધ્રોલવાળા, હાલ બોરીવલી, સ્વ. લાભુબેન પદમશી વેદના સુપુત્ર. ઉષાના પતિ. ખુશ્બૂ શ્રેયસ કિટ્ટા અને વિશાલના પિતા. સ્વ. પુષ્પાબેન પ્રાગજીભાઈ આશરના જમાઈ. રજનીબેન રજનીકાંત સરૈયા, સ્વ. ચંદ્રકાંત (કાકુભાઈ), વિજય, જયશ્રી ગોપાલ ઉદેશી, દીપક અને અજયના ભાઈ. શ્રેયા વિશાલ વેદના સસરા. તા. ૧૪-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૨૫ ૫થી ૭. સ્વામિનારાયણ હોલ, યોગી નગર, બોરીવલી (વેસ્ટ).

**મેઘવાળ**

ગામ પરવડી (ગારિયાધાર) હાલ મહાલક્ષ્મી મુંબઈ, શ્રીમતી નિર્મળાબેન તથા નાનજી કરસન ગોહિલના પુત્ર સ્વ. કૌશિક ગોહિલ (ઉં.વ. ૩૬) તા. ૬-૫-૨૫ના મંગળવારના રામશરણ પામ્યા છે. તેઓ હર્ષાબેનના પતિ. પાર્થિવના પિતાજી. રાજેશ અને અજયના નાના ભાઈ. વર્ષા અને ભાવનાના દિયર. શ્રીમતી રામુબેન તથા નાનજી રણછોડભાઈ કોળીના જમાઈ. તેમનું કારજ (બારમું) તા. ૧૬-૫-૨૫ના શુક્રવારના રોજ સવારે ૧૦ વાગે રાખેલ છે. સ્થળઃ આઓ સાંઈ બિલ્ડિંગ, એ-૬, રૂમ નં. ૧૧૩, પહેલે માળે, ડૉ. આંબેડકર નગર મહાલક્ષ્મી, મુંબઈ-૪૦૦૦૩૪.

**કપડવંજ દશા શ્રીમાળી વણિક**

અ.સૌ. રોહિણી વિમલેશ પરીખ (ઉં.વ. ૬૯) રાહુલ અને રોનકના માતુશ્રી. પાયલના સાસુ. સમરના દાદી. મુકેશભાઈ અને પરેશભાઈ કાપડિયાના બહેન. તા. ૧૩-૫-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

ખુશનાઝ દિનશાહ ડુંગાજી તે કેરમાન તથા મરહુમ ડૉ. દિનશાહ રૂસ્તમ ડુંગાજીના દીકરી. તે કૈનાઝ ઝુબીન મોરીસના બહેન. તે પાયાનદેહ અને યાઝીશના માસી. (ઉં.વ. ૬૦) રે.ઠે.: ૩૩/બી, એમપાયર એસ્ટેટ, ખંબાલા હીલ, કેમ્પસ કોરનર, મુંબઈ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૬-૦૫-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે સાહેર અગ્યારિયામાં છેજી.

જહાંગીર બરજોર ધોંડી તે ડેઝી જહાંગીર ધોંડીના ખાવીંદ. તે મરહુમો બરજોર તથા તેહમીના દીકરા. તે ઝરલીના, ઝેન્ડ તથા અર્ષના પપ્પા. તે ઈએનના સસરા. તે આરિયાના મમાવા. તે જહાંગીર ડાયના મહેરઝાદ ઝહાનના ફૂવા. (ઉં.વ. ૭૬) રે.ઠે.: ડી-૨/૪૫, એસ.બી. ભરુચા કોલોની, એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૫-૦૫-૨૦૨૫ને દિને ૩.૪૦ વાગે બપોરે સાલસેથ અગ્યારીમાં અંધેરી પર.

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રી (વરઝડીયા)ના માતુશ્રી લક્ષ્મીબેન હીરજી ગાલા (ઉં.વ. ૯૧) તા. ૧૨-૫-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ઉમરબાઈ દેરાજ લધાના પુત્રવધૂ. વિપુલના માતા. લુણી પુંજા ગોવા સોનીના પુત્રી. લુણી કંકુબેન લાલજી, છસરા ભાણબાઈ વેલજી, રતાડીયા ગ. ઉમરબાઈ નેણશી, લાખાપુર પુરબાઈ શાંતિલાલ, મંજુલા માવજી, વાંકી ભાનુમતી લાલજી, લુણી મણીબેન વશનજીના બેન. પ્રા. શ્રી માટુંગા શ્વે. જૈન સંઘ સંચાલિત નારાયણજી શામજી વાડી, ટા. ૪ થી ૫.૩૦. નિ. વિપુલ ગાલા, ૪૦૨, પ્રતાપ પેલેસ, જે.એન. રોડ, મુલુંડ (વેસ્ટ).

નાની તુંબડીના ચંચળબેન (બચુબાઈ) વલ્લભજી (બચુભાઈ) સાવલા (ઉં.વ. ૮૭) તા. ૧૩-૫-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. હાંસબાઈ લખમશીના પુત્રવધૂ. વલ્લભજી (બચુભાઈ)ના પત્ની. પ્રદીપ, વસંત, છાયાના માતા. સાકરબેન જેવત, મમીબાઈ હેમરાજના પુત્રી. પ્રેમજી, રવિલાલ, શાંતિ, ડો. દેવચંદ, મહેન્દ્ર, નવસારી વાસંતી જયંતી, રાયણ દમયંતી તરૂણ દેવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.પ્રદીપ સાવલા. ૯૨, અશ્વિન હાઈટસ, ગોખલે રોડ, દહાણુકર વાડી, કાંદિવલી (વે).

**ક્રાઠ સત્યાવીસ દશા શ્રીમાળી જૈન**

મૂળ પેઢામલી નિવાસી હાલ વસઈ વેસ્ટ, સ્વ. પદમાબેન નવીનચંદ્ર વાડીલાલ શાહના સુપુત્ર રાજેશભાઈ (ઉં.વ. ૫૭) મોહિનીબેનના પતિ. યેશાના પિતા. રાખીબેનના ભાઈ. કલ્પેશભાઈના સાળા. સરોજબેન ગૌતમલાલ શાહના જમાઈ, સોમવારે તા. ૧૨/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે, સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિવાસઃ રાજેશભાઈ નવીનચંદ્ર શાહ, એ-૨ શીતલ બિલ્ડિંગ, ધુરી કોમ્પલેક્ષ, ઓમ નગર, અંબાડી રોડ, વસઈ વેસ્ટ.

**દશા શ્રીમાળી દિગંબર જૈન**

લાઠી નિવાસી હાલ બોરીવલી, અ. સૌ. માધવીબેન (ઉં.વ. ૫૩) દહેપરિવર્તન તા. ૧૩/૫/૨૫ના મંગળવારના થયેલ છે. તેઓ ભુપેન્દ્ર બળવંતરાય ભાયાણીના ધર્મપત્ની. જીનાલી કેરોન અગ્રવાલ તથા આયુષીના માતુશ્રી. મૃદુલાબેન ઉપેન્દ્રભાઈ શાહની દીકરી. જ્યોતિબેન જયેશ ભાયાણી , કાજલબેન ભાવેશ ભાયાણીના દેરાણી. નિશાબેન જીતુભાઇ જાગણી, ધર્મેનભાઈ, કૌશલભાઈના બેન, પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાલી સ્થા. જૈન**

ગામ ભાવનગર હાલ મુંબઇ, સ્વ. વસંતબેન ચત્રભુજ શાહના સુપુત્ર હસમુખભાઈ શાહ (ઉં.વ. ૮૪) તા. ૧૩-૫-૨૫ના અરીહંતશરણ પામેલ છે. તે રાજુલબેનના પતિ. જતિન, નિલેશ તથા ફાલ્ગુનીના પિતા. અ.સૌ. પ્રિતી, હિરલ અને મયૂર સોમૈયાના સસરા. નલિનભાઈ, રાજેશભાઈ, કુસુમબેન, ઇન્દિરાબેન, નિલમબેન તથા ભારતીબેનના ભાઈ. સસરાપક્ષ પ્રેમચંદ ગુલાબચંદ દોશી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

હાલ વિલેપાર્લે, સ્વ. સુભદ્રાબેન હિંમતલાલ શાહનાં સુપુત્ર અનિલભાઈ (ઉં.વ. ૭૮) તા. ૧૩-૫-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે સરલાબેનનાં પતિ. તેજસ અને અમીનાં પપ્પા. સોના અને નીરવકુમારનાં સસરા. સ્વ. છનાલાલ, સ્વ. નવીનભાઈ, સ્વ. નિરંજનભાઈ, સ્વ. જ્યોત્સનાબેન, દિલીપભાઇ, ભારતીબેન અને શૈલેષભાઈનાં ભાઈ. સ્વ. કિર્તિલાલ પ્રતાપશી મણિયારનાં જમાઈ, પ્રાર્થનાસભા તા. ૧૮-૫-૨૫ રવિવારનાં ૧૦ થી ૧૨. જલારામ હોલ વિલે પાર્લે વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘેટી નિવાસી હાલ મુલુંડ, નગીનદાસ પ્રાગજી મહેતા (ઉં.વ. ૮૯) તે સ્વ. નિર્મળાબેનના પતિ. ચિ. બળવંત, પલ્લવી રાજેશકુમાર, ભારતી વિમલકુમાર, અમી તરુણકુમાર, મનીષા ભાવેશકુમાર, પ્રીતિ આશિતકુમારના પિતાશ્રી. હેમાલીના સસરા. હિલોનીના દાદા. વિજયાબેન ધરમશી સંઘવી, સ્વ. મનસુખભાઈ સ્વ. ચત્રભુજભાઈ, સ્વ. ધીરજલાલ, સ્વ. અનોપચંદભાઈના ભાઈ. સ્વસુર પક્ષે મણિલાલ રાઘવજી શાહ (સિહોર વાળાના) જમાઈ. બુધવાર, તા. ૧૪-૫-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. સાદડી (બન્ને પક્ષની સાથે) રવિવાર, તા. ૧૮/૫/૨૫ના ૩ થી ૫. શ્રી મુલુંડ ઘોઘારી વિશા શ્રીમાળી સમાજ હોલ, સમ્યક્ હોરાઇઝન (હેતલ), ઝવેર રોડ મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર તથા સાદડીની પ્રથા બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

પોળની શેરી, ફોફલીયો વાડો હાલ મુંબઈ, સ્વ. દિલીપભાઈ વ્રજલાલ શાહ (ઉં.વ. ૭૬) બુધવાર, તા. ૧૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. કમળાબેન વૃજલાલ શાહના પુત્ર. સ્વ. દિવાળીબેન મણિલાલ વકીલના જમાઈ. કોકિલાબેનના પતિ. સ્વ. લલિતભાઈ, ચંદ્રવદનભાઈ, તારકભાઈ, મૃદુલાબેન, નિરુપાબેનના ભાઈ. પૂર્વીબેન, રવિભાઈ, ક્ષિતિજભાઈના પિતા. મનીષકુમાર, નેહલબેન, આત્સીબેનના સસરા. ૭૮/૨૦, પાટણ જૈન મંડળ 'એફ' રોડ, મરીનડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦. (લૌકિક વ્યવહાર બંધ છે.)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



## પરિવારમાં પુરુષનું સ્થાન અગ્રક્રમે, પરંતુ કદર કયા ક્રમે?

આજે ૧૫ મે, 'આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ'ની ઉજવણી વિશ્વભરમાં થઈ રહી છે. યુનાઈટેડ નેશન્સ (યુએન)નું માનવું છે કે વિશ્વના તમામ સમુદાયમાં પરિવારનું મૂલ્ય સમજાય અને આધુનિકતાના નામે પરિવારોનું જે ધોવાણ થઈ રહ્યું છે તે રોકાય એ માટે આ દિવસ ઉજવવામાં આવે છે.

ભારત એક પરિવારપ્રધાન દેશ છે. આપણે ત્યાં પરિવાર ભલે નાના થયા હોય, પરંતુ પશ્ચિમી દેશોમાં જે હદે પારિવારિક મૂલ્યોનો નાશ થયો છે એ હદે ભારતમાં નથી થયું. આપણે ત્યાં જુદા જુદા ઘરોમાં રહેતા પરિવારો વારેતહેવારે ભેગા થાય છે- એકબીજાને મળે છે અને પારિવારિક મૂલ્યોનું જતન કરે છે. આ દ્રષ્ટિએ પશ્ચિમની તુલનામાં ભારતની સ્થિતિ ઘણી સારી છે.

આમ છતાં , આજે આપણે એક-બે મહત્ત્વ પ્રશ્ન ઉઠાવવા છે: ભારતીય પરિવારોમાં પુરુષની કિંમત શું છે? શું પુરુષ માત્ર 'બ્રેડ વિનર' છે? શું એના નસીબમાં જશની રેખા નથી? અને શું એના યોગદાનની જોઈએ તેટલી કદર થાય છે ખરી ?

**પુરુષઃ માત્ર બ્રેડ વિનર કે તેનાથી વધુ?**

ભારતીય પરિવારમાં પુરુષની ભૂમિકા ઘણીવાર આર્થિક આધારસ્તંભ તરીકે જોવામાં આવે છે. ઘરની રોજી-રોટી રળવી, બાળકોનું શિક્ષણ, માતા-પિતાની સંભાળ, બહેનના લગ્ન આ બધી જવાબદારી પુરુષના ખભે નાખવામાં આવે છે. આજે ભલે સ્ત્રીઓ પણ આર્થિક રીતે યોગદાન આપતી હોય, પરંતુ ઘણા પરિવારોમાં પુરુષ પર આર્થિક બોજનું મુખ્ય દબાણ રહે છે. આ જવાબદારી એને લાંબા કલાકો સુધી કામ કરવા, વ્યાવસાયિક તણાવનો સામનો કરવા અને પોતાની ઇચ્છાઓને દબાવવા મજબૂર કરે છે એટલે શું પુરુષની ભૂમિકા ફક્ત રોટી કમાવવા પૂરતી સીમિત છે?

ના, પુરુષ માત્ર બ્રેડ વિનર નથી. એ પરિવારનો રક્ષક- માર્ગદર્શક ને ભાવનાત્મક આધાર પણ છે. ભારતીય સંસ્કૃતિમાં પુરુષને ઘરનું સન્માન જાળવનાર અને સુરક્ષા પૂરી પાડનારા મોભી તરીકે જોવામાં આવે છે. એ બાળકોને સંસ્કાર આપે છે, પત્નીની લાગણીઓને સમજે છે અને વૃદ્ધ માતા-પિતાની સેવા કરે છે. આધુનિક યુગમાં, પુરુષ ઘરના કામમાં, બાળકના ઉછેરમાં અને પરિવારના ભાવનાત્મક સમર્થનમાં પણ ભાગ લે છે. આ બધું એ દર્શાવે છે કે પુરુષની ભૂમિકા બહુઆયામી છે, જે ફક્ત આર્થિક જવાબદારીઓથી આગળ વધીને છે.

**પુરુષના યોગદાનની કદર**

પરિવાર માટે પુરુષ જે બલિદાન આપે છે એની કદર થવી જરૂરી છે. ઘણીવાર, પુરુષની મહેનતને ગૃહીત લેવામાં આવે (અંગ્રેજીમાં કહીએ તો Taken for Granted ! ) છે. એક પિતા, જે પોતાના સંતાનના શિક્ષણ માટે પોતાની બચત ખર્ચી નાખે છે અથવા એક ભાઈ, જે પોતાની બહેનના લગ્ન માટે પોતાના સપનાં મુલતવી રાખે છે, એની મહેનત દેખાતી હોય છે, પરંતુ એની ભાવનાત્મક લાગણીઓ અને માનસિક તણાવ ઘણીવાર અજાણ્યા રહે છે.

આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ આપણને યાદ અપાવે છે કે પરિવારના દરેક સભ્યનું યોગદાન મૂલ્યવાન છે અને પુરુષની કદર કરવી એટલે એના બલિદાનોને સ્વીકારવું.

પુરુષની કદર એટલે ફક્ત એની આર્થિક મહેનતની પ્રશંસા નહીં, પરંતુ એની ભાવનાત્મક શક્તિ અને નિર્ણયોનું પણ મૂલ્યાંકન કરવું. ભારતીય સમાજમાં પુરુષને હંમેશાં 'મજબૂત' ગણવામાં આવે છે, જેના કારણે એ પોતાની નબળાઈ કે માનસિક સમસ્યા વ્યક્ત કરવામાં ખચકાય છે. આવી રૂઢિઓને તોડવાની જરૂર છે. પરિવારની અંદર જ એવું વાતાવરણ ઊભું થવું જોઈએ, જ્યાં પુરુષ પોતાની લાગણીઓ ખુલ્લેઆમ વ્યક્ત કરી શકે. એક સરળ 'આભાર' કે 'તમે ઘણું કરો છો' જેવા શબ્દો પણ પુરુષના મનોબળને વધારી શકે છે અને ખાસ તો પરિવારોએ એ પણ શીખવું-સમજવું પણ પડશે કે 'મર્દ કો ભી દર્દ હોતા હૈ!'

**પુરુષના નસીબમાં જશની રેખા**

શું પુરુષના નસીબમાં જશની રેખા નથી? આ પ્રશ્ન ઊંડો છે. ઘણીવાર, પુરુષ પોતાની જવાબદારીઓમાં એટલો ડૂબી જાય છે કે એના પોતાના આનંદ અને સપનાં પાછળ રહી જાય છે. આપણે ત્યાં પુરુષને 'પરિવાર માટે જીવવું' એવું શીખવવામાં આવે છે, પરંતુ પોતાની ખુશી પણ એટલી જ મહત્ત્વની છે. 'આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ' એક તક છે જે આપણને યાદ અપાવે છે કે પુરુષને પણ આનંદનો હક છે. પરિવારે એને પોતાના શોખ, આરામ અને સપનાં માટે સમય આપવો જોઈએ. એક નાનકડું વેકેશન, એક શોખની પૂર્તિ કે ફક્ત થોડો આરામ પણ એના જીવનમાં જશનની રેખા ઉમેરી શકે છે.

ખાસ તો પરિવારે એ શીખવું પડશે કે પુરુષને મોભ કહીને છટકી ન શકાય... મોભ પણ આખરે એક સ્વતંત્ર લાકડું છે. એ જ રીતે પુરુષ પોતે પણ એક સ્વતંત્ર વ્યક્તિત્વ છે. એની ઈન્ડિવિજ્યુઆલિટી (સાચો ઉચ્ચાર- ઈન્ડિવિડ્યુઅલિટી)- વ્યક્તિત્વ સાથે ક્યારેય ચેડાં ન કરવા જોઈએ. એને થોડી સ્પેશ આપવી જોઈએ, જેથી એ પોતાના અસ્તિત્વને પરિવારથી અલગ જોઈ-તારવી શકે- માણી શકે. ■



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## માત્ર વહુ જ નથી વગોવતી મોટાં ખોરડાં...

ડિયર હની,

આપણે ઘણીવાર ચર્ચા થઇ છે કે, આ સાસુ-વહુના ઝગડા ખતમ ક્યારે થાય કે થશે? એનો જવાબ સાવ સહેલો નથી, કારણ કે આજેય મોટાભાગના ઘરોમાં ઘરની સમસ્યા માટે મોટાભાગે વહુને જવાબદાર ગણવામાં આવે છે. આમ તો સાસુ કહેતી હોય છે કે, 'વહુ આવે એટલે ઘરની જવાબદારીમાંથી છુટું..' પણ વહુ આવ્યા બાદ કોઈ સાસુ એમ વહુને બધી સત્તા આપતી નથી ને અહીંથી સમસ્યા શરૂ થાય છે.

મને તો પેલું લોકગીત પણ બહુ ખૂંચે છે : 'વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં...' આ ગીત વર્ષો જૂનું છે અને ગવાતું રહે છે. મહિલાઓ જ એ ગાય છે. એમાં એ બધા ક્યારેક ને ક્યારેક વહુ રહી જ હોય છે, છતાં આ ગીત એ ગાતી રહે છે. નવીસવી વહુને સબંધી આ લોકગીત લખાયું છે અને ગવાતું રહે છે.

આ ગીત તેં કદી આખું સાંભળ્યું છે? આજની વહુઓ તો નહીં જ સાભળ્યું હોય.

હરખના દાડા તો માતા વહી ગયા રે લોલ
દખનાં ઉગ્યાં છે ઝીણા ઝાડ જો
કવળાં સાસરિયામાં જીવવું રે લોલ
પછવાડે ઊભેલ નણંદ સાંભળે રે લોલ
વહુ કરે છે આપણાં ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
નણંદીએ જઈ સાસુને સંભળાવિયું રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
સાસુએ જઈ સસરાને સંભળાવિયું રે લોલ
વહુ કરે છે આપણાં ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

સસરાએ જઈ જેઠને સંભળાવિયું રે લોલ
વહુ કરે છે આપણાં ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
જેઠે જઈ પરણ્યાને સંભળાવિયું રે લોલ
વહુ કરે છે આપણાં ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

પરણ્યે જઈને તેજી ઘોડો હાંકિયો રે લોલ
જઈ ઝૂકાડ્યો ગાંધીડાને હાટ જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ....

આટલું થયા પછી વાત પૂરી થતી નથી. પછી વહુને ઝેર પીવાની ફરજ પાડવામાં આવે છે અને એના અંતિમ સંસ્કાર સુધીની વાત આ લોકગીતમાં આવે છે. આ ગીતનાં અનેક અર્થ કરી શકાય એમ છે. કોઈ કહે છે કટાક્ષ છે, કોઈ કહે છે એક સંદેશ છે. જોકે, વાસ્તવિકતા તો એ છે કે, આ લોકગીતમાં પણ પુરુષપ્રધાન સમાજની છબી અંકિત થયેલી છે, જેમાં વહુ પાસે જ બધી અપેક્ષા રાખવામાં આવે છે - વહુને દંડવાની જ વાત આવે છે. આવાં બીજાં ગીતો પણ છે : 'વહુના વાંકે ઘર બગડે'... 'નવી વહુ આવી ઘરમાં...' અને ગુજરાતી સિવાયની બીજી ભાષાઓમાં પણ આવાં ગીત છે.

રાજસ્થાનમાં 'બહુ બડેરી...'

જેવાં ગીતોમાં વહુના વર્તનને ઘરની અશાંતિ સાથે જોડવામાં આવે છે. ભોજપુરી લોકગીતોમાં ' 'नई बहुरिय-નવી વહુ' ને લગતાં ગીતોમાં વહુના અનુભવના અભાવને લીધે ઘરમાં થતી ગડબડનું રમૂજી વર્ણન હોય છે. પંજાબીમાં વહુની ભૂલો જેવાં ગીતોમાં વહુની નવી ભૂમિકા અને તેના કારણે થતી ગેરસમજોને રમૂજના રૂપમાં દર્શાવાય છે.

ટૂંકમાં, આ લોકગીતોમાં રમૂજ ભલે હોય પણ ઇશારા તો વહુને વગોવવના જ હોય છે. બીજી બાજુ, સાસુ કે પુરુષોને વગોવતાં ગીતો બહુ ઓછાં છે. ઉદાહરણ તરીકે, ' સાસુ બોલે બધું ખોટું, વહુનું શું ચાલે?' જેવી પંક્તિઓ હાસ્યના રૂપમાં સાસુની ટીકા કરે છે. આ ગીતો ઘણીવાર મહિલાઓના સમૂહમાં ગવાય છે. 'સાસુનો ડર રહે, વહુ ન કરે કામ...' એવું ય ગીત છે. અન્ય ભાષાઓમાં પણ કેટલાં ક ગીતો છે. મહારાષ્ટ્રમાં सासूबाईची कटकट' (સાસુની કટકટા) જેવાં ગીતોમાં સાસુની નાની-નાની ટેવો કે એના કડક સ્વભાવ પર ટીકા થાય છે. આ ગીતો ગ્રામીણ મહિલાઓમાં લોકપ્રિય છે.

બંગાળમાં વહુ-સાસુ ગીતોમાં ક્યારેક સાસુની અપેક્ષાઓ અને વહુની મુશ્કેલીઓનું રમૂજી વર્ણન હોય છે. ભારતના આદિવાસી સમુદાયો, જેમ કે ગુજરાતના ભીલ અથવા રાજસ્થાનના ગરાસિયાનાં ગીતોમાં ક્યારેક પુરુષોની બેદરકારી (જેમ કે દારૂ પીવો કે ઘરની જવાબદારી ન લેવી) પર ટીકા થાય છે.

આજનાં આધુનિક ગીતોમાં પણ કેટલાક દાખલા છે. ફિલ્મી ગીતો પણ છે. 'દિલ્લી-૬'નું 'સાંસ ગારી દેવે ...' બહુ લોકપ્રિય બન્યું હતું. જો કે, આવાં ગીતોનું પ્રમાણ બહુ ઓછું છે. આધુનિક કવિઓ પણ આવા વિષયો પર ઓછું લખે છે. સંદેશ સ્પષ્ટ છે કે, મહિલાઓની સ્થિતિ ભલે સુધરી છે, પણ પુરુષ પ્રધાન સમાજમાં હજુય સ્ત્રી પર કેટલાંક બંધન છે. સ્ત્રી શિક્ષિત થઇ છે, કમાતી થઇ છે એટલે એ સાસરિયામાં ત્રાસ સહન કરતી નથી અને ફરિયાદ કરતી થઇ છે, પણ હજુ ફરિયાદ ના થઇ હોય એવા કિસ્સાનું પ્રમાણ ઝાઝેરું છે.

સાસુઓએ, સસરાઓએ અને પતિદેવોએ એ સમજવું પડશે કે તમારે ઘેર આવેલી વહુને પણ બધા અધિકાર છે. એ સોફ્ટ ટાર્ગેટ

તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## મા તુઝે સલામ...

હમણાં ભારત સહિત મે મહિનાના બીજા રવિવારે દુનિયાના મોટાભાગના દેશમાં મધર્સ - ડે ઉજવાઈ ગયો. આ અવસરે ચારેકોર માતૃપ્રેમ છલકાયો. માતાઓના હરખનો પાર ન રહ્યો.

આજે કોઈ ઘટના કે બીજી વાત લખવાને બદલે મધર્સ ડે તાજેતરમાં જ ઉજવાયો હોવાથી તેના વિશે વાત કરીએ.

આપણે જે વાતો કરીશું તે પિતાને પણ એટલાં જ પ્રમાણમાં લાગુ પડશે, પરંતુ હમણાં મધર્સ-ડે તાજો છે તેથી માતાને કેન્દ્રમાં રાખીને કાંઈક લખવું એવું નક્કી કર્યું.

હા, તો આઅ દિવસની ઉજવણી વખતે માતાઓ વિશેષ હરખાઈ, કારણ કે વર્ષભર તો માતાને ફરિયાદો જ સાંભળવા મળે છે જે કાંઈ ભૂલ થાય, કે કાંઈ ખટું થાય તો તે મમ્મીને કારણે જ થતું હોય છે તેવું સંતાનો તેમજ સંતાનોના પપ્પા પણ માનતા હોય છે. એ જ કારણ છે કે વર્ષમાં એક દિવસ વ્યક્ત થતો આવો ભાવ બાને-મમ્મીને ગમે છે. ઓ એ જ મા છે જે કદી પોતાને માટે જીવી નથી. એ આખી જિંદગી બીજા માટે જ જીવે છે, ત્યાગ કરે છે. માતા બધું આપ્યાં જ કરે, સંતાનો લીધાં જ કરે અને મા આમને આમ ઘરડી થઈ જાય. આ એ જ માતા છે જેણે આખી જિંદગી બાળક્ની ચિંતા કરી, સાચવ્યા, તેના સુખ-ખુશી માટે ઈશ્વરને પ્રાર્થના કરી, તે બાળકની બીમારી વખતે રાતોની રાતો જાગી. હવે મા જ્યારે ઘરડી થઈ છે ત્યારે સંતાને નથી સાચવવાની માને? અલબત્ત, પિતાને પણ.

કાળચક્ર ફેરવાય. 'વારા પછી વારો અને તારા પછી મારો'. માતાનો- પિતાનો વારો પૂરો થયો હવે સંતાનનો વારો છે એમને સાચવવાનો. ઘણાં સંતાન પોતાની આ જવાબદારી- ફરજમાંથી છટકી જાય છે. ઘણીવાર અપમાન કરે, ધુત્કારે, માને સાચવવાના વારા કાઢે. એ માને સાચવવાના વારા કાઢે જે માએ એકલાં હાથે ચાર-પાંચ સંતાનોને ઉછેર્યાં છે - સાચવ્યા છે.

મા આ બધું સમજે છે, છતાં નહીં સમજવાનો અભિનય કરે છે. બધી વાત હસીને ભૂલી જવાનો પ્રયત્ન કરે છે. મા તો અભણ છે ને? એને ક્યાં કંઈ સમજ પડે છે? કારણ કે એ આબાદ અભિનય કરી જાણે છે. બધું જાણવા છતાં કાંઈ નહીં જાણતી હોવાનો, કાંઈ નહીં સમજતી હોવાનો અભિનય.

માતા હંમેશાં પોતાનાં સંતાનોના વખાણ કરે, ગમે એવો દીકરો હોય માને વહાલો જ હોય.

માતાને વૃદ્ધામમાં મૂકી હોય છતાં મા પોતાના દીકરા માટે ઘસાતું બોલવા તૈયાર નથી એનો મને જાત અનુભવ છે. આ 'સંધ્યા-છાયા' કોલમ માટે વૃદ્ધાશ્રમમાં રહેતા માતા-પિતાને મળીને એમની પાસેથી વાત જાણવાનો પ્રયત્ન કરતી ત્યારે મોટાભાગના માતા-પિતા એમ જ કહેતા કે, 'મારા પુત્ર-પુત્રવધૂ તો બહુ સારા છે. પણ અમે જ અહીં આવી ગયા છીએ. અહીં સમવયસ્કોની કંપની મળેને એટલા માટે અમારે જ આવવાનું હતું.'

બિટવીન ધ લાઈન્સનો-મોઘમ રાખવામાં આવીલી વાતનો અર્થ ના સમજાય એટલા મૂર્ખ આપણે નથી. દીકરો - વહુ સારા જ હોય તો વૃદ્ધાશ્રમમાં આવવાની જરૂર જ ન પડેને? પણ આ માતા-પિતા છે. આ મા છે. એ માને એટલે જ તો એક દિવસ તો એક દિવસ મળવા આવતો, ભેટ-ફૂલ આપતા સંતાન ગમે છે અને તેથી જ એ મધર્સ-ડેની પ્રતીક્ષા કરે છે.

મધર્સ- ડેના દિવસે (ખાસ કરીને વિદેશમાં) માતાને ફૂલ કે ક્યારેક કિંમતી ભેટ કે પછી લંચ - ડિનર પર લઈ જવાનો કાર્યક્રમ સંતાનો કરતા હોય છે, પણ એટલું સમજી લેજો તમારી માતાને ફૂલોની, કિંમતી ચીજવસ્તુઓની, લંચ - ડિનરની અપેક્ષા નથી. મા તો ઈચ્છે છે સંતાનનો સાથ, સંતાનની નિકટતા. પોતાનો દીકરો-દીકરી અડધો કલાક પોતાની પાસે બેસે, અંતરમનની વાતો કરે, પોતાના ખોળામાં નાનપણમાં જેમ સૂતો હતો તેમ સુએ, મા તેના વાળમાં હાથ ફેરવે, એના ગાલે-એના કપાળે ચુંબન કરે અને પ્રતિભાવમાં પુત્ર- પુત્રી પણ માને એવી જ લાગણી દર્શાવે એવી અપેક્ષા માને હોય છે.

મા ચીજવસ્તુનું શું કરવાની છે? આખી જિંદગી તો ચીજવસ્તુ વિના કાઢી નાખી. આજે હવે જ્યારે બોનસનાં વર્ષો બાકી છે ત્યારે એ બધાની જરાય જરૂર પણ નથી. તેથી માતા/પિતા સાથે સમય વીતાવવો.

જો તમે માતા- પિતા સાથે રહેતા હો તો કામ પરથી આવીને પોતાના રૂમમાં જતા પહેલાં માતા-પિતાને મળજો. દસ મિનિટ એમની સાથે વાત કરજો. તબિયત અને દવા વિશે પૂછજો. માતા-પિતાના એટલાં આશીર્વાદ મળશે કે તમે ન્યાલ થઈ જશો. મા-બાપની દુઆ લેજો. એમની સેવા- ચાકરી કરજો, કારણ કે કરેલું ક્યાંય એળે નથી જતું.

માતા- પિતા જીવંત છે ત્યાં સુધી તમે નસીબદાર છો. એકવાર એમની વિદાય પછી એમની સાથે કરેલ અન્યાય તમને ગિલ્ટી ફિલ કરાવશે. પછી મા ઘડીએ ઘડીએ યાદ આવશે. કવિ અતુલ દવે લખે છે:

*'પાલવ હતો તૈયાર એનો અશ્રુ આવે જો જરા*
*આજે હવે ચોધાર આંખો એટલે કે મા નથી...'*

મા ન રહે ત્યારે માનો પાલવ યાદ આવે, માનો સ્પર્શ યાદ આવે. કવિયત્રી ભારતી વોરા 'સ્વરા' લખે છે :

*'તસવીર એની સાચવીને પર્સમાં રાખી દીધી*
*મેં એમ માને સાવ પાસે સ્પર્શમાં રાખી દીધી...'*

કવિ દુલાભાયા કાગ લખે છે :

*'ભગવંત તો ભજતા માહેશ્વર આવી મળે*
*મળે ન એક જ મા કોઈ ઉપાયે કાગડા.'*

બસ, અંતમાં એટલું જ ઉમેરવાનું છ કે જે સંતાનના માતા- પિતા હયાત છે તેવાં સંતાન નસીબદાર છે. આખી જિંદગી મહેનત કરીને સંતાનોને પ્રેમથી ઉછેરનાર માતા-પિતા વૃદ્ધાવસ્થામાં સંતાનોના પ્રેમના હકદાર છે. એમની પાસેથી એ હકક છીનવી ના લેતા.

*'લોગ ચલે હૈં જન્નતો પાને કી ખાતિર,*
*બેખબરોં કો ઈત્તલા કર દો કિ માં ઘર પર હી હૈ.'* ■

# લાડકી

કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# મને યામાયી મમતા નંદગિરી નામ આપવામાં આવ્યું

(ભાગ: ૪)

**નામ: મમતા કુલકર્ણી-યામાઈ મમતા નંદ ગિરી**
સમય: ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫
સ્થળ: પ્રયાગરાજ
ઉંમર: ૫૨ વર્ષ

**વિકી** દુબઈના ઘરમાં મારી સાથે રહેવા લાગ્યો. અમે લગ્ન નહોતા કર્યાં જોકે, એવી અફવા ઊડી કે અમે મુસ્લિમ ધર્મ મુજબ લગ્ન કરી લીધા છે.

મારા જીવનમાં અફવાઓ હંમેશાં સતત વહેતી રહી છે. જાણે-અજાણે લોકોને મારા જીવનમાં ખૂબ રસ પડતો રહ્યો છે. મમતા કુલકર્ણી ટોપલેસ, મમતા કુલકર્ણી ટીનુ વર્મા સાથે પરણી ગઈ, મમતા કુલકર્ણી અને અક્ષય કુમારનો અફેર ચાલે છે, મમતા કુલકર્ણી પબ્લિકલી ઝઘડી... મમતા કુલકર્ણીએ બેફામ સ્ટેટમેન્ટ કર્યાં... આવા તો કેટલાય સમાચારનું બજાર સતત ગરમ રહ્યું છે. મને કદી એવું લાગ્યું નથી કે, હું સમાચારનાં કેન્દ્રોમાં રહેવા માગું છું તેમ છતાં ફિલ્મી મેગેઝિનોને મારી જિંદગીમાંથી મસાલો મળતો જ રહ્યો છે.

૨૦૧૬માં મુંબઈ પોલીસે ડ્રગ ટ્રાફિકના મામલામાં મમતા કુલકર્ણી અને વિકી ગોસ્વામી વિરુદ્ધ અરેસ્ટ વોરંટ કાઢ્યું. અમે ત્યારે મુંબઈ આવ્યા હતા. મુંબઈ પોલીસે અમને પૂછપરછ માટે બોલાવ્યા. એમનું કહેવું હતું કે, એમણે ૮૦ લાખ રૂપિયાના ડ્રગ્સ પકડ્યા હતા. એ ડ્રગ્સ જ્યાંથી પકડાયા એ કંપનીની ડાયરેક્ટર તરીકે મારું નામ હતું. અમને છ દિવસ માટે લગાતાર પોલીસ સ્ટેશન બોલાવવામાં આવતાં. હેરાન કરવામાં આવતાં. અંતે, કશું સાબિત થઈ શક્યું નહીં એટલે મને જવા દેવી પડી. વિકી ગોસ્વામીને દેશનિકાલ કરવામાં આવ્યો. એ હવે ભારતમાં ન આવી શકે એવો કોર્ટ ઓર્ડર બહાર પાડવામાં આવ્યો. શક્ય છે, વિકીએ કદાચ કંઈ કર્યું હોય... અથવા એના જૂના સંબંધોને કારણે એના પર પોલીસનો શક હોય, પરંતુ મારી સામે ડ્રગ્સનો આરોપ કેવી રીતે હોઈ શકે? એક યા બીજા બહાને હું ફસાતી રહી છું. મેં જ્યારે ગગનગિરી મહારાજને આ વિશે પૂછેલું ત્યારે એમણે મને કહેલું, 'બધા કઈ આ જનમનાં કર્મો નથી હોતા. કેટલાય પૂર્વજન્મના પાપ અને પુણ્ય સંચિત હોય છે. સમય આવે ત્યારે એનો હિસાબ થતો રહે છે... તું આ જન્મમાં પુણ્ય સંચિત કર.' મેં એમની વાત માની લીધી અને અફવાઓથી કે આક્ષેપોથી ડરવાનું બંધ કરી દીધું.

જોકે, ફિલ્મી દુનિયા સાથેનો મારો સંબંધ તોડી નાખ્યા પછી હું આ અફવાઓની ચિંતા કરતી નથી. મારી પાસે મારી જિંદગી છે એમને જે માનવું હોય તે માને અને જે છાપવું હોય તે છાપે. મેં મારો અધ્યાત્મનો માર્ગ પકડી લીધો છે. ફિલ્મી દુનિયા અને ગોસિપ્સ તો જાણે ગયા જનમની વાત હોય એવું લાગે છે!

બાર વર્ષ સુધી મેં ગુરૂ ગગનગિરી મહારાજની નિશ્રામાં યોગ અને સાધનાના પ્રયોગો કર્યાં. વિકી ગોસ્વામી મારી સાથે રહેતો હોવા છતાં પણ અમે આઠ વર્ષ માટે બ્રહ્મચર્ય પાળ્યું. વિકીએ પણ મારી સાથે શુદ્ધિના પ્રયોગો કર્યા. ગુરૂ ગગનગિરી મહારાજે એને પણ અધ્યાત્મના પાઠ ભણાવ્યા. આઠ વર્ષ સાથે રહ્યા પછી અમને બંનેને સમજાયું કે, અમારી જિંદગી જુદી છે. વિકી ફરી ફરીને ડ્રગ્સ તરફ ખેંચાઈ જતો. એના શેખ સમુદાય સાથેના સંબંધોને કારણે એ ફરી પાછો સ્ત્રીઓ તરફ આકર્ષાવા લાગ્યો હતો. મને સમજાયું કે, અમે સાથે નહીં રહી શકીએ. ધીમે ધીમે અમારા વિચારો અને મન બંને જુદા પડવા લાગ્યા એટલે અમે છુટા પડવાનું નક્કી કર્યું. હું ગગનગિરી મહારાજની નિશ્રામાં મારા જીવનને બદલવા માટે સાધના કરવા લાગી. વિકી ગોસ્વામી કેન્યા (નૈરોબી) શિફ્ટ થઈ ગયો. અમારી વચ્ચે એ પછી પણ વાતો થતી રહેતી, પરંતુ કોઈ સંબંધ રહી શક્યો નહીં.

એ દરમિયાન મારી ઓળખાણ ડો. લક્ષ્મી નારાયણ ત્રિપાઠી સાથે થઈ. એમણે મને કિન્નર અખાડામાં આમંત્રિત કરી. મહાકુંભ દરમિયાન એમણે મને મહામંડલેશ્વરની પદવી માટે નિમંત્રિત કરી. મેં ઓફિસિયલી સંન્યાસ લીધો, અને કિન્નર અખાડામાં જોડાઈ ગઈ.



મને યામાયી મમતા નંદગિરી નામ આપવામાં આવ્યું. ૨૦૨૫ના પ્રયાગરાજ મહાકુંભ દરમિયાન મહામંડલેશ્વરની પદવીથી મને નવાજવામાં આવી, પરંતુ જેમ મેં કહ્યું તેમ, મારા જીવનમાં બધું સતત ઉપર-નીચે થતું રહ્યું છે. કિન્નર અખાડામાં મને મળેલા પદ વિશે ઊહાપોહ થયો. કિન્નર અખાડાના સંસ્થા પર ઋષિ અજયદાસજીએ મને મહામંડલેશ્વર પદથી હટાવવાનો આદેશ આપ્યો. એમણે જે કારણો આપ્યાં એને વિશે વિચારીએ તો સમજાય કે, ખરેખર આ કારણો સાચાં હતાં કે પછી બસ મને નીચી દેખાડવા માટે આ કારણો આપવામાં આવ્યાં.

પહેલું કારણ એમણે આપ્યું કે, સીધા મહામંડલેશ્વર ન બની શકાય. એમણે પહેલાં સંન્યાસી બનીને વૈરાગ્યની દિશામાં આગળ વધવાનું હતું. અમુક સમયના વૈરાગ્યની પરીક્ષા પછી જ મને આવી કોઈ પદવી આપી શકાય. મારે પૂછવું છે કે જે બાર વર્ષ મેં અધ્યાત્મની પાછળ સાધના માટે વિતાવ્યા એનું શું? ચાર-ચાર ગુરૂઓએ મારી પરીક્ષા કરી ત્યારે એમને આ વિચાર નહોતો આવ્યો? હશે! બીજું કારણ એ આપ્યું કે, હું ફિલ્મી દુનિયામાંથી આવું છું. મારા ટોપલેસ ફોટો, મારી ફિલ્મો અને મારા અફેર્ઝને આગળ ધરીને મારા પર મનફાવતા આક્ષેપો કરવામાં આવ્યા. ફિલ્મી દુનિયામાંથી આવતી કોઈ વ્યક્તિ સંન્યાસ ન લઈ શકે? વિનોદ ખન્નાએ સંન્યાસ લીધો ત્યારે તો કોઈ નહોતું બોલ્યું, કદાચ એટલા માટે-કારણ કે, એ ઓશોનો સંન્યાસ હતો. આ અખાડાનો સંન્યાસ હતો માટે અંતિમ નિર્ણય એમનો જ હોઈ શકે. હું કંઈ ન બોલી. મેં એમનો નિર્ણય સ્વીકારી લીધો. ત્રીજું કારણ એમણે એ આપ્યું કે, મારો સંબંધ અંડરવર્લ્ડ સાથે હતો. ફિલ્મી દુનિયા છોડ્યા પછી પણ હું વિકી ગોસ્વામી સાથે રહેતી હતી. મેં મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો છે એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો. મારા ઉપર દેશદ્રોહ અને ડ્રગ ટ્રાફિકના આક્ષેપ છે એ કારણે પણ મને અખાડામાં સ્થાન ન મળી શકે એમ એમનું કહેવું હતું. ચોથું કારણ એમણે એ આપ્યું કે, મહામંડલેશ્વરનું તો મુંડન કરવું પડે. મારું મુંડન કરવામાં નહોતું આવ્યું અને મુંડન સંસ્કાર વગર સંન્યાસ માન્ય નથી એમ કહીને મને આપેલા પદ ઉપરથી પદભ્રષ્ટ કરવામાં આવી. મારી સાથે સાથે આચાર્ય મહામંડલેશ્વર લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને પણ અખાડામાંથી બહાર કરવામાં આવ્યા...

જીવનનો વધુ અધ્યાય પૂરો થયો. હું પદવી માટે કિન્નર અખાડામાં ગઈ જ નહોતી. મારે મહામંડલેશ્વર બનવું એવો મારો કોઈ ઉદ્દેશ પણ નહોતો. હું તો અધ્યાત્મના માર્ગે આગળ વધવા માગતી હતી, જેમાં હજી કોઈ ફેરફાર થવાનો નથી. સ્ટારડસ્ટના સેમીન્યૂડ ફોટા હોય કે મારી ફિલ્મોની અશ્લીલતા, મને કોઈ દિવસ એમાં કશું ગંદું લાગ્યું નથી કારણ કે, હું પ્રકૃતિથી જ નિર્દોષ છું. ફિલ્મોમાં આવી ત્યારે ૧૮ વર્ષની પણ નહોતી. મેં એક સ્ટેટમેન્ટ કરેલું, 'આઈ એમ સ્ટિલ એ વર્જિન.' એ વિશે પણ ઘણો ઉહાપોહ થયેલો, પરંતુ એ સત્ય હતું. હું કોઈ કાસ્ટિંગ કાઉચમાં થઈને બોલિવૂડમાં નથી આવી. મારે એવી કોઈ પૈસાની જરૂર હતી જ નહીં... હું તો જે રીતે આવી એ રીતે જ જતી રહી.

આજે પાછી વળીને જોઉ છું તો મને સમજાય છે કે, ફિલ્મી દુનિયાની માયામાંથી નીકળીને મેં મારા જીવનનું ધ્યેય શોધી લીધું છે. હું હવે કોઈ પદવી કે નામ માટે નહીં, કોઈ ચકાચૌંધ, પ્રસિદ્ધિ કે ગ્લેમર માટે નહીં... મારા જીવનના ઉધ્ધાર માટે કાર્ય કરીશ. હું યામાયી મમતા નંદગિરી હોઉ કે મમતા કુલકર્ણી, મને ફરક નથી પડતો. જેને પડતો હોય એનાથી પણ મને કોઈ ફરક નથી પડતો.

(સમાપ્ત)■

ભારતની વીરાંગનાઓ

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## અભિનય ને સંગીતનો સંગમ:

# કાનનદેવી

*તૂફાન મેલ... દુનિયા યહ દુનિયા તૂફાન મેલ...*
*ઈસકે પહિયે જોર સે ચલતે ઔર અપના રાસ્તા તેય કરતે*
*સયાને ઈસસે કામ નિકાલેં બચ્ચે સમજેં ખેલ તૂફાન મેલ....*

જૂની ફિલ્મોના રસિયાઓએ જવાબ ફિલ્મનું આ સુપરહિટ ગીત અચૂક સાંભળ્યું હશે. વારંવાર ગણગણવાનું મન થાય એવું આ ગીત કાનનદેવીએ ગાયેલું. કાનનદેવી એટલે ભારતીય સિનેમાની ઝળહળતી તારિકા. મશહૂર અભિનેત્રી અને એટલી જ મશહૂર ગાયિકા. કાનનદેવીએ પોતાની કારકિર્દીમાં ૫૭ જેટલી ફિલ્મોમાં અભિનયનાં ઓજસ પાથરેલાં અને ચાળીસેક ગીતો ગાઈને કંઠનાં કામણ પાથરેલાં... સિનેમાક્ષેત્રે કાનનદેવીએ કરેલા યોગદાનને પગલે ૧૯૬૮માં ભારતના ચોથા સર્વોચ્ચ સન્માન પદ્મશ્રીથી એને પુરસ્કૃત કરાયેલી. ભારતીય સિનેમાના સર્વોચ્ચ ગણાતા દાદાસાહેબ ફાળકે સન્માનથી એને ૧૯૭૬માં પુરસ્કૃત કરાયેલી. ભારત સરકારના સૂચના અને પ્રસારણ વિભાગે કાનનદેવીની સ્મૃતિમાં ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૧ના પાંચ રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડેલી.



આ કાનનદેવીનો જન્મ ૨૨ એપ્રિલ ૨૦૧૬ના પશ્ચિમ બંગાળના હાવડામાં એક મધ્યમ પરિવારમાં થયો. એની જીવનકથા અનુસાર રતનચંદ્ર દાસ અને રજોબાલાએ દીકરીને દત્તક લીધી. ઓળીઝોળી પીપળ પાન માએ પાડ્યું કાનન નામ. પણ કાનનના કમનસીબે એની છ વર્ષની ઉંમરે એના પાલક પિતાનું મૃત્યુ થયું. રજોબાલાએ પોતાનાં ઘરેણાંગાંઠાં વેચીને રતનનું કરજ ચૂકવ્યું. માદીકરી ભૂખમરાથી પીડાવા લાગ્યાં. રજોબાલા છ વર્ષની કાનન સાથે કોલકાતાના અમીરોના ઘરમાં કામ કરવા લાગી. રમકડાંથી રમવાની ઉંમરે કાનન એક નોકરાણી બની ગઈ.

ઉપર આસમાન અને નીચે ધરતી. આકાશને ઓઢણું ને પૃથ્વીને પાથરણું બનાવીને, ઘરકામ કરીને માદીકરી પોતાનું ગુજરાન ચલાવતાં. આખરે એક સંબંધી તુલસી બેનરજી દસ વર્ષની કાનનને મદન થિયેટર અને જ્યોતિ થિયેટરમાં લઈ ગઈ. મદન મૂવી સ્ટુડિયોએ કાનનની ખૂબસૂરતીથી પ્રભાવિત થઈને મહિને પાંચ રૂપિયાના પગારે જયદેવ ફિલ્મમાં નાનકડી ભૂમિકા ભજવવાની તક આપી. ત્યાર બાદ 'રાધા ફિલ્મ્સ'ના બેનર હેઠળની બોલતી ફિલ્મોમાં કામ કર્યું. પૈસાની તંગી દૂર થવા લાગેલી.

કાનનદેવી અભિનય પણ કરતી અને ગીતો પણ ગાતી. રાધા ફિલ્મ કંપની સાથે કામ કરતાં કાનનદેવી એક સુપરસ્ટાર બની ગયેલી. કાનન એવી પહેલી અભિનેત્રી બની જેને પુરુષપ્રધાન ફિલ્મજગતમાં મેડમ કહીને સંબોધન કરવાનો આરંભ થયો. દરમિયાન, કાનનદેવીની મુલાકાત અશોક મૈત્રા સાથે થઈ. જોતજોતામાં બન્નેની દોસ્તી થઈ. પ્રેમ થયો. પણ લગ્નની વાત આવી ત્યારે અશોકના પરિવારે વિરોધ કર્યો. પણ છત્રીસ વર્ષના અશોકે સમાજની ખફગી વહોરીને ૧૯૪૦માં પચીસ વર્ષની કાનન સાથે લગ્ન કરી લીધા. કોલકાતા શહેરના લોકોમાં હાહાકાર મચી ગયો. પણ કવિવર રવીન્દ્રનાથ ટાગોરે આ લગ્નને આશીર્વાદ આપેલા અને પોતાની એક છબી પોતાના હસ્તાક્ષર સાથે ભેટમાં મોકલેલી. એની પાછળનું કારણ એ હતું કે કાનનદેવીએ રવીન્દ્રનાથ ટાગોરનાં કેટલાંક ગીતોને પોતાનો કંઠ આપેલો. પરિણામે એમનો પરસ્પર પરિચય થયેલો. આ પરિચયને પગલે ટાગોરે કાનનદેવીને આશીર્વાદ આપેલા.

આ સમાચાર અખબારમાં છપાયા ત્યારે લોકો ટાગોરના પણ વિરોધી થઈ ગયા. કેટલાયે લોકોએ ટાગોરને ફોન કરીને એમની નિંદા કરી અને ધમકીઓ આપી. પણ પોતાની શરતે જીવવામાં માનતી કાનને ભસતા શ્વાનના વિરોધની પરવા કર્યા વિના ગજગામી થઈને ફિલ્મી કારકિર્દી આગળ વધારી. જે ભીડ પહેલાં કાનનની એક ઝલક મેળવવા પડાપડી કરતી, એ જ ભીડ હવે વિરોધીઓમાં પરિવર્તિત થઈ ચૂકેલી. રોજબરોજના વિરોધથી પરેશાન થઈને કાનને પહેલાં જાહેર કાર્યક્રમોમાં જવાનું અને પછી ઘરની બહાર નીકળવાનું બંધ કરી દીધું. ખુદને લોકનજરથી બચાવવા માટે એ પોતાના ૧૧-એ, કબીર રોડ સ્થિત ઘરના આંગણા સુધી પણ ન જતી. કારણ દરેક સમયે કેટલાંક લોકો વિરોધ કરવા ખડા જ રહેતા. લોકો ગાળાગાળી કરતા. બ્રહ્મ પરિવાર પર લગ્ન તોડવા દબાણ કરતા.

કાનનદેવી માટે જીવનનો આ સમય ડરામણા સ્વપ્ન જેવો હતો. વિષમ પરિસ્થિતિ સામે એણે એકલાં જ ઝઝૂમવું પડતું. કારણ શહેર આખાના વિરોધે અશોકની મતિ ફેરવી દીધી. અશોક આશિક મટીને માત્ર પતિ બની ગયો. અશોકે કાનનનો વિરોધ શરૂ કરી દીધો. કાનન પર ફિલ્મી દુનિયા છોડવાનું દબાણ કરવા માંડ્યું. સિનેમા સાથે જોડાયેલા કોઈનો ફોન આવે તો અશોક કાનન સાથે ઝગડવા માંડતો. અશોક એના હાથમાંથી ફોન ઝૂંટવી લેતો. ઘરની રોજની લડાઈથી કાનન ભાંગી ગઈ. પતિના અત્યાચાર વધી ગયા ત્યારે કાનને રૂપેરી સૃષ્ટિ છોડવાને બદલે, લગ્નનાં પાંચ વર્ષ પછી ૧૯૪૫માં અશોકનો જ ત્યાગ કર્યો. વાંસ જ નહીં રહે અને બેસૂરી વાંસળી પણ નહીં વાગે ! જોકે છૂટાછેડા પછી કાનને પોતાના પુસ્તકમાં અશોકનો આભાર માનેલો. કારણ કે કાનનને સમાજમાં સન્માન અપાવનાર એ પહેલો માણસ હતો !

૧૯૪૭માં વિદેશી ફિલ્મ ઇન્ડસ્ટ્રીને સમજવા કાનન પરદેશ ચાલી ગઈ. પાછાં ફરીને કાનને કેટલીક ફિલ્મો કરી અને પોતાનું નિર્માણગૃહ શ્રીમતી પ્રોડક્શન નામે શરૂ કર્યું. દરમિયાન, કોલકાતાના ટોલીગંજમાં એક શાળાના કાર્યક્રમમાં કાનનાનો પરિચય બંગાળ સરકારની સેવામાં કાર્યરત હરિદાસ ભટ્ટાચાર્ય સાથે થયો. થોડા જ સમયમાં, ૧૯૪૯માં બન્નેએ લગ્ન કરી લીધાં. પુત્ર સિદ્ધાર્થનો જન્મ થયો. હરિદાસે સરકારી નોકરી છોડીને કાનન સાથે ફિલ્મનિર્માણમાં અને ફિલ્મ દિગ્દર્શનમાં જોડાઈ ગયા. હરિદાસે ઘણી સફળ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું, પણ એમની ઓળખ કાનનદેવીના પતિ તરીકેની જ રહી. આ બાબત મતભેદ અને પછી મનભેદનો મુદ્દો બન્યો. આખરે ૪ એપ્રિલ ૧૯૮૭ના હરિદાસે કાનનનું ઘર છોડી દીધું. હરિદાસે કાનન સાથે તમામ સંબંધ કાપી નાખ્યા, પણ એને છૂટાછેડા ન આપ્યા. કાનન બીમાર પડી તો હરિદાસે એનો ઈલાજ કરાવ્યો. કાનનના કાનની શસ્ત્રક્રિયામાં પણ હરિદાસ પડખે ઊભા રહ્યા. પણ લાંબી માંદગીને અંતે ૧૭ જુલાઈ ૧૯૯૨ના કાનનનું નિધન થયું ત્યારે હરિદાસ એના અંતિમ સંસ્કારમાં હાજર ન રહ્યા. પોતાની શરતે જીવવાની આકરી કિંમત ચૂકવી કાનનદેવીએ! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# પ્રેમ - રોમાન્સથી પણ પર છે એક મૈત્રીભર્યો સંબંધ

છઠ્ઠા ધોરણના પ્રથમ દિવસે બનેલાં બે મિત્ર એટલે માન્યા અને તરુણ. માન્યના પગમાં ફ્રેક્ચર થયેલું એટલે એની મમ્મીએ ક્લાસ ટીચરને વિનંતી કરી કે આને આગળની હરોળ પર બેસાડો, જેથી કરીને એને થોડી તકલીફ ઓછી પડે.

બીજી તરફ, તરુણ થોડો મજાકિયો ખરો એટલે ક્લાસમાં એને પાછલી હરોળમાં બેસાડવાનું રિસ્ક ટીચર ક્યારેય લેતા નહીં. એ રીતે માન્યા-તરુણે એકબીજાની બાજુમાં બેસવાનું શરૂ કરેલું પછી એમને દોસ્ત બનતા બહુ વાર લાગી નહીં.

સામાન્ય રીતે તરુણાવસ્થાની શરૂઆતમાં પોતાની જેન્ડરના વ્યક્તિ સાથે મિત્રતા બંધાતી હોય એ નેચરલ છે, પણ અહીં આ બંને એકબીજાની કંપનીમાં ખુશખુશાલ રહેવા લાગ્યા. હાઈસ્કૂલ પહોંચતા સુધીમાં તો એમની મિત્રતાના દાખલા દેવાની શરુઆત થઈ ગઈ. હંમેશાં સ્કૂલ સાથે જવું, રિસેસમાં સાથે જમવું, ઘેર કે ટ્યૂશન પણ સાથે અને બાકી રહી ગયું હોય તો રાત્રે મોબાઇલમાં પણ એમની ચીટચેટ ને ચોવટ ચાલુ રહેતી. બંને એકબીજાની સાથે એવી રીતે જોડાઈ ગયેલા કે અમુક વાંકદેખાઓ ઈર્ષાથી સળગી મરતા એટલે સાચી-ખોટી અફવાઓ પણ ફેલાવતા રહેતા: 'આપણને શી ખબર, ફ્રેન્ડના બહાને શું હશે બંન્ને વચ્ચે?' એમ કહી અમુક મોં પણ મચકોડતા તો ક્યારેક કોઈ ખીજવી લેતા,

'એલા, સાચું બોલજો તમે ખરેખર માત્ર મિત્રો જ છોને ?!'

આવી વાતના પ્રહારોની એમના પર લગીરે અસર થતી નહીં , કારણ બંને સત્ય જાણતા હતા. બંને વચ્ચે જે છે એ રોમાન્સ બિલકુલ નથી. નથી કોઈ ફ્લર્ટિંગ જેવું જે બીજા ધારી રહ્યા હતા. એમની મિત્રતા સમજદારી અને સહજતા પર ટકેલી હતી. માન્યાને સૌથી ગમતી વાત એ હતી કે તરુણ સામે પોતે જેવી છે એવી રહી શકતી. એને કોઈ ખોટી ગર્લીશ ચાંપલાશ સહન નહોતી કરવી પડતી. એ પોતાને ગમતાં કોઈપણ વિષય પર તરુણ સાથે વાત કરી શકતી. માન્યાને ખબર છે સામેથી ક્યારેય કોઈ જજમેન્ટ આવવાનું નથી. સામા પક્ષે તરુણને માન્યાના નોલેજની કદર હતી. એનો સતત બોલકો સ્વભાવ તરુણના બોરિંગ જીવનને અપલિફ્ટ કરવા પૂરતો હતો. માન્યા એને હંમેશાં ફીલ કરાવતી કે પોતાના જીવનમાં તરુણનું હોવું કેટલું અગત્યનું છે. એ સાંભળતી, સલાહો દેતી, દલીલો કરતી અને તરુણને સાચવી પણ લેતી, જેમકે એક દિવસ ઘેર પાછા ફરતા તરુણે કહેલું, 'યાર, મમ્મી- પપ્પા ફરી ઝઘડી પડ્યા...' માન્યાએ આત્મીયતાપૂર્વક સામે જોયું:



'કેમ? બહુ મોટો ઝઘડો થયો?'

'હા, પહેલાંથી પણ વધુ....' તરુણ આટલું બોલે ત્યાં માન્યાએ એને ખભ્ભો પકડી સધિયારો આપ્યો. આવી વાતો તરુણ પોતાના બોયઝ મિત્રો સાથે ક્યારેય ના કરતો. એને ડર લાગતો કે એ બધા ભેગા મળી એના મમ્મી-પપ્પાની મજાક ઉડાવશે, પણ માન્યા અલગ હતી. એને બધું જ કહી શકાય. એ વાતે તરુણને રાહત હતી કે માન્યા પાસેથી વાત બીજે ક્યાંય જશે નહી. આમ બંને એકબીજા સાથે પેટ છૂટી વાત કરી શકતા.

આપણો સમાજ દરેકને એક લાકડીએ હાંકવા ટેવાયેલો છે એટલે માન્યાની મમ્મી આ બાબતે ચિંતાતુર રહેતી. એકાદ વાર એને પૂછી પણ લીધું હતું, 'તને નથી લાગતું આગળ જતાં આ બધું થોડું પેચીદુ થઈ જશે. તું શ્યોર છો ને તને કોઈ વિશેષ લાગણી નથી તરુણ માટે?'

માન્યા હસીને મા ને વળગી પડતી : 'હા, મમ્મી મને જેના માટે ફીલિંગ થશે એનું નામ તને પહેલા આવીને કહી દઈશ.... બિચારા તરુણને બક્ષી દે. એ મારો પરમ મિત્ર છે.'

જવાબમાં મમ્મીએ એની સામે એવી રીતે જોયું કે માન્યાથી ફરી હસ્યા વગર રહેવાયું નહીં.

અરે, માત્ર માન્યા શું કામ, તરુણના ભાગે પણ આવા પ્રશ્નોનો સામનો કરવાનો આવતો. તરુણના મિત્રો હસી-મજાકમાં પૂછી બેસતા: 'તરુણ, તારે હવે માન્યાને ડેટ કરવી છે કે નહીં? તને આવી સરસ છોકરી જોઈને એવું થતું નથી કે એ તારી ફ્રેન્ડને બદલે ગર્લફ્રેન્ડ હોવી જોઈએ? તારી જગ્યાએ અમે હોઈએ તો આવી ભૂલ ના કરીએ....'

'તરુણ વાતને ટાળી દેતો : 'અરે યાર, એ મારી બ્રો ગર્લ છે. મારી પાકી દોસ્તાર. મારે એને આ ડેટિંગ સેટિંગ કે ગર્લફ્રેન્ડના ચક્કરમાં ગુમાવવી નથી..'

એની અકળામણ જોઈ કોઈક બોલી ઊઠતું, 'એમાં ખીજાય છે શાનો? ક્યારેક આવા બેસ્ટ ફ્રેન્ડ હોય એજ લાઈફ પાર્ટનર બની જતા હોય છે...!' એ સાંભળીને ગ્રૂપમાં હાસ્ય ફરી વળતું.

આમને આમ સમય સરતો રહ્યો. તરુણાવસ્થા ક્યારે યુવાવસ્થામાં પલટાય ગઈ એ ખ્યાલ ના રહ્યો. તરુણ આર્કિટેકનું ભણવા ગયો તો માન્યા ડેટા એનાલિસ્ટ બની. કોલેજમાં એમનાં ક્રશ પણ થયા અને ડેટિંગ પણ. લોકો એમના સંબંધને અલગ અલગ દ્રષ્ટિકોણથી જોતાં રહ્યા, પરંતુ તરુણ માટે માન્યા આજે પણ મિત્રતાની મિસાલ સમી હતી તો માન્યા માટે તરુણ એના સુખદુઃખનું તરણું.

બંને વચ્ચે ક્યારેક મીઠી તકરાર પણ થતી :

'તને ખબર છે આ લોકોને હજુ એવું લાગે છે કે આપણે પ્રેમમાં છીએ.' તરુણ કહેતો.

'લાગવા દે ને, ભલે રાજી થાય...' જવાબમાં માન્યા આદતવશ ખડખડાટ હસી પડતી.

'હું તને ક્યારેય નહીં છોડું...' છાશવારે બોલાતું આ વાક્ય બંનેએ હંમેશાં નિભાવ્યું.

ટીનએજમાં પ્રેમ- રોમાન્સ કે ફ્લર્ટિંગથી પરનો સંબંધ પાંગરી શકતો હોય છે, જે આજીવન એકબીજાને સધિયારો આપી શકવા સક્ષમ હોય. જરૂર હોય છે, માન્યા અને તરુણ માફક આસપાસની ગોસિપ- બદબોઈ કે પછી વેધક સવાલોથી બચી સંબંધના સાતત્યને જાળવવાની. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# વિચ નાઈટ ડ્રેસ ડુ યુ વોન્ટ



ઉનાળામાં અલગ અલગ નાઈટ ડ્રેસ પહેરવાની મજા કઈંક અલગ જ હોય છે. નાઈટ ડ્રેસમાં પુષ્કળ વેરાઈટી આવે છે. જેમકે, હોઝિયરી, કોટન કે પછી સાટીન. તમે તમારી ચોઈસ અને કમ્ફર્ટ મુજબ નાઈટ ડ્રેસની પસંદગી કરી શકો. નાઈટ ડ્રેસ એટલે કે, ગાઉન, પજામાં અને ટી-શર્ટ. આ બધી જ પેર્ટનમાં જુદી જુદી વેરાઈટી આવે છે. ચાલો જાણીયે નાઈટ ડ્રેસ કેવી રીતે સિલેક્ટ કરી શકાય.

**ગાઉન** - નાઈટ ડ્રેસમાં ગાઉન એ ખુબ જ બહોળો વિષય છે. ગાઉન એટલે કે, જેમાં ફેબ્રિક વાઈસ ખુબ જ વેરાઈટી આવે છે અને એક બેઝિક પેટર્ન હોય છે. મોટા ભાગે ગાઉન કોટન, રેયોન, સ્પન સિલ્ક, સાટીન કે કોઈ ફલોઈ ફેબ્રિકમાંથી બને છે. જે મહિલાઓને ઘરમાં ગાઉન પહેરવાની આદત છે તેઓ કોટનના બાટીક પ્રિન્ટના ગાઉન પહેરી શકે. કોટનના બાટીક પ્રિન્ટના ગાઉન કોટન ફેબ્રિકના હિસાબે ખુબ જ ટકે છે. ઘણી મહિલાઓ રેયોનના ગાઉન પહેરવાનું પસંદ કરે છે. રેયોનનાં ગાઉન પહેરર્યા પછી શરીરનો શેપ લઈ લે છે પરંતુ પહેરવામાં ખુબ જ આરામદાયક હોય છે. ફતોઈ ફેબ્રિકના ગાઉન ખાસ કરીને યંગ યુવતીઓમાં વધારે પ્રચલિત છે. ઉનાળામાં ખાસ કરીને કોટન ગાઉન પહેરવા જોઈએ. કોટન ફેબ્રિક શરીરને ચોંટતુ નથી અને પરસેવો એબસોર્બ કરી લે છે. ગાઉન જેટલા લૂઝ હશે તેટલા જ પહેરવામાં ખૂબ જ આરામદાયક લાગશે.

**પજામાં અને ટી-શર્ટ** - પજામાં અને ટી-શર્ટમાં પેટર્ન કરતા પ્રિન્ટનું વેરિએશન વધારે જોવા મળે છે. નાના બાળકોથી લઈને મોટી ઉંમરની મહિલાઓમાં હોઝિયરી અને સાટીનના નાઈટ સુટ ખુબ જ પ્રચલિત છે.

હોઝિયરીના નાઈટ સુટમાં બિલકુલ જ ગરમી થતી નથી અને પહેરવામાં પણ ખૂબ જ કમ્ફર્ટેબલ લાગે છે. તેથી મોટા ભાગની મહિલાઓ પાસે હોઝિયરીના નાઈટ સુટ હોય છે. યંગ યુવતીઓ સાટીન અને હોઝિયરી એમ બન્ને ટાઈપના નાઈટ સુટ પહેરવાનુ પસંદ કરે છે. સાટીન સુટ એક સ્ટાઈલાઈઝડ લુક આપે છે. તમે તમારા બોડી ટાઈપ મુજબ નાઈટ સુટની લેન્થ નક્કી કરી શકો. જો તમારું શરીર સુડોળ હોય તો તમે બધી જ લેન્થના નાઈટ સુટ પહેરી શકો. જો તમારુ શરીર ભરેલુ હોય તો તમે હીપ લેન્થ કવર થાય તેટલી લેન્થના હોઝિયરી કે સાટીનના નાઈટ સુટ પહેરી શકો. સાટીનના નાઈટ સુટ પહેરતી વખતે ખાસ ધ્યાન રાખવું કે, સાટીનના નાઈટ સુટમાં આગળ બટન હોય છે. જો તમારો કમર અને હીપનો ઘેરાવો વધારે હશે તો બટન ખુલી જશે અને ખૂબ જ ખરાબ લાગશે. તેથી હેવી શરીરવાળી મહિલાઓએ એવા નાઈટ સુટ પહેરવા કે જેમાં આગળ બટન ન હોય.

**શોટર્સ અને ટી-શર્ટ** - શોટર્સ અને ટી-શર્ટ યન્ગ યુવતીઓમાં વધારે પ્રચલિત છે. યંગ યુવતીઓ શોટર્સ અને ટી-શર્ટમાં બ્રાઈટ કલર પહેરવાનું

પસંદ કરે છે. ઘણી યુવતીઓ શોટર્સ સાથે સ્પગેટી ટોપ પહેરવાનું પસંદ કરે છે. શોટર્સ અને ટી-શર્ટ જેવા નાઈટ સુટ પહેરવા માટે તમારું શરીર સુડોળ હોવું જઈએ. આવા





નાઈટ સુટની પસંદગી તમે ઋતુ પ્રમાણે કરી શકો. શોર્ટસમાં ઘણી વેરાઈટી આવે છે. જેમકે બટન વાળી કે પછી ઈલાસ્ટિક વાળી શોટર્સ. રાત્રે સુવામાં ઈલાસ્ટિક વાળી શોટર્સ પહેરવામાં કમફટેબલ નહી લાગે.

**કાફતાન**- કાફતાન એ મહિલાઓમાં ખૂબ જ લોકપ્રિય છે. કાફતાનની પણ એક બેઝિક પેટર્ન હોય છે, જેમાં જ તેની સુંદરતા હોય છે. તમે તમારી બોડી ટાઈપ મુજબ કાફતાનની પ્રિન્ટની પસંદગી કરી શકો. ફેબ્રિકના હિસાબે કાફતાનની પ્રિંટમાં વેરીએશન આવે છે. જેમકે ફલોરલ, જોમેકટ્રીક, એબસ્ટ્રેકટ, કલમકારી કે પછી બાટીક પ્રિન્ટ જ કેમ ના હોય. કોટન ફેબ્રિકમાંથી બનેલા કાફતાન શરીરથી અળગા રહે છે તેથી તેમાં પેટર્ન સરખી દેખાય છે. જ્યારે ફલોઈ ફેબ્રિકમાંથી બનેલા કાફતાન પહેર્યા પછી ઢળી પડે છે. ઘણા કાફતાનમાં કમર પર દોરી હોય છે જેને ખેંચીને બાંધવાથી કાફતાન કમર પરથી ટાઈટ થાય છે અને જ્યાંથી ટાઈટ કર્યું હોય ત્યાં ચૂનં આવે છે તેથી જો તમારા કમર અને હીપનો ઘેરાવો વધારે હશે તો ખરાબ લાગશે. જ્યારે સુડોળ શરીર ધરાવતી મહિલાઓને આ પેટર્ન ખૂબ જ સુંદર લાગશે. કાફતાનની લેન્થ બને ત્યાં સુધી એન્કલ સુધી જ રાખવી.

કાફતાન એ એવો નાઈટ સુટ છે કે કોઈ પણ વયની યુવતી કે મહિલા પહેરી શકે. કાફતાન એટલે કે સ્ટાઈલ સાથે કમ્ફર્ટનો સમન્વય.. કાફતાનમાં પણ અલગ અલગ પેટર્ન આવે છે જેમકે ફૂલ લેન્થ કાફતાન, ફૂલ લેન્થ કે થ્રી ફોર્થ લેન્થના પેન્ટ સાથે કાફતાન સ્ટાઈલનું ટોપ. તમે તમારી બોડી ટાઈપ મુજબ કાફતાનની સ્ટાઈલની પસંદગી કરી શકો.■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# યજમાનનો અભ્યાસક્રમ



જેમ મહેમાનો અનેક પ્રકારના હોય છે તેમ યજમાનો પણ અનેક પ્રકારના હોય છે. ભારતમાં મહેમાનોને ભગવાન સાથે સરખાવવામાં આપણા કવિ, લેખકો અને ચારણોએ ભારે દાટ વાળ્યો છે. ગળું ફાડી ફાડીને ચારણોએ, કવિઓએ લખેલા મહેમાનગતિ ઉપરના છંદ, દુહાઓ અને કવિતાઓ ગાઈ ગાઈને આખા વિશ્વને જાણ કરી છે કે ‘પધારો મારે દેશ!’ પછી વિશ્વ પ્રવાસીઓ ભારતના મહેમાન બને જ ને? એમાં મહેમાનોનો કોઈ વાંક નથી. આપણા હરખપદૂડા કવિઓએ તો મહેમાનોના આમંત્રણ રૂપે અનેક કવિતાઓ વહેતી કરી દીધી,પણ મહેમાનો તો કવિ સિવાય અન્ય કોઈના ઘરે જઈને જ ધામા નાખે છે. (કવિઓને ઘરે જતા નથી. કારણ તમે જાણો છો ભાઈ!) ‘કોઈ આંગણિયા પૂછીને આવે, તો આવકારો મીઠો આપજે રે.’ એક મહેમાને આ પંક્તિ ફોન ઉપર સંભળાવીને યજમાનને એટલા ભાવુક કરી દીધા કે યજમાને મહેમાનને ભાવનામાં વહી જઈને, ’સપરિવાર આવો તો ગમશે.’ એમ કહેતાં તો કહી દીધું, પણ પછી એ સપરિવાર આવેલા વીસ જણના (વેવાઈ સહિતના) પરિવારના દસ દિવસના ધામા અને નિરંતર... ‘હુરતી ખાવાનું તો ભાઈ લાજવાબ...! સો ડિલિસિયસ! યમ્મી! ચટાકેદાર એટલું છે કે પાછા ઘરે જવાનું મન થતું નથી.’ આ વાક્ય સાથે મહિનાભરનું યજમાનનું બજેટ હલાવી નાખનાર મહેમાનોને ઠપકારવા માટે એક પણ હુરતી અપશબ્દ કામ આવે એવો નથી.

આ ભાવુક યજમાનને મહેમાનોએ જ્યારે એમ કહ્યું કે, ‘ભાઈ, હવે જ હુરતમાં હાફૂસ અને કેસર ખાવાનો ખરો સમય છે એટલે અમે ખાસ આવેલા છીએ જૂનનો પહેલો વરસાદ પડે ત્યાં સુધી હુરતમાં રહીને તમારા જેવા શામળશા શેઠ જેવા દિલેર અને ઉદાર દિલવાળા મહેમાનની વિનંતીને માન આપીને રહી જ જોઈએ છીએ.’

ભાઈ ભાવુકે ફરી ખર્ચા વિશે વિચાર્યું ત્યારે ખ્યાલ આવ્યો કે મહિનાનું નહીં, પણ આખા વર્ષનું બજેટ મહેમાન મંડળીએ ખોરવી નાખ્યું છે! (એ ઉપરાંત મહેમાનના ગયા પછી પત્નીનું રૌદ્ર સ્વરૂપ કેવું હશે એ વિચારીને રાતોની નીંદ હરામ થઈ ગઈ છે.. એ વાત કહે, તો પણ કોને કહે?)

આવેલા તમામ મહેમાનોને યજમાનને ત્યાં કઈ રીતે રહેવું અને કઈ રીતે દૂધમાં સાકર ભળે એમ ભળી જવું એનો પદ્ધતિસરનો અભ્યાસ કરાવીને જ લાવ્યા હોય એમ સવારે વહેલા ઊઠી, બાથરૂમ - ટોઇલેટ કઈ રીતે રોકી રાખવા, નાસ્તા - પાણીમાં શું ખાવું છે, ક્યાં સારા નાસ્તા મળે છે, એનું લિસ્ટ... અને હવે શું શું ખાવાનું બાકી છે... એ યજમાન ભાવુક થઈ જાય એ રીતે સતત એને જાણ કરતાં રહેવી.

‘ફલાણાભાઈ પણ તમારા જેવા જ ભાવુક અને દિલેર હતા. તમે નહીં માનો, પણ સવારે ઊઠતાંવેંત ડાઇનિંગ ટેબલ ઉપર ગરમ ગરમ નાસ્તા, ચા - કોફી, સૂપ, જ્યૂસ, વેસ્ટર્ન નાસ્તા ઉપરાંત એમના શહેરની પ્રસિદ્ધ વાનગીઓ પણ હાજરાહજૂર! તમે નહીં માનો સાહેબ, પણ એટલા પ્રેમથી દબાણ કરીને દિવસમાં ચાર વાર આગ્રહ કરી કરીને એટલું ખવડાવ્યું હતું, કે ઘરે પાછાં ફર્યાં, ત્યારે બધાનાં વજન ચાર - પાંચ કિલો જેટલા વધી ગયેલાં! અને રહેવાનો આગ્રહ તો એટલો કર્યો, કે નાછૂટકે પાછો એકાદ મહિનો એમના ઘરે ક્યાં પસાર થયો તે ખબર પણ ના પડી. અમે એ દિલેરસિંહ જાડેજાને આપની ભાવના અને મહેમાનગતિની વાત કરીશું, તો એ પણ ખુશ થઈ જશે.’ (ભાવુકભાઈ વખાણ સાંભળીને ફરી ભાવનામાં વહેવાની તૈયારી કરતા હતા, ત્યાં પત્નીએ કેડમાં ચીમટી મારી અને ભાવનાના પ્રવાહને બ્રેક લાગી.)

‘હવે હુરતમાં હું હું જોવાનું બાકી છે, અંકલ?’ એમ એક મહેમાન વૃંદના એક વેવાઈના દીકરાના દીકરાએ મીઠો ટહુકો કર્યો. બાળક તો ભગવાનનું સ્વરૂપ! પાછું બાળક હુરતી હો બોલતો થેઈ ગીયો (સુરતી અપ-શબ્દો વિના!) એટલે તો ભાવુક અંકલ ફરી આર્દ્ર થઈ ઊઠે એ પહેલાં જ યજમાનની અર્ધાંગિની બોલી ઊઠ્યાં, ‘લગભગ બધું જ જોવા જેવું જોવાઈ ગયુ છે અને ખાવા જેવું ખવાઈ ગયું છે. હવે હુરતમાં તમારે લાયક ખાસ કંઈ બચ્યું નથી.’ (પણ અભ્યાસક્રમમાં આવા રુક્ષ જવાબોના પ્રતિજવાબો બધાને શીખવી દીધા જ હતા હશે.. જુઓ મહેમાનોનો જવાબ.)

એક બોલ્યો, ‘આન્ટી, એમ પન ગરમી એટલી છે કે બહાર ફરવામાં સીક થેઈ જવાય. એના કરતાં અમે તો તમારાં એ.સી. રૂમમાં બેહીને હાફૂસ ને કેસર ખાધે રાખહું.’

તરત બીજો નિશાળિયો બોલ્યો, ‘આન્ટી, હવે અમે તમારા બંગલા અને ફાર્મ હાઉસથી પરિચિત થેઈ ગીયાં છીએ. એટલે અમે જાતે જાતે તમારે હીંચકે ઝૂલીશું. તમારા પર્સનલ જિમમાં કસરત કરીશું. તમારા સ્વિમિંગ પૂલમાં ધુબાકા મારીને બપોરે બીજીવારનું ન્હાઈ લઈશું. (કોના નામનું ન્હાવાનાં છો?) યુ ડોન્ટ વરી આન્ટી. અમે તો તમારા બંગલાના ફેમિલીયર થઈ ગયાં છીએ. હવે અમને બિલકુલ અજાણ્યું લાગતું જ નથી. આન્ટી, યુ આર સો ચાર્મિંગ એન્ડ બ્યુટીફૂલ!’ (અભ્યાસક્રમના ભાગરૂપે)

ત્રીજો ઉવાચઃ ‘આન્ટી, અંકલ આર સો લકી! તમારાં જેવાં વાઇફ જો મળ્યાં!’

પછી તો વેવાઈ કેમ બાકી રહે? એ બોલ્યા, ‘આ વખતે હાફૂસ અને કેસર કેરીનું પેમેન્ટ હું કરીશ. કશે એવું લખ્યું નથી કે યજમાન જ બધો ખર્ચો ઉઠાવે! અમારો પણ ધર્મ છે. જે અમે નિભાવીશું.’ (વેવાઈને ખબર હતી કે કેરીના નવા સ્ટોકનું પેમેન્ટ ભાવુકભાઈએ આગોતરું... પત્ની ન જાણે તેમ કરી દીધું હતું.)

ફરી પાછું વાતાવરણ મહેમાનોની ફેવરમાં ફેરવાયું. પછી તો જ્યારે જ્યારે વાતાવરણ ભારે થાય, ત્યારે કયા ડાયલોગ બોલવા, વિશેષણો, ઉપમા, રૂપકો, કવિતાઓ અને ભાવુક કથાઓના ઉપસંહાર કોણે કોણે, ક્યાં ક્યાં પીરસવા એ અભ્યાસક્રમ પ્રમાણે ચાલુ રાખવાથી, મહેમાનો એમના ટાર્ગેટ સુધી રોકાઈ શકે છે. એ વાત પુરવાર કરીને સૌ ભારે હૈયે વિદાય થયાં!

તમે પાછા મને પૂછશો નહીં, કે મહેમાનોએ યજમાનને ત્યાં ટકી રહેવાના કોર્સ ક્યાં ચાલે છે? ભૂલેચૂકે પણ ઉપરનો પ્રયોગ કામે લગાવશો નહીં પરિણામે કદાચ માર ખાવાનો કોઈ પ્રસંગ ઊભો થાય ત્યારે ફરી કોઈ કવિની કવિતાઓ લલકારશો નહીં, કારણ કે કવિઓને તો કલ્પનાની છૂટ છે જ છે, પણ આપણને નથી જ નથી! ■

વિશેષ
નીલોફર
feedback.ladki@bombaysamachar.com

# ભારતીય મહિલાઓ માટે સુહાગનાં ચિન્હોનું મહત્ત્વ

*આપણા દેશમાં દીકરીના લગ્ન અને તેને દુલ્હન રૂપે જોવાનું વિશેષ મહત્ત્વ છે. લગ્ન પછી, તેના જીવનમાં ઘણા ફેરફારો આવે છે, તેના માટે કરવામાં આવેલ શણગાર અને તેના સુહાગના ચિન્હોનું વિશેષ મહત્ત્વ છે. નવી પરણેલી વહુના હાથોમાં શોભતી લાલ બંગડીઓ કે કાચની બંગડીઓ, કપાળ પર શોભતું સિંદૂર, કપાળમાં ચમકતો ચાંદલો, ગળામાં પહેરેલું મંગળસૂત્ર, પગમાં શોભતી બિછ્છુઆ, પાયલ, આ બધા સુહાગનાં ચિહ્નો છે, જે તેને બીજા કરતાં અલગ બનાવે છે. આ દરેક પ્રતીકોની પોતાની ભાષા છે.*

## સિંદૂર

પરિણીત મહિલાના શણગારમાં સિંદૂર મહત્ત્વનું સ્થાન છે. તેથી, લગ્ન પછી, કેટલાક સમુદાયોને બાદ કરીએ તો તમામ સ્ત્રીઓ તેમના કપાળમાં સિંદૂર લગાવે છે. આપણાં શાસ્ત્રોમાં પણ સીતાજી, લક્ષ્મીજી અને માતા પાર્વતી તેમના સુહાગના લાંબા આયુષ્ય માટે સિંદૂર લગાવતા. બંગાળ, આસામ, ઓડિશા, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, કેરળ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક જેવા આ તમામ રાજ્યોમાં લગ્ન પછી સેંથો પૂરવાનું ખૂબ જ મહત્ત્વ છે. પૂર્વીય ઉત્તર પ્રદેશ અને બિહારમાં કેસરી અથવા લાલ સિંદૂર જોવા મળે છે.

દક્ષિણ ભારત અને ઉત્તર ભારતમાં મહિલાઓ લાલ સિંદૂર લગાવે છે. લાલ રંગને મહિલાઓના સુખ, સ્વાસ્થ્ય અને શક્તિનું પ્રતીક માનવામાં આવે છે.



## મંગળસૂત્ર

મંગળસૂત્રને સ્ત્રીનો હાર કહેવાય છે. ભારતમાં હિંદુ લગ્નોમાં, ત્રણ ગાંઠો ધરાવતો આ પવિત્ર દોરો લાંબા અને સુખી લગ્ન જીવન માટે વર વધૂને પહેરાવે છે. એવું માનવામાં આવે છે કે મંગળસૂત્ર વ્યક્તિને જીવંત રાખે છે. મોટાભાગના હિંદુ ઉત્તર ભારતીય લગ્નોમાં મંગળસૂત્ર પહેરાવવામાં આવે છે. પ્રદેશ અને જ્ઞાતિ પ્રમાણે તેની ડિઝાઇન અલગ અલગ હોય છે. દક્ષિણ ભારતમાં, જાતિ અથવા પેટાજાતિના આધારે તેનો આકાર અને ડિઝાઇન અલગ હોય છે. ૧૦૮ સુતરાઉ દોરાથી બનેલું મંગળસૂત્ર શુભ માનવામાં આવે છે. લગ્ન સમારોહ દરમિયાન, પૂજારીના મંત્રોચ્ચાર સાથે વર કન્યાને ગળામાં મંગળસૂત્ર પહેરાવે છે. તે બે પરિવારોના મિલન તેમજ એકબીજા પ્રત્યે સમર્પણનું પ્રતીક છે.

## નાકની નથ

હિંદુ ધર્મમાં નથને સોળ શણગારમાંથી એક ગણવામાં આવે છે, તેના વિના કન્યાનો શણગાર અધૂરો છે. તેને સુહાગની નિશાની માનવામાં આવે છે. નાકની નથ પહેરવાથી સ્ત્રીની સુંદરતા તો વધે જ છે, સાથે તેનો શણગાર પણ નથથી જ પૂર્ણ થાય છે. સ્ત્રીની નાકની નથ વૈવાહિક જીવનમાં મજબૂતી લાવવા માટે માનવામાં આવે છે. તેનાથી લક્ષ્મીજી પ્રસન્ન થાય છે અને ઘરમાં સમૃદ્ધિ જળવાઇ રહે છે. ઉત્તરાખંડમાં, સ્ત્રીઓ નાકમાં મોટી નથ અને પિછૌડ (પર્વતીય વિસ્તારોમાં સ્ત્રીઓ દ્વારા વપરાતી લેસવાળી ઓઢણી )પહેરે છે. પિછૌડને શુભ માનવામાં આવે છે. માત્ર પરિણીત સ્ત્રીઓ જ આ પહેરે છે. તેના વિના પહાડી વિવાહ અધૂરા ગણાય છે. પિછૌડનો રંગ પીળો હોય છે, જેમાં વચ્ચે સ્વસ્તિક અને કિનારીઓ પર સૂર્ય, ચંદ્ર, શંખ અને ઘંટડીની ડિઝાઇન હોય છે. પિછૌડથી જ જાણી શકાય કે તે કોના લગ્ન છે. કુમાઉમાં મહિલાઓ દરેક પ્રસંગે નાકની નથ પહેરે છે. કન્યાના મામા લગ્નમાં સોનાની નાકની નથ આપે છે.

## માંગ ટીકો

ઉત્તર ભારતના રાજસ્થાનના કેટલાક ભાગોમાં, સોના અથવા ચાંદીના બનેલા માંગ ટિક્કા પહેરવામાં આવે છે. એક રીતે, આ કપાળ પર પ્રેશર પોઇંટ બનાવે છે, જેનું વૈજ્ઞાનિક મહત્ત્વ છે. કહેવાય છે કે તે ત્વચાને સૂર્યનાં હાનિકારક કિરણોથી બચાવે છે.

## ચાંદલો

એમ તો કુંવારી છોકરીઓ પણ ચાંદલો લગાવે છે, પરંતુ પરિણીત મહિલાઓ દ્વારા આઈબ્રો વચ્ચે લગાવવામાં આવતો નાનો કે મોટો ચાંદલો તેમના શણગારને આખરી ઓપ આપે છે. ધાર્મિક ગ્રંથોમાં ચાંદલાને ત્રિનેત્રનું પ્રતીક માનવામાં આવે છે.

## મહેંદી અને અલ્તો

સોળ શણગારમાં પરિણીત મહિલાઓ માટે મહેંદી અને અલ્તોનું વિશેષ મહત્ત્વ છે. ઉત્તર ભારતમાં અલ્તો અને મહેંદી પગને ઠંડક આપવા માટે પણ લગાવવામાં આવે છે.

## લગ્નની વીંટી

ખ્રિસ્તી ધર્મમાં, કન્યાને ડાબા હાથની ત્રીજી આંગળીમાં સગાઈ અને લગ્નની વીંટી પહેરાવવામાં આવે છે. ઘણા પશ્ચિમી દેશોમાં પણ લગ્નની વીંટી ડાબા હાથમાં જ પહેરાવવામાં આવે છે. જો કે આપણા દેશમાં લગ્નની વીંટી જમણા હાથ પર પહેરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે તે આંગળીમાં વીંટી પહેરવાથી પતિ હંમેશાં હૃદયની નજીક રહે છે.

## બિછ્છુઆ

હિંદુ મહિલાઓ લગ્ન પછી પગની બીજી આંગળીમાં બિછ્છુઆ પહેરે છે. તે કન્યા અને વરરાજા બંને પક્ષ તરફ આપવામાં આવે છે. *પગમાં શોભતી બિછ્છુઆ, પાયલ, આ બધા સુહાગનાં ચિહ્નો છે.* ■

# રોહિત શર્મા મળ્યો ફડણવીસને: ક્રિકેટનો હિટમૅન રાજકારણમાં આવી રહ્યો છે કે શું?



મુંબઈ: સાતમી મેએ ટેસ્ટ-ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરનાર હિટમૅન રોહિત શર્મા મંગળવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમના નિવાસસ્થાન 'વર્ષા' ખાતે મળવા ગયો હતો અને આ મુલાકાત દરમ્યાન ફડણવીસે રોહિતને શાનદાર ટેસ્ટ-કરીઅર બદલ અભિનંદન આપ્યા હતા તેમ જ ભવિષ્ય માટે શુભેચ્છા આપી હતી. બન્નેની આ મુલાકાતને પગલે મીડિયામાં એવી વાતો ચગી છે કે રોહિત હવે મહારાષ્ટ્રના રાજકારણમાં પ્રવેશી રહ્યો છે. એવી પણ અફવા ફેલાઈ છે કે રોહિત ભારતીય જનતા પક્ષ (ભાજપ)માં જોડાઈ રહ્યો છે.

ફડણવીસે આ મુલાકાત બાદ સોશિયલ મીડિયામાં તસવીરો શૅર કરી હતી તેમ જ બૅટિંગની અપ્રતિમ કુશળતા બદલ ભૂતપૂર્વ ભારતીય ટેસ્ટ કૅપ્ટન રોહિત શર્માને બિરદાવ્યો હતો. ફડણવીસે પોતાના નિવાસસ્થાને પધારેલા રોહિતનું સન્માન પણ કર્યું હતું.

રોહિતે ટી-૨૦ પછી હવે ટેસ્ટ પણ છોડી દીધી છે, પરંતુ તે હજી પણ વન-ડેનો સુકાની છે. તાજેતરમાં જ તેના સુકાનમાં ભારતે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાનને લીગ મુકાબલામાં પછડાટ આપ્યા બાદ ટ્રોફી જીતી લીધી હતી.

ફડણવીસે કહ્યું હતું કે 'રોહિતને મારા સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' ખાતે આવકારવામાં મેં અત્યંત આનંદ અનુભવ્યો. તેમની સાથે ખૂબ વાતો કરી અને મેં તેમને ભવ્ય ટેસ્ટ કારકિર્દી બદલ અભિનંદન આપ્યા અને ભાવિ ક્રિકેટ-સફર માટે તેમ જ ભવિષ્ય માટે ઘણી શુભેચ્છાઓ પણ આપી.'

રોહિતે ૬૭ ટેસ્ટમાં ૧૨ સેન્ચુરી અને ૧૮ હાફ સેન્ચુરીની મદદથી ૪૦.૫૭ની સરેરાશે કુલ ૪,૩૦૧ રન કર્યા હતા.

થોડા વર્ષો પહેલાં સૌરવ ગાંગુલીએ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બૅનરજી સાથે કેટલીક મુલાકાતો કરી ત્યારે એવી વાતો ચગી હતી કે ગાંગુલી રાજકારણમાં પ્રવેશી રહ્યો છે.

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર યુસુફ પઠાણ મમતા બૅનરજીના તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) પક્ષમાં છે અને પશ્ચિમ બંગાળનો વિધાનસભ્ય છે. ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફ કૉંગ્રેસ પક્ષ સાથે સંકળાયેલો છે. ગૌતમ ગંભીર ભાજપ સાથે સંકળાયેલો હતો અને દિલ્હીમાં સંસદસભ્ય હતો, પણ તે હવે રાજકારણથી દૂર થઈ ગયો છે અને હાલમાં ભારતીય ટીમનો હેડ-કોચ છે. ■

# પાકિસ્તાની હૉકી ટીમ ભારત નહીં આવી શકે?

નવી દિલ્હી: આગામી ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં ભારતમાં મેન્સ હૉકીનો એશિયા કપ યોજાવાનો છે અને એમાં ભાગ લેનારા દેશોમાં પાકિસ્તાનનું નામ પણ છે, પરંતુ જો નરેન્દ્ર મોદી સરકારની મંજૂરી હશે તો જ પાકિસ્તાનની હૉકી ટીમને ભારતમાં આ ટૂર્નામેન્ટ રમવા દેવામાં આવશે. પાકિસ્તાન માટે બીજી મોટી મુસીબત એ છે કે આવતા વર્ષે નેધરલૅન્ડ્સ અને બેલ્જિયમમાં પુરુષોની હૉકીનો વર્લ્ડ કપ યોજાવાનો છે અને એમાં ક્વૉલિફાય થવા માટે ભારત ઉપરાંત પાકિસ્તાન, ચીન, જાપાન, કોરિયા, મલયેશિયા, ઓમાન અને ચાઇનીઝ તાઇપેઇની ટીમે એશિયા કપમાં ભાગ લેવો જરૂરી છે. ■

# નીરજ ચોપડાને ભારતીય લશ્કરમાં બઢતી

## નાયબ સુબેદારમાંથી બની ગયો લેફ્ટનન્ટ કર્નલ




નવી દિલ્હી: ઑલિમ્પિક્સની ભાલાફેંકની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી ચૂકેલો ૨૭ વર્ષીય ભારતરત્ન નીરજ ચોપડા હમણાં સુધી ભારતીય લશ્કરમાં (રાજપૂતાના રાઇફલ્સમાં) નાયબ સુબેદારની પદવી ધરાવતો હતો, પણ હવે તેને બઢતી અપાઈ છે અને તેને ટેરિટોરિયલ આર્મીમાં લેફ્ટનન્ટ કર્નલની પદવી આપવામાં આવી છે. વિશ્વભરના ભાલાફેંકના શ્રેષ્ઠ ઍથ્લીટોમાં નીરજ ચોપડાનું નામ અચૂક લેવાય છે.

નીરજ ૨૦૨૧ની ટોક્યો ઑલિમ્પિક્સમાં ભાલાફેંકનો સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં તેણે સિલ્વર મેડલ મેળવ્યો હતો. તે દેશના અનેક પ્રતિષ્ઠિત પુરસ્કાર જીતી ચૂક્યો છે.

મહાન ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની ભારતીય લશ્કરની ટેરિટોરિયલ આર્મીમાં લેફ્ટનન્ટ કર્નલ તરીકેની માનદ પદવી ધરાવે છે, જ્યારે નીરજ ચોપડાને નાયબ સુબેદારમાંથી ટેરિટોરિયલ આર્મીમાં લેફ્ટનન્ટ કર્નલ તરીકેની પદવી અપાઈ છે. તેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનાં શુભહસ્તે આ પદવી મળી છે.

નીરજ ચોપડાએ આ વર્ષમાં ટેનિસ પ્લેયર અને ટેનિસ કોચ હિમાની મોર સાથે લગ્ન કર્યા હતા. ■

# બાંગ્લાદેશના મુસ્તફિઝુરને હજી એનઓસી નથી મળ્યું, ભારત કદાચ ન પણ આવે

ઢાકા/નવી દિલ્હી: ઑસ્ટ્રેલિયાનો જેક ફ્રેઝર-મૅકગર્ક આઇપીએલની બાકીની મૅચો માટે ભારત પાછો ન આવવાનો હોવાથી દિલ્હી કૅપિટલ્સ (ડીસી)એ બાંગ્લાદેશના પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને છ કરોડ રૂપિયામાં સાઇન કર્યો છે, પરંતુ એમાં મોટું વિઘ્ન આવ્યું હોવાનું મનાય છે. સામાન્ય રીતે આઇપીએલમાં જે વિદેશી ખેલાડીને સાઇન કરવામાં આવ્યો હોય એ ખેલાડીએ તેના દેશના ક્રિકેટ બોર્ડ પાસેથી નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) મેળવી લીધું હોય ત્યાર પછી જ આઇપીએલની ટીમ તેને સાઇન કર્યો હોવાની જાહેરાત કરે છે. જોકે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ના સીઇઓ નિઝામુદ્દીન ચૌધરીએ એક ભારતીય વેબસાઇટને આપેલી જાણકારી મુજબ બીસીબીને ન તો મુસ્તફિઝુર પાસેથી અને ન બીસીસીઆઇ પાસેથી એનઓસી બાબતમાં સંપર્ક થયો છે.

૧૭મીથી ફરી શરૂ થનારી આઇપીએલ માટે બીસીસીઆઇએ નિયમમાં એક મોટો ફેરફાર કર્યો છે જે મુજબ ટેમ્પરરી રિપ્લેસમેન્ટ રુલ હેઠળ ફ્રેન્ચાઇઝીઓ પોતાના જે વિદેશી ખેલાડીઓ બાકીની સીઝનમાં રમવા ભારત પાછા ન આવવાના હોય તેમના સ્થાને કામચલાઉ ધોરણે નવા ખેલાડીઓને સાઇન કરી શકશે. જોકે શરત માત્ર એટલી છે કે ટીમ આવા નવા ખેલાડીને આવતા વર્ષની સીઝન પહેલાં રીટેન નહીં કરી શકે. ■

# રોહિત-વિરાટને મેદાન પરથી માનભેર ફેરવેલ આપવી જોઈતી હતી: કુંબલે




બેંગ્લૂરુ: રોહિત શર્મા પછી હવે વિરાટ કોહલીએ પણ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી એટલે તેમના કરોડો ચાહકો ઉપરાંત ખાસ કરીને દેશના ભૂતપૂર્વ ખેલાડીઓને પણ આશ્ચર્ય થયું છે. ભારતના ભૂતપૂર્વ સ્પિનર અનિલ કુંબલેએ તો ત્યાં સુધી કહ્યું છે કે આ બંને દિગ્ગજોને મેદાન પરથી માનભેર ફેરવેલ મળવી જોઈતી હતી.

કોહલીએ અનેક વિક્રમો રચ્યા બાદ હવે ૧૪ વર્ષની ટેસ્ટ કારકિર્દીને ગુડ બાય કરી છે. તેણે ૧૨૩ ટેસ્ટમાં ૯,૨૩૦ રન કર્યા હતા જેમાં ૩૦ સેન્ચુરી અને ૩૧ હાફ સેન્ચુરી સામેલ હતી. રોહિતે ૬૭ ટેસ્ટમાં ૧૨ સેન્ચુરી અને ૧૮ હાફ સેન્ચુરીની મદદથી ૪,૩૦૧ રન કર્યા હતા.

કુંબલેએ એક મુલાકાતમાં કહ્યું છે કે 'મને તો બહુ નવાઈ લાગી. થોડા દિવસની અંદર બે મહાન ખેલાડીઓએ ટેસ્ટ ક્રિકેટ રમવાનું છોડી દીધું. આ બન્નેને ટેસ્ટ ક્રિકેટમાં મેદાન પરથી માનભેર વિદાય મળવી જોઈતી હતી.'

કુંબલેનું એવું પણ માનવું છે કે 'વિરાટ કોહલી હજી થોડા વર્ષ ટેસ્ટ ક્રિકેટ રમી શક્યો હોત. જોકે પોતે ક્યારે નિવૃત્તિ લેવી એ ખેલાડી પોતે જ જાણતો હોય છે અને પોતે જ પોતાના સમયે નિર્ણય લેતો હોય છે.' એક સમય હતો જ્યારે ટીમ ઇન્ડિયાના હેડ-કોચ તરીકે અનિલ કુંબલે હતો અને વિરાટ કોહલી કેપ્ટન હતો. તેમની વચ્ચે બનતું નહોતું એવા અહેવાલો વચ્ચે કુંબલેએ એક જ વર્ષમાં હેડ-કોચનો હોદ્દો છોડી દીધો હતો.

ભારત વતી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ ૬૧૯ વિકેટ લેનાર અનિલ કુંબલેએ એક જાણીતી વેબસાઈટને આપેલા ઇન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું છે કે 'રોહિત-વિરાટ જેવા પ્રભાવશાળી ખેલાડીઓ તેમના ચાહકોની હાજરીમાં નિવૃત્તિ લે એવો તેમને મોકો મળવો જોઈતો હતો.' ■

# રોહિત-વિરાટનો સાત કરોડ રૂપિયાનો પગાર ચાલુ રહેશે? બીસીસીઆઇએ કરી દીધી છે આ સ્પષ્ટતા...

મુંબઈ: રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય પછી ટેસ્ટ-ક્રિકેટમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી છે એમ છતાં તેમને બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના 'એ-પ્લસ' ગ્રેડમાં જાળવી રાખવામાં આવશે. આ કૅટેગરીના પ્રત્યેક ખેલાડીને વર્ષે સાત કરોડ રૂપિયાનો પગાર આપવામાં આવે છે.

રોહિત અને વિરાટ હવે ભારત વતી ફક્ત વન-ડે રમતા જોવા મળશે. એ જોતાં ઘણાના મનમાં સવાલ જાગ્યો હતો કે રોહિત અને વિરાટે ટી-૨૦ અને ટેસ્ટના ફૉર્મેટને તિલાંજલિ આપી હોવા છતાં તેમને 'એ-પ્લસ' ગ્રેડમાં જાળવી રાખવામાં આવશે? જોકે બીસીસીઆઇએ ખુલાસો કરી દીધો છે.

બીસીસીઆઇએ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ માટે કુલ ચાર ગ્રેડ બનાવ્યા છે. ગ્રેડ એ-પ્લસ, ગ્રેડ એ, ગ્રેડ બી અને ગ્રેડ સી. હાલની વાત કરીએ તો ગ્રેડ એ-પ્લસમાં ફક્ત ચાર ખેલાડીને સમાવવામાં આવ્યા છે: રોહિત શર્મા, વિરાટ કોહલી, રવીન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહ.

આ ચાર ખેલાડીમાં બુમરાહને બાદ કરતા બાકીના ત્રણેય ખેલાડી ત્રણેટ ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં નથી રમી રહ્યા. રોહિત-વિરાટ હવે માત્ર વન-ડે રમશે, જ્યારે જાડેજા ટી-૨૦ ઇન્ટરનૅશનલ છોડી ચૂક્યો છે.

સામાન્ય રીતે બીસીસીઆઇ એવા જ ખેલાડીને ગ્રેડ એ-પ્લસમાં રાખે છે જેઓ ત્રણેય ફૉર્મેટમાં રમતા હોય. જોકે બીસીસીઆઇના સેક્રેટરી દેવજિત સૈકિયાએ સ્પષ્ટતા કરી છે કે રોહિત અને વિરાટ ટી-૨૦ તથા ટેસ્ટ છોડી ચૂક્યા છે અને હવે ફક્ત વન-ડે રમશે એમ છતાં તેમને ગ્રેડ એ-પ્લસમાં જાળવી રાખવામાં આવશે. તેઓ હજી પણ ભારતીય ખેલાડી છે અને ગ્રેડ એ-પ્લસની તમામ સુવિધાઓ તેમને મળશે.

### કયા ગ્રેડમાં ખેલાડીને કેટલા પૈસા મળે છે?

ગ્રેડ એ-પ્લસ: વર્ષે સાત કરોડ રૂપિયા અને દરેક ટેસ્ટ રમવા બદલ ૧૫ લાખ રૂપિયા, દરેક વન-ડે રમવા બદલ છ લાખ રૂપિયા તેમ જ દરેક ટી-૨૦ મૅચ રમવા ત્રણ લાખ રૂપિયા ફી

ગ્રેડ એ: વર્ષે પાંચ કરોડ રૂપિયા અને દરેક ટેસ્ટ રમવા બદલ ૧૫ લાખ રૂપિયા, દરેક વન-ડે રમવા બદલ છ લાખ રૂપિયા તેમ જ દરેક ટી-૨૦ મૅચ રમવા ત્રણ લાખ રૂપિયા ફી

ગ્રેડ બી: વર્ષે ત્રણ કરોડ રૂપિયા અને દરેક ટેસ્ટ રમવા બદલ ૧૫ લાખ રૂપિયા, દરેક વન-ડે રમવા બદલ છ લાખ રૂપિયા તેમ જ દરેક ટી-૨૦ મૅચ રમવા ત્રણ લાખ રૂપિયા ફી

ગ્રેડ સી: વર્ષે એક કરોડ રૂપિયા અને દરેક ટેસ્ટ રમવા બદલ ૧૫ લાખ રૂપિયા, દરેક વન-ડે રમવા બદલ છ લાખ રૂપિયા તેમ જ દરેક ટી-૨૦ મૅચ રમવા ત્રણ લાખ રૂપિયા ફી

### કયા ગ્રેડમાં કયો ખેલાડી છે?

ગ્રેડ એ-પ્લસ: રોહિત શર્મા, વિરાટ કોહલી, રવીન્દ્ર જાડેજા, જસપ્રીત બુમરાહ.

ગ્રેડ એ: મોહમ્મદ સિરાજ, કેએલ રાહુલ, શુભમન ગિલ, હાર્દિક પંડ્યા, મોહમ્મદ શમી, રિષભ પંત.

ગ્રેડ બી: સૂર્યકુમાર યાદવ, કુલદીપ સિંહ, અક્ષર પટેલ, યશસ્વી જયસ્વાલ, શ્રેયસ ઐયર.

ગ્રેડ સી: રિન્કુ સિંહ, તિલક વર્મા, ઋતુરાજ ગાયકવાડ, શિવમ દુબે, રવિ બિશ્નોઈ, વૉશિંગ્ટન સુંદર, મુકેશ કુમાર, સંજુ સૅમસન, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, રજત પાટીદાર, ધ્રુવ જુરેલ, સરફરાઝ ખાન, ઇશાન કિશન, નીતીશ કુમાર રેડ્ડી, અભિષેક શર્મા, આકાશ દીપ, વરુણ ચક્રવર્તી અને હર્ષિત રાણા. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| खोली | મસાલેદાર |
| खोल | તરબૂચ |
| खीळ | ઊંડું |
| खमंग | ઓરડો |
| खरबूज | ખીલી |

## ઓળખાણ પડી?



આપણી રિઝર્વ બેન્કને સમકક્ષ યુએસ સેન્ટ્રલ બેન્કનાં સર્વોચ્ચ પદ ચાર વર્ષ માટે શોભાવનારાં પ્રથમ મહિલા ઈકોનોમિસ્ટની ઓળખાણ પડી?

અ) એસ્થર ડુફ્લો બ) લોરી રોબિન્સન ક) કેટ બ્રાઉન ડ) જેનેટ યેલેન

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સં | ગ | ૨ ત | | ૩ અ | ૪ ડ | ૫ ચ | ણ | | ૬ ર |
| ગ | | ૭ ક | ૮ ઠે | | ૯ ઝ | લ | | | હે |
| ૧૦ દિ | શા | | ૧૧ ક | ૧૨ થા | ન | ક | | ૧૩ ના | ણાં |
| | | | ૧૪ ઠે | કો | | ૧૫ ચ | ૧૬ કા | ચ | ક |
| | ૧૭ એ | વો | કા | ડો | | ૧૮ લા | ગ | વું | |
| ૧૯ ચ | રુ | | ણે | | ૨૦ બા | ણું | | | ૨૧ ફ |
| કા | | ૨૨ કા | | ૨૩ ખ | રા | | ૨૪ હ | ૨૫ લ | ક |
| ૨૬ સ | ફા | ચ | ૨૭ ટ | | ખ | | ૨૮ સો | ગા | ત |
| ણી | | | ક | | ૨૯ ડી | ૩૦ પ | | તા | |
| | ૩૧ કા | ર્ય | વા | હી | | ૩૨ સા | ય | ર | ન |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

આડી ચાવી
(૧) સચોટ, બોલતાં મુશ્કેલી પડે એવું (૫)
(૪) સારી રીતે રક્ષાયેલું (૪)
(૭) ...... પડવું સ્ત્રીઓ માટે સહજ હોય (૨)
(૮) દરિયો ખેડનાર (૩)
(૯) પ્યાસ (૩)
(૧૧) સાવધાન, સાવચેત (૩)
(૧૨) યજ્ઞની વેદી (૨)
(૧૪) કસરતબાજ (૪)
(૧૬) પેશાબખાના (૪)
(૧૯) છાસની ઉપર તરે (૩)
(૨૦) વીસ કિલોનું જૂનું માપ (૨)
(૨૧) ગીતમાં ..... મહત્ત્વનો હોય (૨)
(૨૩) હંમેશાં (૨)
(૨૪) બિમારીમાં પીવાય (૨)
(૨૫) એક રાગ (૩)
(૨૭) હરીફાઈ (૨)
(૨૯) નૃત્યનો એક પ્રકાર (૩)
(૩૧) ગર્વ સાથે (૩)
(૩૨) સંગીતનું સાધન (૨)
(૩૩) વિસ્તારપૂર્વક (૫)

ઊભી ચાવી
(૧) દુનિયા, વિશ્વ (૩)
(૨) એકાદશી પછી આવે (૩)
(૩) એક રાગ (૨)
(૪) કૃષ્ણનાં પદો રચનાર હિંદી કવિ (૪)
(૫) દાણાદાર લોટ (૨)
(૬) તડ, ફાટ, ચીરો (૩)
(૮) પાણીમાં ઝંપલાવવું (૪)
(૧૦) ખેલ, ક્રીડા (૩)
(૧૨) શ્રીકૃષ્ણની ફોઈ (૨)
(૧૩) ટટાર, શૂરવીર, ધીંગુ (૪)
(૧૫) રખવાળી, બચાવ (૩)
(૧૬) વું મથક (૪)
(૧૭) પત્ની, લક્ષ્મી (૨)
(૧૮) સંભાળીને (૬)
(૨૦) ..... બાંધવો એટલે અભિપ્રાય નક્કી કરવો (૨)
(૨૨) આ દેવને કોઈ ના બોલાવે (૪)
(૨૩) નક્કી કરેલું (૪)
(૨૬) ..... પકડવી એટલે સાચું કારણ શોધી કાઢવું (૨)
(૨૮) ખોટ, કમી (૩)
(૩૦) કવિતા લખે તે (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના જમાઈની સાસુની એકમાત્ર દીકરીના સગા માસી પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાભી બ) સાળી ક) ભત્રીજી ડ) બહેન

## જાણવા જેવું

ડક બિલ્ડ પ્લેટિપસ તરીકે ઓળખાતા પ્રાણીની વિશિષ્ટતા એ છે કે એ જગતનું એકમાત્ર સસ્તન પ્રાણી છે જે ઈંડાં મૂકીને બચ્ચાને જન્મ આપે છે. ખાસ કરીને ઓસ્ટ્રેલિયામાં જોવા મળતું આ પ્રાણી નિશાચર અને ઝેરીલું છે. વધુમાં વધુ દોઢેક ફૂટ લંબાઈ ધરાવતું આ પ્રાણી શિકાર કરવામાં અનોખી કાબેલિયત ધરાવે છે.

## સુડોકુ-૮૦૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૯ | ૧ | | |
| | ૩ | | | ૪ | | ૯ | | |
| ૯ | | | ૩ | | ૭ | | ૬ | |
| | ૪ | ૬ | | ૨ | | | | |
| | ૯ | ૮ | | | | ૨ | ૧ | |
| | | | | ૮ | | ૭ | ૪ | |
| | ૧ | | ૬ | | ૮ | | | ૪ |
| | | ૨ | | ૧ | | | ૭ | |
| | | ૭ | ૫ | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૬ | ૨ | ૩ | ૮ | ૧ | ૫ | ૯ |
| ૮ | ૧ | ૫ | ૯ | ૬ | ૭ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૯ | ૨ | ૧ | ૪ | ૫ | ૭ | ૬ | ૮ |
| ૧ | ૩ | ૪ | ૬ | ૫ | ૯ | ૨ | ૮ | ૭ |
| ૭ | ૨ | ૯ | ૩ | ૮ | ૪ | ૫ | ૧ | ૬ |
| ૬ | ૫ | ૮ | ૭ | ૧ | ૨ | ૯ | ૩ | ૪ |
| ૯ | ૪ | ૧ | ૫ | ૨ | ૬ | ૮ | ૭ | ૩ |
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૩ | ૪ | ૨ | ૧ |
| ૨ | ૮ | ૩ | ૪ | ૭ | ૧ | ૬ | ૯ | ૫ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

અહીં પૈસા માટે વપરાતો અંગ્રેજી શબ્દ સંતાયો છે એ શોધી કાઢો. કાકા પણ મંદિરે આવવાના છે. વળતા તમે એમની સાથે આવજો.

## નોંધી રાખો

સમસ્યાથી ગભરાવું નહીં, કારણ કે સમસ્યાના જન્મ સાથે એના ઉકેલનો પણ જન્મ થાય છે. તમારે બસ એ શોધવાની મહેનત કરવાની છે.

## માઈન્ડ ગેમ

ઓલિમ્પિક રમતોત્સવમાં અનેક વિક્રમ નોંધાયા છે. ઓલિમ્પિકસમાં પ્રથમ વાર ચાર ગોલ્ડ મેડલ જીતવાનું શ્રેય કઈ મહિલા એથ્લિટના નામે છે?

1) Nadia Comneci 2) Lisa Leslie
3) Fanny Blankers - Koen
4) Florence Griffith Joyner

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| गोड | ગળ્યું |
| आंबट | ખાટું |
| कडु | કડવું |
| तिखट | તીખું |
| चव | સ્વાદ |

ગુજરાત મોરી મોરી રે: ભાઈ

ઓળખાણ પડી? તારકેશ્વરી સિન્હા

માઈન્ડ ગેમ: ઉત્તર પ્રદેશ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: ગજ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) કિશોર જીવણદાસ વેદ (૭) ધીરેન ઉદેશી (૮) ગીતા ઉદેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) મહેન્દ્ર લોઢાવિયા (૧૫) મહેશ દોશી (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) શ્રદ્ધા આશર (૧૯) પ્રવીણ વોરા (૨૦) મીનળ કાપડિયા (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) ભાવના કર્વે (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) પુષ્પા પટેલ (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) નુતન વિપીન શાહ (૩૧) હેમા હરીશ ભટ્ટ (૩૨) અલકા વાણી (૩૩) અંજુ ટોલિયા (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) પુષ્પા ખોના (૩૬) નીતિન જયંતીલાલ બજરિયા (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશ દલાલ (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) વિણા સંપટ (૪૪) મહેશ દોશી (૪૫) અંબરીશ ઓઝા (૪૬) નિતિન બજરિયા (૪૭) જયશ્રી ભાવિશા (૪૮) વિજય ઠક્કર (૪૯) જગદીશ ઠક્કર (૫૦) અરવિંદ કામદાર (૫૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ

# મીરા રોડ હવે દૂર નથી

## મેટ્રો-૯ની સફળ ટ્રાયલ રનઃ ૨૦૨૫ના અંતમાં શરૂ થવાની શક્યતા



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે લાંબી રાહનો અંત આવ્યો. ફડણવીસે રાજ્યના બંને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત દાદા પવારની હાજરીમાં મેટ્રો-૯ના પ્રથમ તબક્કાના ટ્રાયલ રનનો પ્રારંભ કરાવ્યો. ફડણવીસ મેટ્રોમાં ચઢ્યા. આ પ્રસંગે ફડણવીસે કહ્યું હતું કે, ખુશીની વાત છે કે કાશીગાંવથી દહીસર (પૂર્વ) સુધીના મેટ્રો રૂટ-૯, ફેઝ-૧નો ટ્રાયલ રન આજે શરૂ થઈ રહ્યો છે. તેના સફળ પરીક્ષણ પછી, આ સુવિધા ખૂબ જ ટૂંક સમયમાં સામાન્ય લોકો માટે ખુલ્લી મૂકવામાં આવશે. આ મેટ્રોની કનેક્ટિવિટી સાથે મુંબઈ અને થાણેમાં નિયમિત મુસાફરી કરતા લોકોને સીમલેસ કનેક્ટિવિટીનો લાભ મળશે. ટ્રાયલ રન હવે ચાર સ્ટેશનો વચ્ચે થશે.

આ પ્રસંગે ફડણવીસે જણાવ્યું હતું કે મેટ્રો રૂટથી મીરા ભાઈંદર અને મુંબઈથી આવતા મુસાફરોને ઘણો ફાયદો થશે. તેનો મુખ્ય ઉદ્દેશ સીમલેસ કનેક્ટિવિટી પ્રાપ્ત કરવાનો છે. ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતા ફડણવીસે (જુઓ પાનું ૪) ▸▸




## પહેલો કેબલ-સ્ટેડ રોડ ઓવરબ્રિજ મહારાષ્ટ્ર રેલવે ફાટક મુક્ત કરશે

### મુખ્ય પ્રધાને રે રોડ કેબલ સ્ટેડ રોડ ઓવર બ્રિજ અને ટિટવાલા રોડ ઓવર બ્રિજનું ઉદ્‌ઘાટન કર્યું

મુંબઈઃ મહારેલે સમગ્ર મહારાષ્ટ્રમાં મોટા પાયે રેલવે પુલ બનાવવાનું કામ હાથ ધર્યું છે. અત્યાર સુધીમાં મહારેલ દ્વારા ૩૨ (બત્રીસ) પુલ પૂર્ણ કરવામાં આવ્યા છે, આ વર્ષે મહારેલ દ્વારા ૨૫ પુલ પૂર્ણ કરવામાં આવશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર (જુઓ પાનું ૪) ▸▸

# વસઈ ખાડી પર બનશે ડબલ ડેકર બ્રિજ

## મેટ્રો રૂટ ઉપર અને નીચે હશે આઠ લેનનો હાઈવે

વિરારઃ વસઈ-વિરાર વચ્ચે હાલમાં માત્ર બે જ રૂટ છે. અહીંના મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટ્રાફિકની સમસ્યા અને બીજી તરફ ટ્રેનમાં મુસાફરી કરતી વખતે મુસાફરોને ભોગવવી પડતી હાલાકીનો કારણે નાયગાંવ-ભાયદર વચ્ચેની ખાડી પર નવો પુલ બનાવવાની સતત માંગ ઉઠી રહી છે.

મહારાષ્ટ્ર સરકાર અને એમએમઆરડીએ ના સહયોગથી વસઈ ખાડી પર પ્રથમ વખત રોડ અને રેલ ટ્રાફિક માટે ડબલ ડેકર બ્રિજ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ મુંબઈથી વિરાર સુધીની મુસાફરીને સરળ બનાવશે.

આ મલ્ટિ- પર્પઝ પ્રોજેક્ટ ઉત્તન વિરાર સી-બ્રિજ અને મીરા રોડ-વિરાર મેટ્રો લાઇન-૧૩ને એકસાથે લાવીને પૂર્ણ કરવામાં આવશે. વસઈ ખાડી પર લગભગ પાંચ કિ.મી. આ લાંબો ડબલ ડેકર બ્રિજ બનાવવામાં આવશે, જેમાં ઉપરના ભાગમાં મેટ્રો રૂટ અને નીચેના રૂટ પર આઠ લેનનો (જુઓ પાનું ૪) ▸▸

**ઘોડબંદર રોડનો ટ્રાફિક ઓછો થશે**

# ભાયંદર પાડા ફ્લાયઓવર ટ્રાફિક માટે ખુલ્લો

થાણેઃ ગઇ કાલે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસ્તે ઘોડબંદર રોડ પરના ભાયંદર પાડા ફ્લાયઓવરનું ઉદઘાટન થયા બાદ આ ફ્લાયઓવરને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ પુલને કારણે ઘોડબંદર રોડ પરની મુસાફરી થોડી વધુ ઝડપી બની છે. આ ઉપરાંત વિસ્તારના રહેવાશીઓ વાહન દ્વારા રોડ ક્રોસ કરી શકે તે માટે બ્રિજની નીચે બે સબવે બનાવવામાં આવશે.

દિવસ દરમિયાન થાણે, ભિવંડી, મુંબઈ અને નવી મુંબઈથી ઘણા વાહનો બોરીવલી, વસઈ, વિરાર અને ગુજરાત તરફ જાય છે. ઉપરાંત ઉરણ જેએનપીટી પોર્ટ પરથી ગુજરાત જતા ભારે વાહનો પણ ઘોડબંદરથી પસાર થાય છે, જેના કારણે આ રોડ પર ભારે ટ્રાફિક રહે છે.

સ્થાનિક નાગરિકો હાઈવે પરથી રસ્તો ઓળંગી શકે અને અકસ્માતોની સંખ્યા ઘટાડી શકે તે માટે આ રોડ પર ફ્લાયઓવર પણ બનાવવામાં આવ્યા છે. પરંતુ આ વિસ્તારના સ્થાનિકોને હાઈવે પરથી ચકરાવો લઈને આંતરીક માર્ગે જતી વખતે ભારે જહેમત ઉઠાવવી પડતી હતી. તે દૂર કરવા માટે, એમએમઆરડીએ એ ભાઈંદર પાડા અને કાસરવડવલી ખાતે ફ્લાયઓવર બાંધવાનું નક્કી કર્યું હતું. આ માર્ગની વચ્ચેથી મેટ્રો લાઈન પસાર થઈ રહી છે અને તેની સમાંતર આ ફ્લાયઓવર બનાવવામાં આવી રહ્યો છે. તે પૈકી ભાયંદરપાડા ફ્લાયઓવરનું કામ થોડા દિવસો પહેલા પૂર્ણ (જુઓ પાનું ૪) ▸▸

**વસઈ-વિરારમાં ગેરકાયદે ઈમારતો**

# મની લોન્ડરિંગનો કેસ નોંધી બિલ્ડરો સાથે સંકળાયેલા ૧૩ સ્થળે ઇડીની રેઇડ

મુંબઈઃ મીરા-ભાયંદર વસઇ-વિરાર વિસ્તારમાં ગેરકાયદે બાંધકામો સંબંધે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઇડી) બુધવારે સવારના મોટી કાર્યવાહી કરી હતી. ઇડીના અધિકારીઓએ વસઇ-વિરાર પાલિકાની હદમાં બિલ્ડરો સાથે સંકળાયેલા ૧૩ સ્થળે રેઇડ પાડી હતી.

ઇડી મુંબઈ (ઝોન-૨)એ વસઇ-વિરાર વિસ્તારમાં રહેણાક અને વ્યાવસાયિક ઇમારતોના ગેરકાયદે બાંધકામો સંદર્ભે મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસ દ્વારા દાખલ કરાયેલા એફઆઇઆરના આધારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ એન્ફોર્સમેન્ટ કેસ ઇન્ફોર્મેશન રિપોર્ટ (ઇસીઆઇઆર) દાખલ કર્યો હતો.

ઇડીના જણાવ્યા અનુસાર આ કેસ મુખ્યત્વે નાલાસોપારા પૂર્વના અગરવાલ નગરમાં ગેરકાયદે ૪૧ રહેણાક-વ્યાવસાયિક ઇમારતોના બાંધકામનો છે, જે સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ડમ્પિંગ ગ્રાઉન્ડ માટે ૬૦ એકર જમીન પર બાંધવામાં આવી હતી. બિલ્ડરો અને તેમના મળતિયાઓએ બનાવટી દસ્તાવેજો અને બનાવટી સેલ એગ્રીમેન્ટ તૈયાર કરીને ઇમારતો ઊભી કરી હતી, જેના દ્વારા ગરીબ રહેવાસીઓને લૂંટવામાં આવ્યા હતા.

અધિકારીએ કહ્યું હતું કે ૨૦૧૦ અને ૨૦૧૨ દરમિયાન બાંધવામાં આવેલી ગેરકાયદે ૪૧ ઇમારતોને મુંબઈ હાઇ કોર્ટના નિર્દેશ પર વસઇ-વિરાર પાલિકા દ્વારા તોડી પાડવામાં આવી હતી, જેને કારણે ૨,૫૦૦ પરિવાર બેઘર થઇ ગયા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ સેન્ટ્રલ એજન્સીએ જે એફઆઇઆર પર આધાર રાખ્યો હતો, તે કેટલાક (જુઓ પાનું ૪) ▸▸

**જવાનોને સન્માન આપવા માટે થાણેમાં ત્રિરંગા રેલી**

# ભારત તરફ વાંકી નજરે જોવાની કોઈની હિંમત નહીં થાયઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ પાકિસ્તાને આપણા ભારત તરફ વાંકી નજરે જોવાની હિંમત ન કરી શકે એવી બહાદુરી ત્રણેય સેનાના સૈનિકોએ બતાવી છે અને દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમની પડખે ઉભા રહ્યા હતા, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે થાણેમાં ત્રિરંગા રેલી દરમિયાન બોલતા કહ્યું હતું.

બાવીસમી એપ્રિલના રોજ, પાકિસ્તાનના આતંકવાદીઓએ પહલગામમાં એક ક્રૂર હુમલો કર્યો. આમાં ૨૬ ભારતીય નાગરિકોના મોત થયા હતા. આ હુમલા બાદ, સાતમી મેની સવારે, ભારતીય વાયુસેનાએ પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી છાવણીઓ પર હવાઈ હુમલા કર્યા. ભારતે આ હવાઈ હુમલાને ‘ઓપરેશન સિંદૂર’ નામ આપ્યું. ‘ઓપરેશન સિંદૂર’ પછી, ભારતીય સેના માટે જીવનના (જુઓ પાનું ૪) ▸▸

## સેના (યુબીટી)એ ‘ત્રિરંગા યાત્રા’ માટે ભાજપની ટીકા કરીઃ કહ્યું પાકિસ્તાન સામે બદલો અધૂરો રાખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)એ બુધવારે ભારતના ઓપરેશન સિંદૂરની સફળતા નિમિત્તે કાઢવામાં આવેલી ‘ત્રિરંગા યાત્રા’ પર સત્તાધારી ભાજપ પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે પાકિસ્તાન સામે દેશનો બદલો અધૂરો રહ્યો છે.

૧૧ દિવસની રાષ્ટ્રવ્યાપી ‘ત્રિરંગા યાત્રા’માં કેન્દ્રીય પ્રધાનો અમિત શાહ, રાજનાથ સિંહ અને જે પી નડ્ડા, જે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પણ છે, સહિતના ટોચના ભાજપના નેતાઓએ રવિવારે આ મુદ્દા પર ચર્ચા કર્યા બાદ શરૂ કરવામાં આવી હતી.

‘ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવ્યો નહીં. તેના બદલે તેણે (અમેરિકન (જુઓ પાનું ૪) ▸▸



**જવાનોને સલામીઃ** પાકિસ્તાન સામેના ભારતના ‘ઑપરેશન સિંદૂર’ના અને ભારતીય સશસ્ત્રદળોના માનમાં થાણેમાં બુધવારે તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. (જયપ્રકાશ કેળકર)

# તો રાજ્યમાં લોડશેડિંગ જેવું કંઈ નહીં હોય

## વીજળીની વધતી જતી માગને ધ્યાનમાં લઈ ₹ ૧.૪ લાખ કરોડનું રોકાણ કરાશે

મુંબઇઃ મહારાષ્ટ્રની વીજળીની જરૂરિયાત ૨૦૩૫ સુધીમાં વધી ૪૫ હજાર મેગાવોટ થવાની ધારણા છે. આ માગણીને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે અનેક પગલાં લીધા હોવાનું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં મુંબઈમાં પશ્ચિમના રાજ્યોના ઊર્જા પ્રધાનોના સંમેલનમાં જણાવ્યું હતું.

ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્યની હાલની વીજ જરૂરિયાત ૩૦,૬૫૯ મેગાવોટ છે અને ૨૦૩૫ સુધીમાં જરૂરિયાત ૪૫,૦૦૦ મેગાવોટની આસપાસ પહોંચવાની ધારણા છે. ભવિષ્યની જરૂરિયાતને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ મજબૂત બનાવવા માટે ₹૬૫,૦૦૦ કરોડની યોજના તૈયાર કરવામાં આવી છે અને ટ્રાન્સમિશન સેક્ટરમાં ₹૭૫,૦૦૦ કરોડનું રોકાણ પણ કરવામાં આવ્યું છે.’

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે ઉનાળાની વીજળીની વધેલી માંગને પહોંચી વળવા માટે પૂરતી વીજળી ખરીદવાનાં પગલાં પણ લેવામાં આવ્યાં છે. થર્મલ પાવર સ્ટેશનોમાંથી ૨,૬૮૩ મેગાવોટ, હાઇડ્રોપાવરમાંથી ૧,૧૭૦ મેગાવોટ અને રિન્યુએબલ સોર્સમાંથી ૩૫,૧૭૦ મેગાવોટ વીજળી મેળવવા વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત નોન-સોલાર પીક ટાઇમ ડિમાન્ડને પહોંચી વળવા માટે ૪,૫૭૪ મેગાવોટની સ્ટોરેજ ક્ષમતાનું આયોજન કરવામાં આવ્યું છે.’

ફડણવીસે કેન્દ્ર સરકારને સૌર ઊર્જાને સસ્તું બનાવવા અને ગ્રીડ સ્થિરતા જાળવવામાં મદદ કરવાની પહેલમાં સહકાર આપવા વિનંતી કરી હતી.

# મહાયુતિ સરકારના વિકાસમાં ‘સ્પીડ બ્રેકર’ જ નથીઃ ફડણવીસ

થાણાઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે વિરોધ પક્ષો પર નિશાન સાધતા કહ્યું હતું કે મહાયુતિ સરકારના ત્રણ શાસક પક્ષ દ્વારા રાજ્યમાં થઈ રહેલા વિકાસ કાર્યો કોઈ અટકાવી નહીં શકે.

થાણા શહેરથી આશરે ૨૦ કિલોમીટર દૂર કાશીગાંવ ખાતે સંવાદદાતા સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે કાશીગાંવ-દહિસર મેટ્રો લાઇન ટેકનિકલ પરીક્ષણના અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં જ મુસાફરો માટે શરૂ કરવામાં આવશે. આ મેટ્રો વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પરની ટ્રાફિક સમસ્યા હળવી કરી મુસાફરોને જરૂરી રાહત પૂરી પાડશે.

મહાયુતિના સાથી પક્ષો અંગેના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે ત્રણેય પક્ષ એક સાથે છે અને અમે ઝડપથી રાજ્યની વિકાસ એક્સપ્રેસ ચલાવી રહ્યા છીએ. વિકાસ આડે કોઈ સ્પીડ-બ્રેકર નહીં મૂકી શકે. જો તેઓ (વિપક્ષ) વિકાસમાં મદદ કરવા માંગતા હોય તો અલગ વાત છે. અહીં સ્પીડ-બ્રેકર માટે કોઈ જગ્યા નથી.’ મુખ્ય પ્રધાને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર એનએસ બોઝ મેદાનથી બાન્દ્રા સુધી અખંડ કનેક્ટિવિટી હાંસલ કરવાનાં લક્ષ્યાંક પર ભાર મૂક્યો હતો જેમાં વિવિધ તબક્કાઓમાં કામ ચાલી રહ્યું છે. આ પ્રસંગે પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇક સહિત નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર ઉપસ્થિત રહ્યા હતા. (પીટીઆઈ)

# ગોખલે બ્રિજ પર બસ સેવા શરૂ થવાની રાહમાં

મુંબઈઃ ૨૦૨૨માં બંધ કરવામાં ગોખલે બ્રિજ, ઘણી ટેકિનકલ અડચણોને પાર કરી અઢી વર્ષ પછી રવિવારે સંપૂર્ણ ક્ષમતા સાથે ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. હવે આ બ્રિજ પરથી બસ સેવા ક્યારથી પૂર્વરત થશે તેની સ્થાનિકો રાહ જોઇ રહ્યા છે. દરમિયાન, બેસ્ટ વહીવટીતંત્રે આગામી સપ્તાહ સુધીમાં સેવા પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો ચાલુ હોવાનું જણાવ્યું છે. ગોખલે બ્રિજના બસ રૂટમાં ભંગાણ અને ડાયવર્ઝનને કારણે અન્ય વૈકલ્પિક માર્ગો પર ટ્રાફિકની ભીડ વધી હતી. આ ઉપરાંત મુસાફરી ખર્ચ અને સમયમાં વધારાથી મુસાફરો ઘણા પરેશાન હતા. આથી ફેબ્રુઆરીમાં ગોખલે બ્રિજની એક લેન ખુલ્લો મુકાયા બાદ બસનો રૂટ પુનઃસ્થાપિત કરવા સ્થાનિકોમાંથી સતત માંગ ઉઠી રહી છે.જો ગોખલે બ્રિજ પરની બસ સેવા પુનઃસ્થાપિત કરવામાં આવે તો અંધેરી ઈસ્ટ-વેસ્ટ સહિતના લાંબા અંતરના રૂટ પરની મુસાફરી ઓછા સમયમાં થઈ શકશે.

ગોખલે બ્રિજના પુનઃનિર્માણ કાર્ય હાથ ધરાયા બાદ આ રૂટ પરની બસ સેવાને ડાયવર્ટ કરવામાં આવી હતી, જ્યારે કેટલાક બસ રૂટ ખોરવાઈ ગયા હતા. આના કારણે પૂર્વ-પશ્ચિમ મુસાફરી કરતા સામાન્ય નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો, ઉપરાંત ટ્રાફિકની સમસ્યામાં પણ વધારો થયો હતો.

# આંતર જ્ઞાતીય લગ્ન કરનારા યુગલોને રક્ષણ આપવા કડક નિયમો

## નવ મુદ્દા સાથે એસઓપી જારી

મુંબઈઃ આંતર-ધર્મિય અથવા આંતર-જાતિય લગ્ન કરનારા યુગલો પર હુમલાની ઘટનાઓ વચ્ચે, રાજ્ય સરકારે મંગળવારે આવા યુગલોના રક્ષણ માટે નવ-મુદ્દાના સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર (એસઓપી) જારી કર્યા. આ એસઓપી ૨૦૧૮ માં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશો મુજબ જારી કરવામાં આવ્યા છે.

આ એસઓપીમાં રાજ્ય હેલ્પલાઇન, એફઆઈઆર નોંધણી માટેની પ્રક્રિયાઓ, યુગલો માટે મફત કાનૂની સહાય, જિલ્લા સ્તરીય સમીક્ષા સમિતિ અને સરકારને અહેવાલ સુપરત કરવાનો પણ સમાવેશ થાય છે.

પોલીસ અધિક્ષક અથવા પોલીસ કમિશનર હેઠળ જિલ્લા સ્તરે એક ખાસ સેલ પણ બનાવવામાં આવશે; એક જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી અને જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી તેના સભ્યો તરીકે કાર્ય કરશે. આ સેલ દંપતીની ઉંમર ચકાસ્યા બાદ તેમની ફરિયાદના આધારે તપાસ શરૂ કરશે. જો જરૂરી હોય અથવા દંપતી દ્વારા માંગણી કરવામાં આવે તો, શરૂઆતમાં તેમને એક મહિના માટે નજીવા શુલ્ક પર એક સલામત ઘર પૂરું પાડવામાં આવશે. આ સુવિધા છ મહિના સુધી લંબાવી શકાશે. અને જો દંપતી વિનંતી કરે તો તેમને પોલીસ સુરક્ષા આપવામાં આવશે.

જિલ્લા કલેક્ટર આ ઘરની વ્યવસ્થા (જુઓ પાનું ૪) ▸▸

**જેલ વ્યવસ્થા માટે ₹ ૪૫ કરોડ**

# આર્થર રોડ જેલમાં ચાર વૉચ ટાવર, મલ્ટિપર્પઝ હોલ

મુંબઈઃ આર્થર રોડ જેલ તરીકે ઓળખાતી મુંબઈ સેન્ટ્રલ જેલમાં ટૂંક સમયમાં ચાર વોચ ટાવર ઊભા કરવામાં આવશે. આ ટાવર બહારની ગતિવિધિઓ પર નજર રાખશે, જેલ તોડવાના પ્રયાસ નિષ્ફળ બનાવશે અને લોકોને જેલની અંદર વસ્તુઓ ફેંકતા અટકાવશે એમ મંગળવારે જારી કરાયેલા એક સરકારી ઠરાવ (જીઆર) માં જણાવાયું છે.

જેકબ સર્કલના ધમધમતા અને ગીચ વસ્તીવાળા વિસ્તાર નજીક આવેલી આ જેલ બે બાજુથી ઝૂંપડપટ્ટીઓથી ઘેરાયેલી છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૨૦૧૫માં જેલની સુરક્ષાનો અભ્યાસ કરવા માટે નિમાયેલી સમિતિએ જેલને જોખમી ગણાવી હતી.

સમિતિએ ઝૂંપડપટ્ટીઓને દૂર કરવાની ભલામણ કરી હતી, પણ એવું થયું નહીં. ત્યારબાદ આસપાસમાં અનેક ઊંચા રહેણાંક બિલ્ડીંગો અને કમર્શિયલ બિલ્ડીંગો પણ બાંધવામાં આવ્યા છે.પરિણામે સુરક્ષાનું જોખમ વધી ગયું છે એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

જીઆર મુજબ રાજ્ય સરકારે આર્થર રોડ જેલ માટે ચાર વોચ ટાવર બનાવવા માટે ૧.૨૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. જેલમાં મલ્ટિપર્પઝ હોલ બનાવવા માટે ₹૨.૮૦ કરોડ મંજૂર કર્યા છે. આર્થર રોડ જેલની ક્ષમતા ૮૦૪ કેદીની છે પણ આ જેલ કેદીઓથી હંમેશાં ઉભરાતી હોય છે અને કોઈપણ સમયે એમાં ૨,૫૦૦ થી (જુઓ પાનું ૪) ▸▸

# એનસીપીનું વિલીનીકરણ કેવળ વાતોના વડાઃ ભાજપ નેતા

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા ચંદ્રકાંત પાટીલે બુધવારે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના બે જૂથના સંભવિત વિલીનીકરણને લગતી અટકળોને નકારી કાઢતાં કહ્યું હતું કે આ બાબતમાં ક્યારેય કશું થયું નથી.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી અને તેમના કાકા શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી) એકત્ર થવા વિશેની અટકળોએ જોર પકડ્યું હતું. વિલીનીકરણનો નિર્ણય એનસીપી (એસપી)નાં કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળે અને અજિત પર લેશે એવી વાત વહેતી થતા અટકળો કરવામાં આવી હતી.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પાટીલે જણાવ્યું (જુઓ પાનું ૪) ▸▸

## બે જૂથોના વિલીનીકરણ અંગે એનસીપી (એસપી)માં કોઈ ચર્ચા નથીઃ અનિલ દેશમુખ

નાગપુરઃ એનસીપી (એસપી)ના વરિષ્ઠ નેતા અનિલ દેશમુખે બુધવારે શરદ પવાર અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળના જૂથો વચ્ચે સંભવિત વિલીનીકરણ અંગેની અટકળોને નકારી કાઢી હતી, ભારપૂર્વક જણાવ્યું હતું કે એનસીપી (એસપી)માં આવી કોઈ ચર્ચા થઈ નથી.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળના એનસીપી અને તેમના કાકા શરદ પવારના નેતૃત્વ હેઠળના એનસીપી (એસપી) વિશેની અટકળો થોડા દિવસો પછી ઝડપથી વધી ગઈ જ્યારે બાદમાં અહેવાલ મુજબ એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખ (જુઓ પાનું ૪) ▸▸

# ગોવંડીમાં ઘરમાંથી છ કરોડનું ડ્રગ્સ પકડાયું

મુંબઈઃ ગોવંડી વિસ્તારમાં પોલીસે એક ઘરમાંથી છ કરોડ રૂપિયાની કિંમતનું મેફેડ્રોન તથા અન્ય ડ્રગ્સ પકડી પાડીને રહેવાસીની ધરપકડ કરી હતી.

મંગળવારે રાતના આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં પકડાયેલા આરોપીની ઓળખ સલમાન શેખ (૨૩) તરીકે થઇ હતી.પોલીસે મળેલી માહિતીને આધારે સલમાન શેખના ઘરે રેઇડ પાડી હતી.

તેના ઘરની તલાશી લેવાતાં છ કરોડનું મેફેડ્રોન, ૨.૪૦ લાખ રૂપિયાનો ગાંજો, ૧૮ હજાર રૂપિયાની કિંમતની કોડીન ફોસ્ફેટ (કોરેક્સ)ની ૩૬ બોટલ તેમ જ ૧.૩૦ કરોડની રોકડ મળી આવી હતી, એમ શિવાજીનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.(પીટીઆઇ)

# ભાવનગર તિરંગામય બન્યું, મોતીબાગ ટાઉન હોલથી શહીદ સ્મારક સુધી તિરંગા યાત્રાનું ઠેર ઠેર પુષ્પવર્ષાથી સ્વાગત કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણીના ભાગરૂપે ભાવનગરમાં કેન્દ્રીય પ્રધાન શ્રીમતી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં મોતીબાગ ટાઉન હોલથી શહીદ સ્મારક સુધી ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. મોતીબાગ ટાઉન હોલ ખાતેથી મંત્રીશ્રીએ ભાવસિંહજીની પ્રતિમાને ફૂલહાર પહેરાવીને તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

સરહદે યુદ્ધની પરિસ્થિતિમાં આતંકીઓને હંફાવનાર વીર જવાનોના શૌર્યને સન્માનવા યોજાયેલી આ તિરંગા યાત્રામાં દેશભક્તિનો માહોલ ઠેર ઠેર જોવા મળ્યો હતો. મોતીબાગ ટાઉન હોલ, રૂપમ ચોક, ખારગેટ, મામાકોઠા રોડ, હલુરિયા ચોક, શહીદ સ્મારક સુધીના રૂટ પર લોકોએ પુષ્પવર્ષા કરીને તિરંગા યાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કર્યું હતું. તિરંગા યાત્રામાં હજારોની સંખ્યામાં નાગરિકો, વિવિધ સંસ્થાના આગેવાનો, એન.સી.સી., સી.આર.પી.એફ. અને પોલીસના જવાનો તેમજ આર્મી, નેવી, એરફોર્સના જવાનો, પૂર્વ સૈનિકો સહિતના ભાવેણાવાસીઓ જોડાયા હતા. શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેના દ્વારા પાકિસ્તાન પર કરાયેલી કાર્યવાહીને બિરદાવવા, ઓપરેશન સિંદૂરની સફળતાના ભાગરૂપે ભાવનગર શહેરમાં યોજાયેલ ભવ્ય તિરંગા યાત્રામાં સિંદૂર ટેન્ક આકર્ષનું કેન્દ્ર બની હતી. આ તિરંગા યાત્રામાં ભાજપના નેતાઓ અને સ્થાનિક આગેવાન સહિત જિલ્લાની વિવિધ સંસ્થાઓ, એનજીઓના અગ્રણીઓ જોડાયા હતા. ■



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

# સુરતના નાગરિકોએ ભારતની એકતા અને અખંડિતતાને બિરદાવીઃ તિરંગા યાત્રાનું આયોજન સફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પહલગામના આતંકી હુમલા બાદ ભારતીય સેનાએ પાકિસ્તાન વિરુદ્ધ ઓપરશન સિંદૂરના સફળ મિશનથી સુરતમાં બુધવારે સાંજે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સુરતના રાજમાર્ગ ઉપર ભાગળથી ચોકબજાર કિલ્લા સુધી વિશાળ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં હજારોની સંખ્યામાં નાગરિકો જોડાઈને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. દેશના સૈનિકોના શૌર્યને બિરદાવ્યું હતું.

ભારતની ત્રણેય પાંખના જવાનોએ એક થઈને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો. મિશન સિંદૂર દ્વારા પાકિસ્તાનમાં ૧૦૦ થી વધુ આતંકીઓને ઠાર માર્યા હતા. દેશના વીર જવાનોના પરાક્રમને બિરદાવવા બુધવારે સાંજે તિરંગા યાત્રા યોજીને ભારતની એકતા અને અખંડિતતાનો સંદેશ આપ્યો હતો. પ્રાપ્ત થતી માહિતી મુજબ સુરતના રાજમાર્ગો ભાગળ ચાર રસ્તાથી શરૂ થઈ હતી. આ રેલી લાલગેટ થઈને ચોકબજાર ચાર રસ્તાના કિલ્લા મેદાનમાં પૂર્ણ થઈ હતી.

આ રેલીમાં ખાસ કરીને મહિલાઓ સિંદૂર પૂરીને યાત્રામાં જોડાઈ હતી. આ સિવાય ટેક્ષટાઈલ્સ માર્કેટના વેપારીઓ, વિદ્યાર્થીઓ, સામાજિક આગેવાનો, શૈક્ષણિક સંસ્થાઓ , વરિષ્ઠ નાગરિકોએ તિરંગા યાત્રામાં જોડાઈને રાષ્ટ્રીય ભાવના, શાંતિ, એકતા અને દેશભક્તિનો સંદેશ આપ્યો હતો. ■

# રાજકોટ માર્કેટિંગ યાર્ડ ફરી ધમધમતા ખેડૂતો અને વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)


(તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

અમદાવાદઃ રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં સાત દિવસ સુધી હડતાળ હોવાથી માર્કેટિંગ યાર્ડનું કામકાજ બંધ રાખવામાં આવ્યું હતું, જ્યારે રાજકોટનું બેડી માર્કેટિંગ યાર્ડ બુધવારથી ફરી ધમધમતું થયું હતું. યાર્ડમાં સવારથી જ જણસીની આવક શરૂ થઈ હતી. લાંબા સમય બાદ હરરાજીની પ્રક્રિયા શરૂ થતાં ખેડૂતો, વેપારીઓ અને એજન્ટોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

થોડા સમય અગાઉ જીરાના કેટલાક વેપારીઓ દ્વારા લગભગ સત્તર કરોડ રૂપિયાનું જીરું લઈને કમિશન એજન્ટો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. આ ઘટનાના વિરોધમાં કમિશન એજન્ટોએ અચોક્કસ મુદતની હડતાળ પાડી હતી. મંગળવારે કમિશન એજન્ટો અને યાર્ડનાં સત્તાધીશોની બેઠક બાદ હડતાળ સમેટી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કમિશન એજન્ટ એસોસિયેશન પ્રમુખ અતુલ કમાણીએ સાત દિવસમાં રૂ. ૨૫૦ કરોડથી વધુનું ટર્નઓવર અટક્યું હોવાનું કહ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, પોલીસે બે દિવસમાં આરોપીઓને ઝડપી પાડ્યા હતા, પરંતુ જ્યાં સુધી પોતાનાં રૂપિયા પરત ન મળે ત્યાં સુધી હડતાળ યથાવત્ રાખવાનો કમિશન એજન્ટો દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બાબતે યાર્ડના સત્તાધીશો તેમ જ કમિશન એજન્ટો વચ્ચે બેઠક યોજાઇ હતી. માર્કેટિંગ યાર્ડ પ્રમુખ જયેશ બોઘરાએ કમિશન એજન્ટોને ત્રણ-ચાર મહિનામાં તેમની રકમ પરત મળી જશે તેવું જણાવ્યું હતું, જેને લઈને કમિશન એજન્ટો દ્વારા બુધવારથી યાર્ડ ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. હડતાળના કારણે ખેડૂતોને તેના માલના વેચાણ માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને કરોડો રૂપિયાનો વેપાર અટકી ગયો હતો.

બેડી માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોઘરાએ તમામ કમિશન એજન્ટોને ખાતરી આપતા જણાવ્યું હતું કે, યાર્ડ વહીવટીતંત્ર હંમેશાં વેપારીઓ અને કમિશન એજન્ટોના હિતોનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી પગલાં લેવામાં આવશે. તેમણે હડતાળ સમેટીને ફરીથી કામ શરૂ કરવા બદલ તમામ કમિશન એજન્ટોનો આભાર માન્યો હતો. યાર્ડ ફરીથી શરૂ થવાથી વેપારીઓ, ખેડૂતો અને કમિશન એજન્ટોએ રાહતનો શ્વાસ લીધો હતો. ■

# ભાવનગરમાં ગરમીનો પારો ઊંચકાતા ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરમાં છેલ્લા એક સપ્તાહમાં કમોસમી વરસાદ બાદ છેલ્લા બે દિવસથી ગરમીનો પારો સતત વધ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી તાપમાનનો પારો ૩૬ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. મહત્તમ તાપમાન ૩૫.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ વધતા ગરમી અને બફારાથી લોકો ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા હતા. છેલ્લા કેટલાક સપ્તાહથી તાપમાનમાં વધ-ઘટ જોવા મળી હતી. ૧૨ મે સોમવારે મહત્તમ તાપમાન ૩૫.૨ ડિગ્રી અને લઘુતમ ૨૬.૫ ડિગ્રી નોંધાયું હતું. ૧૩ મે મંગળવારે મહત્તમ ૩૫.૭ ડિગ્રી અને લઘુતમ ૨૭.૫ ડિગ્રી રહ્યું. ૧૪ મે બુધવારે લઘુતમ તાપમાન ૨૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી સમયમાં માવઠાની આગાહી કરી છે. અગાઉ રાજ્યની સાથે ભાવનગરમાં એક ઈંચથી સાત ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. ■

# જૂનાગઢના સક્કરબાગ ઝૂમાંથી રીંછ દીવાલ કૂદતા સ્થાનિકોમાં ફફડાટ જોવા મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના સક્કરબાગ ઝૂમાંથી એક રીંછ પાંજરામાંથી બહાર ભાગી ગયું હતું. રીંછ ઝાડની ડાળીઓ પર ચડીને પાંજરામાંથી બહાર નીકળીને કસ્તુરબા સોસાયટી સુધી પહોંચી ગયું હતું, જેથી સ્થાનિકોમાં નાસભાગ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર સ્થાનિકોએ રીંછને જોતાં તરત જ વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને રીંછને પકડી પાડી ફરી ઝૂમાં મૂકવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં અગાઉના સમયમાં સિંહ-દીપડાની લટારના બનાવો પણ બન્યા હતા. હાલના સમયમાં રીંછ બહાર નીકળી જતા સક્કરબાગ ઝૂની આસપાસ મજબૂત કાંટાળી દીવાલ અને સુરક્ષા વ્યવસ્થા કરવા સ્થાનિકોએ માગ કરી હતી. જૂનાગઢ શહેરમાં વન્યપ્રાણીઓના નીકળવાની ઘટના સામાન્ય બની છે. લોકોની સલામતી માટે સક્કરબાગ ઝૂની આસાપસ મજબૂત કાંટાળી દીવાલ, ચુસ્ત મોનિટરિંગ અને ટેક્નિકલ સુરક્ષા વ્યવસ્થાઓ અત્યંત જરૂરી બની છે. આવા બનાવ ફરી ન બને તે માટે ઝૂ તંત્ર અને વન વિભાગે સંયુક્ત રીતે કડક પગલાં લેવા જોઈએ. ■


રાજકોટમાં બહુમાળી ભવન ખાતે જાતિના દાખલા અને નોન-ક્રિમિલેયર મેળવવા માટે અરજદારોની લાંબી કતારો લાગી હતી, વહીવટી તંત્ર દ્વારા અરજદારો માટે કૂલર, પાણી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી... (તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

# જામનગરના રંગમતી-નાગમતી નદી પર રિવરફ્રન્ટ બનાવવાની રજૂઆતને મુખ્ય પ્રધાને આપી લીલી ઝંડીઃ ૧૨૫ કરોડની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર શહેરમાં ઘણાં વર્ષોથી રિવરફ્રન્ટ માટે રજૂઆતો કરવામાં આવતી હતી. જેના અનુસંધાને જામનગર શહેરના સાંસદ, ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી, પ્રભારી મંત્રી, તમામ ધારાસભ્યો, જામનગર શહેરના મેયર, કોર્પોરેશનના પદાધિકારીઓ વગેરે દ્વારા અનેક વખત ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાનને રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતને મુખ્ય પ્રધાને મંજૂરી આપી હતી.

ગુજરાત સરકાર દ્વારા આ રજૂઆતને હકારાત્મક પ્રત્યુત્તર મળ્યો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે રંગમતી રિવર રિજુવિનેશન પ્રોજેક્ટ અંતર્ગત કુલ રૂ. ૧૨૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટના પ્રારંભિક તબક્કાના કામો માટે રૂ. ૨૫ કરોડની રકમની મંજૂરી આપવામાં આવી છે. રિવરફ્રન્ટ અંગેની રજૂઆતને મંજૂર કરવા માટે રાજકારણીઓએ તેમજ અગ્રણીઓએ ગુજરાતના મુખ્ય પ્રધાનનો આભાર માન્યો હતો.

આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરની રંગમતી-નાગમતી નદીઓની પહોળાઈ તેમજ ઊંડાઈ પણ વધારવામાં આવશે તેમજ આ બન્ને નદીઓને પોતાના મૂળ સ્વરૂપે લઈ આવવા માટે પ્રયાસ પણ કરવામાં આવશે. પ્રથમ તબક્કાનું કામ ચોમાસા સુધીમાં પૂર્ણ થઈ જાય તેવી રીતે કામગીરી હાથ ધરવામાં આવશે. ■

# ખંભાળિયાના બજાણામાં વીજ થાંભલો ધરાશાયી થતાં ત્રણ શ્રમિકનાં મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખંભાળિયાના બજાણા ગામમાં વીજ થાંભલા નાખવાની કામગીરી ચાલતી હતી. આ સમય દરમિયાન કોન્ટ્રાક્ટર પેઢીના શ્રમિકો કામ કરતા હતા. તે સમયે એક થાંભલો ધડાકા સાથે ધરાશાયી થતાં તેની નીચે બે પરપ્રાંતિય શ્રમિક દબાઈ જતા મૃત્યુ પામ્યા હતા અને ત્રણ શ્રમિકને ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત એક શ્રમિકનું પણ સારવાર દરમ્યાન મોત થયું હતું. આ ઘટનામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ખંભાળિયા તાલુકાના બજાણા ગામ પાસે વિન્સોલ નામની કોન્ટ્રાક્ટર કંપની દ્વારા વીજપોલ ઊભા કરવાનો કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો. બજાણામાં મહાકાય વીજ પોલ ઊભો કરવાની કામગીરી ચાલતી હતી ત્યારે અચાનક વીજપોલ પડતા શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનામાં મૂળ પશ્ચિમ બંગાળના ધમુઆ ગામના વતની તન્મય પ્રિયરંજન મુર્મૂ (ઉ.વ.૨૫) તથા ઈસ્તારુન માજેદ શેખ (ઉ.વ.૨૧) નામના બે શ્રમિકનાં મોત થયા હતા. તેમ જ ૨૨૦ કિલો વોટ ઈલેક્ટ્રિક લાઈન જેના પરથી પસાર કરવાની હતી તે ટાવર ધડાકાભેર ધરાશાયી થતાં અન્ય ત્રણ શ્રમિક પણ ઘવાયા હતા. આ બનાવને લઈને અનેક પ્રશ્નો ઊભા થયા છે, જેમ કે, શ્રમિકોને નિયમ મુજબ સુરક્ષાના સાધનો, વીમો, રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું કે નહીં તે તપાસનો વિષય બન્યો છે. આ બનાવની ખંભાળિયાના પીઆઈ બી.જે. સરવૈયા તથા સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરાઈ છે. ■

# પાકિસ્તાન આર્મીની ટેન્કોને દર્શાવતી ઈન્સ્ટાગ્રામ રીલને લાઈક કરવા બદલ નારાયણ સરોવરના યુવક સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આતંકીઓના ગઢ સમાન પાકિસ્તાન વિરુદ્ધ ભારતે શરૂ કરેલા ઓપરેશન સિંદૂર અને ઓપરેશન કેલરને કારણે આ બે પાડોશી દેશો વચ્ચે ઊભી થયેલી અત્યંત સંવેદનશીલ પરિસ્થિતિ વચ્ચે ભારતના નાગરિકોને સોશિયલ મીડિયાનો સંયમપૂર્વક ઉપયોગ કરવાની અપીલ વારંવાર કરાઈ રહી છે તેવામાં પાકિસ્તાની આર્મીની ટેન્કોને દર્શાવતી ઇન્સ્ટાગ્રામ વીડિયો રીલને લાઈક કરવા બદલ કચ્છના નારાયણ સરોવરમાં રહેતા અબ્દુલ રઝાક સોઢા નામના વધુ એક પાકિસ્તાન પ્રેમી એવા ૨૧ વર્ષીય યુવક વિરુદ્ધ સાઈબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધ્યો હતો.

એક પાકિસ્તાની નાગરિકે તેના ઇન્સ્ટાગ્રામ પર એક રીલ પોસ્ટ કરી હતી જેમાં પાકિસ્તાની ઝંડાના ચિહ્નવાળી આ રીલમાં પાકિસ્તાની આર્મીની ટેન્કો લડવા માટે જતી હોવાના દ્રશ્યો હતાં. ગત ૮ મેના રોજ કચ્છના નારાયણ સરોવરમાં રહેનારા અબ્દુલે આ રીલને લાઈક કરી હતી. અબ્દુલની આ હરકત રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને ગેરમાર્ગે દોરે તેવી હોવાનું જણાવીને ભુજ સાઈબર ક્રાઈમ પોલીસે તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ સરકાર તરફે ફરિયાદ દાખલ કરી હતી.

‘ઓપરેશન સિંદૂર’ હેઠળ ભારતીય સૈનિકો દ્વારા પાકિસ્તાન સામેની લડાઈમાં દાખવવામાં આવેલી શૌર્યતાને વંદન કરવા રાજકોટમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.. (તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)




# અંજારની કુખ્યાત વ્યાજખોર ગોસ્વામી ભાઈ-બહેનોની ત્રિપુટીની મિલકતોને ગુજસીટોકના કાયદા હેઠળ જપ્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અંજારમાં ગેરકાયદેસર વ્યાજખોરી અને પઠાણી ઉઘરાણી કરીને મજબૂર લોકોનું જીવન દોહ્યલું બનાવનારી નામચીન ગોસ્વામી બહેનો-બંધુની ત્રિપુટીની ગુનાહિત પ્રવૃત્તિમાંથી વસાવેલી તમામ સ્થાવર-જંગમ મિલકતોને ગૃહ વિભાગે આપેલી મંજૂરી બાદ ગુજસીટોક કાયદાની જોગવાઈ તળે પોલીસે ટાંચમાં લીધી હતી.

અંજાર વિસ્તારના પી.આઈ. એ.આર. ગોહિલે આ અંગે જણાવ્યું હતું કે, આરોપી રિયા ઈશ્વર ગોસ્વામીની માલિકીની એક મહિન્દ્રા સ્કોર્પિયો કાર, મેઘપર બોરીચીમાં આવેલો અંદાજે અઢી લાખનો પ્લોટ, આરતી ગોસ્વામીના નામે અંજારના દેવનગર (રેવન્યૂ સર્વે નં. ૬૬૮)માં નોંધાયેલો ૬.૪૫ લાખનો પ્લોટ અને તેમની માતા તારાબેનના નામે મેઘપર બોરીચીના આશાપુરા નગરમાં લેવાયેલો ૬૦ હજારની કિંમતનો પ્લોટ મળી કુલ ત્રણ પ્લોટ અને એક કાર મળી અંદાજે ૨૪.૩૭ લાખના મૂલ્યની ચલ અચલ સંપત્તિ ટાંચમાં લેવાઈ છે. રીયા સામે વર્ષ ૨૦૨૦થી અત્યારસુધીમાં ગેરકાયદે ઊંચા વ્યાજે નાણાં ધીરધાર, પઠાણી ઉઘરાણી અંતર્ગત ધાક-ધમકી, હુમલા, માનસિક યાતના આપી મરવા મજબૂર કરવા સબબની બે ફરિયાદો સહિત દસથી વધુ ફરિયાદો નોંધાયેલી છે. આરતી અને તેમના ભાઈ તેજસ સામે પણ સાતથી વધુ ગુના નોંધાયેલાં છે.

ગત તા.૩૧-૦૭-૨૦૨૪ના રોજ ત્રણે ભાઈ બહેનો સામે અંજારની એક મહિલાએ નોંધાવેલી ફરિયાદને ગંભીરતાથી લઈને રેન્જ આઈ.જી. ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ એસ.પી સાગર બાગમારે આપેલી સૂચનાના આધારે અંજાર પોલીસની મદદથી ત્રણે ભાઈ બહેનોની ગુનાહિત કુંડળી કાઢીને ત્રણે જણ ‘સંગઠિત ગેંગ’ તરીકે ગુના આચરતા હોવા સબબ ૦૬-૦૯-૨૦૨૪ના રોજ ‘ગુજસીટોક’નો ગુનો નોંધીને ત્રણેને જેલભેગા કરી દીધાં હતાં. ત્યારબાદ આ ત્રિપુટીએ મજબૂર લોકો પાસેથી એકઠાં કરેલાં ૩૯ વાહનો, ૩ લાખ રોકડા અને કોરા ચેક્સ ગુના કામે જપ્ત કર્યાં હતાં. ગુજસીટોકમાંથી માંડ બહાર આવ્યાં બાદ ગત તા.૨૬-૦૨-૨૦૨૫ના રોજ ત્રણે ભાઈ-બહેનો સામે પાસા તળે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું ગોહિલે ઉમેર્યું હતું. ■

# શૅરબજારમાં ટ્રેડિંગના નામે આદિપુરના વ્યક્તિ સાથે ૩૯.૯૦ લાખની ‘ઓનલાઈન’ ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જાણીતી ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓના નામે સાઈબર ઠગો દ્વારા ડેવલોપ કરેલા મોબાઈલ એપ અને વેબસાઈટ મારફતે રોકાણકારોને શૅરબજારમાં ઊંચું વળતર મળવાની લાલચ આપીને લાખ્ખો રૂપિયાનું રોકાણ કરાવીને આ ઓનલાઈન સાઈબર ગઠિયાઓએ આદિપુરના એક વ્યક્તિ સાથે ૩૯.૯૦ લાખની છેતરપિંડી આચરી હોવાનો બનાવ બહાર આવતાં ચકચાર પ્રસરી હતી.

મૂળ કોલકાતાના અને હાલે આદિપુર શહેરના અર્બુદા નગરમાં રહેતા ૫૧ વર્ષીય સંદિપ મુખરજીએ સાઈબર પોલીસને જણાવ્યું હતું કે, તે વરસાણા પાસે આવેલા એક ઔદ્યોગિક એકમમાં સિનિયર એચઆર મેનેજર તરીકે નોકરી કરે છે.તેઓ શૅરબજારમાં ટ્રેડિંગ કરતા હોઈ તેમણે ગત ઓગસ્ટ માસમાં ગૂગલ પર ઊંચા વળતર મેળવી આપતી ઇન્વેસ્ટમેન્ટ કંપની વિશે જાણવા માટે સર્ચ કર્યું હતું. ત્યારબાદ તેમને રાશિ ગુપ્તા નામની મહિલાનો ફોન આવ્યો હતો જેમાં પોતે સિટાડેલ સિક્યોરિટીઝ નામની ઈન્વેસ્ટમેન્ટ કંપનીમાંથી હોવાનું કહી, વિશ્વાસ કેળવી ઈન્ટ્રા-ડે ટ્રેડિંગ કેમ કરવું તે અંગે માહિતી આપી હતી.

ખાતરી કરવા માટે સંદીપને કંપનીની વેબસાઈટની યુઆરએલ એટલે કે ઍડ્રેસ આપ્યું હતું. ફરિયાદીએ એ વેબસાઈટ પર એકાઉન્ટ બનાવી, નવેમ્બર માસ સુધીમાં જુદાં જુદાં ટ્રાન્ઝેક્શન થકી નાણાંનું રોકાણ કર્યું હતું. આ દરમ્યાન રાશિ ગુપ્તાએ કંપનીની મોબાઈલ એપ ડાઉનલોડ કરાવી એક વોટસએપ ગ્રૂપમાં પણ એડ કર્યા હતા. રોકાણ સામે મળેલા નફાની જમા રકમને ઉપાડવા જતાં તેમને મેનેજમેન્ટ ફી પેટે ૧૧ લાખ રૂપિયા જમા કરાવવાનો સંદેશ આવતાં શંકા જતાં તેમણે ગત તા. ૨૮-૧૧-૨૦૨૪ના રોજ ઓનલાઈન સાઈબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ એન્જલ વન સિક્યોરિટીઝ નામની અન્ય એક કહેવાતી ઈન્વેસ્ટમેન્ટ કંપનીમાંથી અગાઉ જેમ જ અજાણી મહિલાની ફોન પર થયેલી વાતચીત પર ભરોસો કરીને ફરિયાદીએ ફરી પોતાના સહ કર્મચારી સંદિપ યાદવ સાથે મળીને ઈન્વેસ્ટમેન્ટ અને ટ્રેડિંગ શરૂ કર્યું હતું. નફાની રકમને ઉપાડવાનો પ્રયાસ કરતાં કમિશનનો સંદેશ આવતાં આ કંપનીએ પણ પોતે છેતરાયા હોવાનો ખ્યાલ આવી જતાં ઓનલાઈન પોર્ટલ પર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રાશિ ગુપ્તા, મીની નાયર અને શ્યામ રંજન નામના શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ■

# સુરતના કતાર ગામમાં જ્વેલરી કંપનીનું ૧૮ કરોડનું ફૂલેકુંઃ વેપારીઓના રૂપિયા ફસાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કતાર ગામમાં જ્વેલરી કંપનીએ ઉઠમણું કર્યું હતું. જ્વેલરી કંપનીએ ૧૮ કરોડનું ફૂલેકું કરી વેપારીઓના કરોડો રૂપિયા ફસાયા હતા. આ કંપની વેપારીઓને જ્વેલરી જોબવર્ક કરી આપતી હતી. હીરા બજારમાં મંદીના માહોલ વચ્ચે રત્ન કલાકારોની હાલત ખરાબ થઈ છે. હીરાની જ્વેલરી તૈયાર કરતી કતારગામની એક જ્વેલરી કંપનીએ ૧૮ કરોડથી વધુની રકમનું ફૂલેકું કાઢતા લેણદારોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. આ બનાવમાં સુરતના હીરા વેપારીઓના સાત કરોડ, દિલ્હી અને ઉતર ભારતના વેપારીઓના પાંચ કરોડ ફસાયા છે. આ સિવાય અન્ય લોકોના નાણાં પણ સલવાયા હોવાની વાત જાણવા મળી હતી. જ્વેલરી જોબવર્કથી બનાવી આપતી કંપની સાથે જોડાયેલા વેપારીઓ છેલ્લા કેટલાક સમયથી નાણાભીડનો સામનો કરતા હતા. ■